પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

અબતક

સાંધ્ય દૈનિક

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૨
તા. ૨૩-૪-૨૦૨૬, ગુરૂવાર
વર્ષઃ ૧૫, અંક : ૪૦

Price Rs.:4 ABATAK-RAJKOT ☎ 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

સુવિચાર

કોઈને આપી શકાય તેવી શ્રેષ્ઠ ભેટ તેમની જરૂરિયાત પર આપણી હાજરી...

હોમ ડીલીવરી મળશે
અપ્પુ ચણાદાળ
દયાલ દાલ મો.98242 00970
હંસા પ્રોવિઝન
લાલાભાઈ - પ્રદીપભાઈ
સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર મેઈન રોડ રાજકોટ
મો.9429189105

સત્તા વિરોધી જુવાળ કેસરીયાને ફાયદો કરશે?

પ.બંગાળ-તામિલનાડુની ૩૮૬ વિધાનસભા બેઠકનું ૧૧ વાગ્યા સુધીમાં ૩૨ ટકા જેવું જંગી મતદાન

સ્ટાલિનને પછાડવા એઆઈએડીએમકેનો સાથ ભાજપને ફળશે?: તમિલનાડુમાં ૨૩૪ વિધાનસભા બેઠકો માટે એક જ તબક્કામાં મતદાન, જ્યારે બંગાળમાં બાકીની ૧૪૨ બેઠકો માટે મતદાન બીજા તબક્કામાં ૨૯ એપ્રિલે થશે, પરિણામો ૪ મેએ જાહેર કરવામાં આવશે

અબતક, રાજકોટ

પશ્ચિમ બંગાળ અને તમિલનાડુમાં આજે વહેલી સવારથી જ વિધાનસભા ચૂંટણી ૨૦૨૬ માટે મતદાન પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. પશ્ચિમ બંગાળમાં આજે પ્રથમ તબક્કા હેઠળ ૧૫૨ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે, જ્યારે તમિલનાડુની તમામ ૨૩૪ બેઠકો પર એકસાથે વોટિંગ શરૂ થયું છે. સવારથી જ મતદાન કેન્દ્રો પર મતદારોની લાંબી કતારો જોવા મળી રહી છે.

તમિલનાડુ અને પશ્ચિમ બંગાળમાં વિધાનસભા ચૂંટણી માટે આજે મતદાન ચાલી રહ્યું છે. બંને રાજ્યોમાં વહીવટીતંત્ર ઉચ્ચ સતર્કતા પર છે. તમિલનાડુમાં, બધી ૨૩૪ વિધાનસભા બેઠકો માટે એક જ તબક્કામાં મતદાન થઈ રહ્યું છે, જેમાં કુલ ૪,૦૨૩ ઉમેદવારો ચૂંટણી લડી રહ્યા છે.

મુખ્ય સ્પર્ધા દ્રવિડ મુનેત્ર કઝગમ અને ઓલ ઈન્ડિયા અન્ના દ્રવિડ મુનેત્ર કઝગમના નેતૃત્વ હેઠળના ગઠબંધનો વચ્ચે છે. મુખ્ય ઉમેદવારોમાં કોલાથુરથી મુખ્યમંત્રી એમ.કે. સ્ટાલિન, એડાપ્પડીથી એડાપ્પડી કે. પલાનીસ્વામી, પેરામ્બુર અને ત્રિચી પૂર્વથી સી. જોસેફ વિજય અને કરાઈકુડીથી સીમનનો સમાવેશ થાય છે.દરમિયાન, પશ્ચિમ બંગાળમાં, પ્રથમ તબક્કામાં ૧૬ જિલ્લાઓની ૧૫૨ બેઠકો પર મતદાન થઈ રહ્યું છે, જ્યાં તૃણમૂલ કોંગ્રેસ, ભારતીય જનતા પાર્ટી અને ડાબેરી-કોંગ્રેસ ગઠબંધન વચ્ચે ત્રિ-માર્ગીય સ્પર્ધા ચાલી રહી છે. દક્ષિણ

ભારતના મહત્વના રાજ્ય એવા તમિલનાડુમાં મુખ્યત્વે શાસક પક્ષ ડીએમકેના નેતૃત્વવાળા સેક્યુલર પ્રોગ્રેસિવ એલાયન્સ તથા એઆઈએડીએમકેના નેતૃત્વવાળા એનડીએના ઉમેદવારો વચ્ચે જંગ ખેલાઈ રહ્યો છે. ભાજપ અને એઆઈએડીએમકેનું ગઠબંધન રાજ્યમાં ૧૫ વર્ષનો સત્તાનો વનવાસ પૂરો કરવા પૂરજોશમાં પ્રયાસ કરી રહ્યાં છે. રાજ્યના કુલ ૫.૭૩ કરોડ મતદારો ૨૩૪ બેઠકો

(અનુ. આઠમા પાને)

બંગાળના મુર્શિદાબાદમાં મતદાન દરમિયાન દેશી બોમ્બ ફેંકાયો, અનેક મતદારો ઘાયલ

પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીના પહેલા તબક્કા માટે મતદાન ચાલી રહ્યું છે. આ દરમિયાન મુર્શિદાબાદ જિલ્લાના નૌદા વિસ્તારમાં હિંસાની ઘટના સામે આવી છે. મતદાન દરમિયાન અજાણ્યા વ્યક્તિઓએ કથિત રીતે દેશી બોમ્બ ફેંક્યા હતા. આ હુમલાથી વિસ્તારમાં ગભરાટ ફેલાયો હતો અને અનેક લોકો ઘાયલ થયા હતા. ઘાયલોને તાત્કાલિક નજીકની હોસ્પિટલો અને તબીબી કેન્દ્રોમાં દાખલ કરવામાં આવ્યા હતા. જોકે, ઘાયલોની ચોક્કસ સંખ્યા અને તેમની સ્થિતિ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન જારી કરવામાં આવ્યું નથી.

“ ટ્રમ્પનું ખુલજા સીમ... સીમ... !!! ”

સ્ટ્રેટ ઓફ હોર્મુઝ ખોલવા માટે ધમપછાડા કરનાર આજે બંધનું “ટ્રમ્પ કાર્ડ” ઉપયોગ કરે છે

૯૦% વિદેશી વેપાર ઠપ્પઃ ભૂખમરો અને મોંઘવારીના મોરચે ઈરાનને પછાડવાની ટ્રમ્પની ચાલ

૭૨ કલાકમાં ઈરાન સાથેની બેઠકની ટ્રમ્પની હૈયાધારણાં

એક તરફ ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડે હોર્મુઝની સામુદ્રધુનીમાં હિંસક કાર્યવાહી કરી બે જહાજો જપ્ત કર્યા છે, ત્યારે બીજી તરફ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે આક્રમક વલણ છોડીને શાંતિ મંત્રણાના સંકેત આપ્યા છે. આટલા ગંભીર હુમલા છતાં, ટ્રમ્પે પાકિસ્તાનની મધ્યસ્થી અને વિનંતીને સ્વીકારીને યુદ્ધવિરામની મુદત અનિશ્ચિતકાળ માટે લંબાવી દીધી છે. ન્યૂયોર્ક પોસ્ટના અહેવાલ મુજબ, ટ્રમ્પે આશા વ્યક્ત કરી છે કે આગામી ૩૬ થી ૭૨ કલાકમાં (શુક્રવાર સુધીમાં) બંને દેશો વચ્ચે બીજા રાઉન્ડની મંત્રણા શરૂ થઈ શકે છે .

ઈંધણની રામાયણમાં વધુ 30 દિવસ રશિયાથી ફૂડ ખરીદવાની છૂટ આપતું અમેરિકા

વૈશ્વિક બજારમાં તેલની તંગી અને વધતા ભાવને રોકવા માટે અમેરિકાએ રશિયન તેલ પરના પ્રતિબંધોમાં ૩૦ દિવસની રાહત વધારી છે. હવે ભારત સહિતના દેશો ૧૬ મે, ૨૦૨૬ સુધી રશિયા પાસેથી ફૂડ ઓઈલ ખરીદી શકશે. પશ્ચિમ એશિયામાં યુદ્ધના કારણે તેલ પુરવઠામાં જે અવરોધ હતો, તેમાં ભારતને મોટી રાહત મળી છે ભારત સહિત ૧૦ દેશોની વિનંતી અને 'હોર્મુઝની ખાડી'ના સંકટને ધ્યાને રાખી ટ્રમ્પ પ્રશાસને આ નિર્ણય લીધો છે.

અત્યાર સુધી ઈરાન 'હોર્મુઝની ગલી' બંધ કરવાની ધમકી આપીને દુનિયાને ડરાવતું હતું, પણ ડોનાલ્ડ ટ્રમ્પે તો આખું 'બારણું' જ બહારથી વાસી દીધું છે! જે હોર્મુઝને ખુલ્લું રાખવા અમેરિકા કાલાવાલા કરતું હતું, આજે એ જ અમેરિકાએ ઈરાનના તમામ બંદરો પર નૌકાદળનો એવો મજબૂત 'પહેરો' ગોઠવી દીધો છે કે ઈરાનનું અર્થતંત્ર ગૂંગળાઈ રહ્યું છે. આને કહેવાય સેરે લપેટ સવા શેર!

અમેરિકા અને ઈરાન વચ્ચેની શાંતિ વાટાઘાટો નિષ્ફળ ગયા બાદ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન વિરુદ્ધ અત્યાર સુધીનું સૌથી આક્રમક પગલું ભર્યું છે. ઈરાને સ્ટ્રેટ ઓફ હોર્મુઝ પરથી નાકાબંધી હટાવવાની જાહેરાત કરી હોવા છતાં, અમેરિકાએ ઈરાનના પોતાના બંદરો પર જ દરિયાઈ કિલ્લેબંધી ચાલુ રાખી છે.

ઈરાનનો ૯૦% વેપાર આ

(અનુ. આઠમા પાને)

ઈંધણથી પણ વધુ ખતરનાક “ખતરો” ભારત પર તોળાઈ રહ્યો છે

‘ન કરે નારાયણ’ જો કેબલ કટ થયો તો નેટની સ્પીડ સાથે આર્થિક વ્યવહારો ઠપ્પ થઈ જશે

વર્ષોથી આપણે માનતા આવ્યા છીએ કે પર્શિયન ગલ્ફ અને હોર્મુઝની સામુદ્રધૂની માત્ર ફૂડ ઓઈલ માટે મહત્વની છે, પરંતુ હવે એક એવો ખતરો સામે આવ્યો છે જે ઈંધણની અછત કરતા પણ વધુ ભયાનક સાબિત થઈ શકે છે. ઈરાનના રિવોલ્યુશનરી ગાર્ડ દ્વારા સમુદ્રની નીચે રહેલા ઈન્ટરનેટ કેબલ્સને નુકસાન પહોંચાડવાની મળેલી ધમકીએ ભારત સહિત સમગ્ર વિશ્વની ઊંઘ ઉડાડી દીધી છે.ભારત આજે વિશ્વનું ડિજિટલ હબ છે. જો હોર્મુઝની સામુદ્રધૂનીમાં આ કેબલ્સ કપાય છે, ભારતનો ૩૦ ટકા

(અનુ. આઠમા પાને)

જે પોષતુ તે મારતું !

માથાના દુખાવા સમાન ન્યુકિલયર એનર્જી વેસ્ટ માટે ફિનલેન્ડે ભૂગર્ભમાં ૪૦૦ મીટર ઊંડે બંકર બનાવ્યું

પરમાણુ કચરાને હજારો વર્ષો સુધી સુરક્ષિત રાખવા માટે જમીનની નીચે ૧.૯ અબજ વર્ષ જૂના ખડકોમાં ખાસ ભોંયરૂ તૈયાર કરાયું

અબતક, નવી દિલ્હી

જે પોષતુ તે મારતું આ ઉક્તિ મુજબ જેમ પ્લાસ્ટિક અત્યારે વપરાશમાં જરૂરી બન્યું છે તેમ જે ઘાતક પણ બન્યું છે. બીજી તરફ ન્યુકિલયર એનર્જી પણ આ જ રીતે જરૂરી પણ બની છે પણ તેનો વેસ્ટ માથાના દુખાવા સમાન છે.ફિનલેન્ડ પરમાણુ ઊર્જાના ઈતિહાસમાં સૌથી મહત્વપૂર્ણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાંથી એક શરૂ કરવાની તૈયારીમાં છે. ઓલ્કિલુઓટો ટાપુની નીચે

૧ લાખ વર્ષ લાંબી સુરક્ષા પાછળનું વિજ્ઞાન

આ સુવિધા ૧૦૦૦૦૦ વર્ષ સુધી સુરક્ષિત રહેવી જોઈએ, જેના માટે એન્જિનિયરિંગ અને ભૂસ્તરશાસ્ત્રીય વિજ્ઞાનનો અદભૂત સમન્વય કરવામાં આવ્યો છે. સંશોધકોએ તાંબાના કાટ લાગવાના દરથી લઈને હિમયુગના ચક્રો સુધીની દરેક બાબતોનો અભ્યાસ કર્યો છે જે હજારો વર્ષો પછી જમીનની સંરચનાને બદલી શકે છે. આ પ્રોજેક્ટ 'પેસિવ સેફ્ટી' પર આધારિત છે, એટલે કે એકવાર સીલ કર્યા પછી તેને કોઈ માનવીય હસ્તક્ષેપ કે દેખરેખની જરૂર રહેશે નહીં. વૈજ્ઞાનિકોએ ભૂગર્ભજળની હિલચાલ, ભૂકંપની ગતિવિધિઓ અને આબોહવા પરિવર્તનના લાંબા ગાળાના મોડલ પણ તૈયાર કર્યા છે જેથી ભવિષ્યની કોઈપણ પરિસ્થિતિમાં કિરણોત્સર્ગી સામગ્રી સુરક્ષિત રીતે સંગ્રહિત રહે.

જમીનમાં ખૂબ ઊંડે એક કાયમી ભોંયરું બનાવવામાં આવ્યું છે, જે અત્યંત કિરણોત્સર્ગી (રેડિયોએક્ટિવ) કચરાને હજારો વર્ષો સુધી સંગ્રહિત કરવા

૪૦૦ મીટર અંડરગ્રાઉન્ડ શા માટે?

પ્લાન્ટની સુરક્ષા માટે તેની ઊંડાઈ ખૂબ જ નિર્ણાયક છે. જમીનની નીચે લગભગ ૪૦૦ મીટરના અંતરે આવેલી આ સુવિધા સપાટી પરના જોખમો જેમ કે ખરાબ હવામાન, માનવીય પ્રવૃત્તિઓ અને પર્યાવરણીય વિક્ષેપોથી સંપૂર્ણપણે દૂર છે. આસપાસના ખડકો અબજો વર્ષોથી સ્થિર છે, જે તેને સૌથી વિશ્વસનીય કુદરતી અવરોધોમાંથી એક બનાવે છે. ભૂગર્ભની પરિસ્થિતિઓ ઓક્સિજન અને પાણીના પ્રવાહને પણ મર્યાદિત કરે છે, જે સમય જતાં સામગ્રીના બગાડને ઝડપી બનાવી શકે છે. આ ઊંડાઈ માત્ર વર્તમાન પેઢીઓ માટે જ નહીં, પરંતુ દૂરના ભવિષ્યના સમાજો માટે પણ રક્ષણ પૂરું પાડે છે જે કદાચ દટાયેલા પરમાણુ કચરાના જોખમોને સમજતા પણ ન હોય.

માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે. આ સુવિધા પરમાણુ શક્તિના શરૂઆતના દિવસોથી સતાવી રહેલા પ્રશ્નનો લાંબા સમયથી રાહ જોવાતો જવાબ છે. આબોહવા પરિવર્તનના લક્ષ્યાંકો અને વીજળીની વધતી માંગને પહોંચી વળવા દેશો પરમાણુ ઊર્જા તરફ પાછા ફરી રહ્યા

(અનુ. આઠમા પાને)

ઈરાન-અમેરિકા યુદ્ધે ખાતરના ભાવ બમણાં કરી દીધા

ઈન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા ૨.૫ મિલિયન ટન યુરિયા ખરીદવા માટે પ્રક્રિયા હાથ ધરાઈ, પશ્ચિમ અને પૂર્વ કિનારે અલગ-અલગ ભાવે ખાતરની ડિલિવરી થશે

અબતક, નવી દિલ્હી

વિશ્વમાં યુરિયાના સૌથી મોટા આયાતકાર ભારતે મિડલ ઈસ્ટમાં ચાલી રહેલા સંઘર્ષને કારણે સર્જાયેલી અછત વચ્ચે અગાઉના ટેન્ડર કરતા ઘણા ઊંચા ભાવે ખાતર ખરીદવાની તૈયારી દર્શાવી છે.

અમેરિકા-ઈઝરાયેલ દ્વારા ઈરાન પર થયેલા હુમલા બાદ ભારતની આ પ્રથમ મોટી ખરીદી છે. આગામી ચોમાસાની ઋતુમાં ચોખા, મકાઈ અને સોયાબીન જેવા પાકોની વાવણી પહેલાના મહત્વના સમયમાં આ નિર્ણય લેવામાં આવ્યો છે.

સરકાર વતી ખાતરની આયાત કરતી સંસ્થા ઈન્ડિયન પોટાશ લિમિટેડ દ્વારા ૨.૫ મિલિયન ટન યુરિયા ખરીદવામાં આવશે. મળતી માહિતી મુજબ, પશ્ચિમ કિનારે ૧.૫ મિલિયન ટન યુરિયા ૯૩૫ ડોલર પ્રતિ ટનના ભાવે અને પૂર્વ કિનારે ૧ મિલિયન ટન યુરિયા ૯૫૯ ડોલર પ્રતિ ટનના ભાવે મેળવવામાં આવશે. આ ૨.૫ મિલિયન ટનનું ટેન્ડર હજુ સત્તાવાર રીતે ફાળવવામાં આવ્યું નથી, પરંતુ ગુરુવાર સુધીમાં તેને મંજૂરી મળી જવાની સંભાવના છે.

યુદ્ધ શરૂ થતા પહેલા ભારતે જે ભાવે ખરીદી માટે સહમતી દર્શાવી હતી તેના કરતા આ નવા ભાવ લગભગ ૯૦% જેટલા વધારે છે. ગ્રીન માર્કેટ્સના ડેટા અનુસાર, યુદ્ધ પહેલા મિડલ ઈસ્ટમાંથી યુરિયા ૪૯૦ ડોલર પ્રતિ ટનના ભાવે મળતું હતું. ગયા અઠવાડિયે ૨૪ થી વધુ કંપનીઓએ ૯૩૫ થી ૧૧૩૬ ડોલર પ્રતિ ટન સુધીના અલગ અલગ ભાવ સાથે પોતાના પ્રસ્તાવ રજૂ કર્યા હતા.

ભારતમાં યુરિયાનું ઉત્પાદન કુદરતી ગેસ પર નિર્ભર છે અને તે મોટેભાગે મિડલ ઈસ્ટમાંથી આવે છે. હોર્મુઝની સામુદ્રધુની બંધ

(અનુ. આઠમા પાને)

નવા આઈટીઆર -૪માં જો આવક દર્શાવવાનું ચુકી ગયા તો ૨૦૦ ટકા સુધી પેનલ્ટી ભરવી પડશે

પ્રિઝમ્પ્ટિવ ટેક્સ સ્કીમ હેઠળ હવે રોકાણની વિગતો આપવી ફરજિયાતઃ નાના વેપારીઓ અને પ્રોફેશનલ્સ દ્વારા થતી કરચોરી રોકવા આવકવેરા વિભાગની લાલ આંખ

અબતક, અમદાવાદ

આવકવેરા વિભાગ દ્વારા કરચોરી પર લગામ કસવા માટે એક મહત્વપૂર્ણ ફેરફાર કરવામાં આવ્યો છે. આ વર્ષે પ્રિઝમ્પ્ટિવ ટેક્સ સ્કીમ પસંદ કરતા નાના વેપારીઓ અને પ્રોફેશનલ્સે તેમના ઈન્કમ ટેક્સ રિટર્નમાં રોકાણની વિગતો જાહેર કરવી પડશે. સેન્ટ્રલ બોર્ડ ફોર ડાયરેક્ટ ટેક્સીસ દ્વારા તાજેતરમાં બહાર પાડવામાં આવેલા આઈટીઆર-૪ (સુગમ) ફોર્મમાં આ નવી શરત ઉમેરવામાં આવી છે. આ પગલાંનો મુખ્ય ઉદ્દેશ્ય ટેક્સની ચોરી અટકાવવાનો અને નાણાકીય વ્યવહારો પર વધુ કડક નજર રાખવાનો છે.

આ નવો નિયમ ૨ કરોડ રૂપિયા સુધીનું ટર્નઓવર ધરાવતા વેપારીઓ અને ૭૫ લાખ રૂપિયા સુધીની ગ્રોસ આવક ધરાવતા પ્રોફેશનલ્સ જેવા કે ડોક્ટર્સ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, વકીલો, આર્કિટેક્ટ્સ અને કન્સલ્ટન્ટ્સને લાગુ પડશે. પ્રિઝમ્પ્ટિવ ટેક્સ સ્કીમ હેઠળ નાના કરદાતાઓને બુકકીપિંગ અને ઓડિટમાંથી મુક્તિ મળે છે. જેમાં વ્યવસાયોએ ડિજિટલ માધ્યમથી થતી આવક પર ૬% અને રોકડ આવક પર ૮% નફો જાહેર કરવો પડે છે, જ્યારે પ્રોફેશનલ્સે તેમની

(અનુ. આઠમા પાને)

પુસ્તકો જ જ્ઞાનનો અમૂલ્ય ખજાનો અને જીવનનું સાચું માર્ગદર્શન

વિશ્વનો શ્રેષ્ઠ ગ્રંથ શ્રીમદ્ ભગવદ્ ગીતા: જેમાં કર્મ, ધર્મ અને જીવનના ઉદ્દેશ્યનું સર્વકાલિન જ્ઞાન

સેક્સપિયર એવા મહાન લેખક હતા, જેમની કૃતિઓ વિશ્વની મોટાભાગની ભાષાઓમાં અનુવાદિત થઈ છે: તેમના જીવનકાળમાં લગભગ ૩૫ નાટકો અને ૨૦૦ થી વધુ કવિતાઓ લખી હતી

નોલેજ કોર્નર

ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

વર્તમાન સમયમાં દુનિયામાં ક્ટલાંક સંશોધનો થયા છે કે દ્દક ઉગતા દિવસ સાથે લોકોની વાંચન ક્ષમતા ઘટતી જાય છે. લોકો આજે વાંચન બહુ ઓછું કે જરા પણ પસંદ નથી કરતાં, તેનું કારણ કદાચ ઈન્ટરનેટના માધ્યમથી વિવિધ માહિતીઓ માટેના જે ઓડિયો વિઝ્યુઅલ મટિરિયલ મળી રહે છે તે હોય શકે છે. ડિજિટલ મીડિયા આવવાથી અખબારોના વેંચાણમાં જે ઘટાડો જોવા મળ્યો છે તે આ બાબતનું એક ચોક્કસ ઉદાહરણ હોય શકે છે. પુસ્તકો જ આપણા સાચા મિત્રો છે. આજે વિશ્વ પુસ્તક અને કોપી રાઈટ દિવસે તેના મહત્વ વિશે આ લેખમાં તેનો ઈતિહાસ પ્રસ્તુત છે.આ વર્ષ થીમ 'બધા આગળ વધો "ગો ઓલ ઈન" છે, એ વાંચન દ્વારા તમને જે ગમતી હોય તેમાં ઊંડા ઉતરવા વિશે છે. ભલે તમે ફૂટબોલ, પ્રાણીઓ, અવકાશ, ફેશન, ગેમિંગ, ઈતિહાસ, સંગીત કે લોકોને હસાવવાના શોખીન હોવ, પુસ્તકો તમારી રૂચિઓને નવી રોમાંચક રીતોથી જીવંત કરી શકો છો.

આજે આખી દુનિયામાં અગણિત સંખ્યામાં લાઈબ્રેરીઓ જોવા મળી રહી છે, સમય સાથે ઘણા નવા પુસ્તકાલય પણ સ્થપાય છે, ઉપરાંત એક અંદાજ મુજબ દુનિયામાં દરરોજ હજારોની સંખ્યામાં વધુ નવાં પુસ્તકો પ્રકાશિત થાય છે. જો લોકોની વાંચન ક્ષમતા ઘટી છે તો રોજ રોજ આટલા પુસ્તકો પ્રકાશિત થઈને ક્યાં જાય છે ? કોણ વાંચે છે ? જો લોકોની વાંચન ક્ષમતા એટલી જ ઘટી છે, તો રોજ રોજ આટલા પુસ્તકો બહાર પાડવાની શું જરૂર ? આ આંકડા દર્શાવે છે કે લોકો હજુ પણ વાંચનમાં રસ લઈ રહ્યા છે. આપણી ભાવિ પેઢીને વાંચન તરફ વાળવા જ પડશે, કારણકે વાંચનથી જ વિચારોમાં પરિવર્તન આવે છે. જીવન જીવવાની કલા અને જીવન મૂલ્ય શિક્ષણ આપણને પુસ્તકોમાંથી જ મળે છે.

પુસ્તકોની અદ્ભુત દુનિયા છે. આ દિવસ દર વર્ષે આજે ઉજવવામાં આવે છે. પુસ્તકો અને લેખકોને યાદ કરવા અને સમગ્ર વિશ્વનું ધ્યાન આકર્ષિત કરવાના હેતુથી યુનેસ્કો દ્વારા ઉજવણી થાય છે. આ દિવસનું કનેક્શન શેક્સપિયરનું મૃત્યુ ૨૩ એપ્રિલ ૧૬૧૬ના રોજ થયું હતું. શેક્સપિયર એવા મહાન લેખક હતા, જેમની કૃતિઓ વિશ્વની મોટાભાગની ભાષાઓમાં અનુવાદિત થઈ છે. શેક્સપિયરે તેમના જીવનકાળ માં લગભગ ૩૫ નાટકો અને ૨૦૦ થી વધુ કવિતાઓ લખી હતી. કોપિરાઈટ એ એક કાનૂની ખ્યાલ છે જે મૂળ કૃતિના લેખક કે સર્જકને તે મૂળ કાર્ય સાથે અમુક વસ્તુઓ કરવાનો વિશિષ્ટ અધિકાર આપે છે. કોપિરાઈટ ધારકને તે પસંદ કરવાનો અધિકાર છે કે કોઈ અન્ય વ્યક્તિ તેના કે તેણીના કાર્યનો ઉપયોગ, અનુકૂલન અથવા પુનઃવેચાણ કરી શકે કે નહીં. અને તે કાર્ય માટે શ્રેય મેળવવાનો અધિકાર ધરાવે છે. રેલી તરફ જતી ભીડ જ્યારે લાઈબ્રેરી તરફ વળશે ત્યારે સમાજમાં સાચી ક્રાંતિ થશેઃ પુસ્તક જ્ઞાનનું પરબ છે. પુસ્તક. બે પૂંઠા વચ્ચેના કાગળ ફેરવતાં ફેરવતાં થતો આત્મા સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. જ્ઞાનનો ભંડાર એટલે પુસ્તક. પ્રગતિ અને એક અનેરી સમજનો મગજ સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. માત્ર એટલો વિચાર કરીએ કે પુસ્તક વિનાની દુનિયા કેવી લાગતી હોત ? કોઈ પણ વાતની કોઈ દિશા, દશા કે પ્રમાણ હોત જ નહીં ! જ્ઞાન મેળવવા માટે હંમેશા પુસ્તકની જરૂર રહી જ છે. બે વર્ષના બાળકથી લઈને ઉંમરલાયક વ્યક્તિ પણ પોતાના જીવનમાં પુસ્તકોનો ઉપયોગ કરતા જ હોય છે પછી એ પુસ્તક ગમે તે વિષયનું હોય એમાં અતિશયોક્તિ ને સ્થાન નથી.



શાસ્ત્રોની વાત કરીએ તો જો પ્રાચીનકાળમાં પુસ્તકો ન લખાયા હોત તો આજે રામાયણ, મહાભારત, શિવ પુરાણ, ભગવતગીતા, ભાગવદ જેવા ગ્રંથોનું દર્શન અને એમાં વસેલા જ્ઞાનને જાણીને તેનો અમલ કરી જ ન શક્યા હોત આથી પણ વિશેષ આપણા પ્રાચીન વેદો થકી આપણે જીવન કઈ રીતે જીવવું એ જાણી ન શક્યા હોત. દુનિયાના અગણિત પુસ્તકાલયો, થોકબંધ પુસ્તકો, પ્રસિદ્ધ લેખકો સાથે ઉભરતા લેખકો દ્વારા લખાયેલા વિવિધ પ્રકારના જેવા કે વાર્તા, નવલિકા, નાટક, કવિતા, હાસ્યરસ કે વિવેચનવાળા પુસ્તકો હજુ પણ વિશ્વમાં રહેલા પુસ્તકપ્રેમી લોકો દ્વારા વંચાય રહ્યા છે. પાનાંમાં વિશ્વ છુપાયેલું હોય છે, પુસ્તક વાંચનથી આપણું જ્ઞાનનું દ્વાર ખુલે છે.

વાંચન એક આદત નહીં, પણ જીવન બદલતી શકિત છે. આ દિવસની શરૂઆત યુનેસ્કો દ્વારા ૧૯૯૫માં કરવામાં આવી હતી. આજના દિવસે વિશ્વના મહાન સાહિત્યકારો જેવા કે વિલિયમ શેક્સપિયર, મિગેલ દ સર્વાન્તિસ અને ઈન્કા ગાર્સિલાસો દ લા વેગાનું અવસાન થયું હતું. કેટાલોનિયામાં આ દિવસે 'સેન્ટ જ્યોર્જ ડે' પર પુસ્તકો અને ગુલાબની આપલે કરવાની સદીઓ જૂની પરંપરા પણ છે. આ દિવસનો મુખ્ય ઉદ્દેશ્ય વાંચન, પ્રકાશન અને કોપીરાઈટના માધ્યમથી બૌદ્ધિક સંપદાના રક્ષણને પ્રોત્સાહન આપવાનો છે. દર વર્ષે યુનેસ્કો એક શહેરને વર્લ્ડ બુક કેપિટલ તરીકે પસંદ કરે છે, જે આખું વર્ષ પુસ્તક અને વાંચન સંસ્કૃતિને પ્રોત્સાહન આપતી પ્રવૃત્તિઓનું આયોજન કરે છે. ૨૯૨૬ માટે સ્ટ્રાસબર્ગ, ફ્રાન્સ વર્લ્ડ બુક કેપિટલ છે. વિશ્વ પુસ્તક દિવસે શાળાઓ, પુસ્તકાલયો, પ્રકાશકો અને વાચક મંડળો દ્વારા પુસ્તક પ્રદર્શન, લેખક-વાચક સંવાદ, વાર્તા-કથન સત્રો અને વાંચન સ્પર્ધાઓ જેવા કાર્યક્રમો યોજાય છે. આ દિવસ આપણને યાદ અપાવે છે કે પુસ્તકો જ્ઞાન, કલ્પનાશક્તિ અને સંસ્કૃતિઓ વચ્ચેનો સેતુ છે, એક પુસ્તક વ્યક્તિનું જીવન બદલી શકે છે.

પુસ્તકો આપણા જીવનના એવા મિત્રો છે, જે ક્યારેય આપણને એકલા પડવા દેતા નથી. તેઓ નિઃશબ્દ હોવા છતાં અમને ઘણું કહી જાય છે. જ્ઞાન આપે છે, વિચારશક્તિ વધારે છે અને સાચું ખોટું સમજવાની સમજણ આપે છે. જીવનના દરેક તબક્કે, પુસ્તકો આપણને માર્ગદર્શન આપે છે અને મુશ્કેલીમાં નવી દિશા બતાવે છે. તેઓ કોઈ અપેક્ષા રાખ્યા વિના આપણું સાથ આપે છે, એટલે જ પુસ્તકોને સાચા મિત્ર તરીકે માનવામાં આવે છે.

આ ઉપરાંત પુસ્તકો આપણને નવી દુનિયા સાથે પરિચિત કરાવે છે અને કલ્પનાશક્તિને પાંખો આપે છે. સારા પુસ્તકો વાંચવાથી આપણું વ્યક્તિત્વ વિકસે છે, ભાષા સુધરે છે અને વિચારવાની રીત ઊંચી બને છે. માનવીય સંબંધો ક્યારેક બદલાઈ શકે, પરંતુ પુસ્તકોનું સાથ હંમેશા સ્થિર રહે છે. તેથી, જીવનમાં સાચી મિત્રતા શોધવી હોય તો પુસ્તકો સાથેનો સંબંધ મજબૂત બનાવવો જરૂરી છે.

આજે વાંચન ઓછું થવા પાછળ એક જ કારણ નથી, ઘણા બધા સામાજિક, ટેકનોલોજીકલ અને જીવનશૈલીના બદલાવ ભેગા થયા છે. મુખ્ય કારણો જોઈએ તો ડિજિટલ વિચલન અને ટૂંકા કન્ટેન્ટની આદત છે. રીલ્સ, શોર્ટ્સ, ટ્વિટર, થ્રેડ્સ અને નોટિફિકેશનના યુગમાં આપણું ધ્યાન ટકવાની ક્ષમતા ઘટી છે. ૧૫-સેકન્ડના વિડિયો પછી ૩૦૦ પાનાનું પુસ્તક વાંચવું મગજને ધીમું લાગે છે. આપણે 'ડોપામાઈન'ના ઝડપી ડોઝથી ટેવાઈ ગયા છીએ, જ્યારે પુસ્તક ધીરજ માંગે છે. સમયનો અભાવ અને જીવનની દોડઃ શહેરી જીવન, લાંબા કામના કલાકો, ટ્રાફિક અને ઘર-ઓફિસની જવાબદારીઓ પછી લોકો થાકી જાય છે. થાકેલા મગજને પુસ્તકને બદલે 'પેસિવ' મનોરંજન ઓટીટી, સોશિયલ મીડિયા સ્ક્રોલિંગ વધુ આસાન લાગે છે. વાંચનનો બદલાયેલો હેતુ પહેલાં મનોરંજન અને માહિતી માટે પુસ્તક જ મુખ્ય સ્ત્રોત હતો. આજે ફિલ્મો, પોડકાસ્ટ, યુટ્યુબ, ઓડિયોબુક અને આર્ટિકલ્સ તરત મળી જાય છે. લોકો વાંચે છે ખરા, પણ પુસ્તકને બદલે વોટ્સએપ મેસેજ, ન્યૂઝ હેડલાઈન કે કેપ્શન વાંચે છે. ત્વરિત સંતોષની સંસ્કૃતિમાં પુસ્તક તમને ધીમે ધીમે બનાવે છે, પણ પરિણામ તરત નથી દેખાતું. જ્યારે ઈન્સ્ટાગ્રામ પર લાઈક કે ગેમમાં લેવલ અપ તરત આનંદ આપે છે. એટલે મગજ સહેલો રસ્તો પસંદ કરે છે. વાંચન સાથે જોડાયેલું વાતાવરણ ઘટ્યું પણ છે. પહેલાં ઘરમાં દાદા-દાદી વાર્તા કહેતા, લાઈબ્રેરી જવાનો ક્રેઝ હતો, શાળામાં વાચન ક્લાસ હતો. આજે ઘરમાં ટીવી મોબાઈલ ચાલુ હોય અને લાઈબ્રેરીઓ ખાલી પડી છે.

આપણા પ્રાચીન ગ્રંથો જ દેશને વિશ્વગુરૂ સ્થાપિત કરે છે

આપણી અમૂલ્ય ધરોહર ભારતના પ્રાચીન ગ્રંથો છે, એ માત્ર ધાર્મિક લખાણો નથી, પરંતુ તે જ્ઞાન, વિજ્ઞાન અને જીવન જીવવાની કળાનો અખૂટ ભંડાર છે. વેદ, ઉપનિષદ, પુરાણો અને રામાયણ-મહાભારત જેવા મહાકાવ્યો આપણી સામાજિક અને આધ્યાત્મિક ધરોહરના પાયાના પથ્થરો છે. વિશ્વનો સૌથી પ્રાચીન ગ્રંથ 'ઋગ્વેદ' માનવ સભ્યતાના પ્રારંભિક જ્ઞાનનો સ્રોત છે, જ્યારે ઉપનિષદો ગૂઢ દાર્શનિક વિચારોથી સભર છે. આ ગ્રંથોમાં ગણિત, ખગોળશાસ્ત્ર, આયુર્વેદ અને અર્થશાસ્ત્ર જેવા વિષયોનું ઊંડું ચિંતન જોવા મળે છે. ભગવદ ગીતા જેવા ગ્રંથો આજે પણ વૈશ્વિક સ્તરે માનવજાતને કર્મ અને શાંતિનો માર્ગ બતાવે છે. ખરેખર, આ ગ્રંથો એ આપણી એવી વિરાસત છે જે ભારતને વિશ્વગુરૂ તરીકે સ્થાપિત કરે છે, અને આપણને આપણી ભવ્ય સંસ્કૃતિ સાથે જોડી રાખે છે.

રેલી તરફ જતી ભીડ જયારે લાઈબ્રેરી તરફ વળશે ત્યારે સમાજમાં સાચી ક્રાંતિ થશેઃ પુસ્તક જ્ઞાનનું પરબ છેઃ બે પૂંઠા વચ્ચેના કાગળ ફેરવતાં ફેરવતાં થતો આત્મા સાથેનો વ્યવહાર એટલે પુસ્તક

દ્વારકા જગતમંદિરમાં ઠાકોરજીને વિશિષ્ટ પુષ્પશૃંગાર દર્શન

અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા



દ્વારકાધીશ જગતમંદિરમાં દ્વારકાધીશ ભગવાનને ઋતુ અનુસાર શૃંગાર, ભોગ ઈત્યાદિ અર્પણ કરવામાં આવી રહયા હોય હાલમાં ચાલતી ગ્રીષ્મ ઋતુમાં ઠાકોરજીને ઠંડક અર્પણ કરવાના ભાવ સાથે વિશિષ્ટ પુષ્પ શૃંગાર દર્શન યોજવામાં આવી રહયા છે. આજરોજ સાંજના સમયે ઠાકોરજીને ઠંડક આપતાં મનમોહક ફુલો તેમજ કળીઓના વિશિષ્ટ શૃંગાર મનોરથ યોજવામાં આવ્યા હતા. ગ્રીષ્મ ઋતુ દરમ્યાન સતત બે માસ સુધી ઠાકોરજીને સાંજના સમયે પુષ્પશૃંગાર યોજાનાર છે. આ ઉપરાંત ગ્રીષ્મકાળ દરમ્યાન ઠાકોરજીને ઋતુઅનુસાર ઠંડક આપતાં ભોગ ઈત્યાદિ પણ અર્પણ કરવામાં આવે છે.

કલ્યાણપુર પોષણ પખવાડીયાની ઉજવણી

અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળીયા

કલ્યાણપુર ઘટક-૧ ના લાંબા સેજામાં ઈન્ચાર્જ સીડીપીઓ જયલક્ષ્મીબેન ઉપાધ્યાય તથા પીએસઈ રેખાબેન ચંદેરાની ઉપસ્થિતિમાં પોષણ પખવાડીયા ઉજવણી કાર્યક્રમ અંતર્ગત ટી.એચ.આર. વાનગી સ્પર્ધા યોજાઈ હતી તેમજ આ કાર્યક્રમમાં ઉપસ્થિત બહેનો દ્વારા આગામી ચુંટણી અન્વયે મતદાન પ્રચાર શપથ લેવામાં આવેલા.

કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

તારીખ ૨૩-૦૪-૨૦૨૬ ગુરુવાર
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (ડેની જીગર)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રાગી નો શીરો)+(વેજ.મેક્રોની ઈન ઈન્ડિયન સ્ટાઈલ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.અર્ચના પીઠડીયા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૩૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

તારીખ ૨૪-૦૪-૨૦૨૬ શુક્રવાર
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ.મોરારિબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

સર્વોત્તમ હવેલીમાં વૈષ્ણવાચાર્ય પરાગકુમારજીના હસ્તે રવિવારે 'બ્રહ્મસંબંધ દીક્ષા' આપશે

બ્રહ્મસંબંધ લેવા ઈચ્છુક વૈષ્ણવોએ કાલે સુધીમાં નામ નોંધાવવા અનુરોધ

અબતક, રાજકોટ

સર્વોત્તમ હવેલી ખાતે આગામી રવિવારના શુભ દિવસે દિવ્ય 'બ્રહ્મસંબંધ દીક્ષા' મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પાવન પ્રસંગે વૈષ્ણવાચાર્ય ગોસ્વામી પરાગકુમારજી મહોદય વરદહસ્તે વૈષ્ણવોને દીક્ષા અંગીકાર કરાવવામાં આવશે.

પુષ્ટિમાર્ગીય પરંપરા મુજબ આયોજિત આ દીક્ષા કાર્યક્રમ તારીખ ૨૬-૦૪-૨૦૨૬, રવિવારના રોજ સવારે ૯:૦૦ કલાકે સર્વોત્તમ હવેલી, ૬/૮ અંબાજી કડવા પ્લોટ, રાજકોટ ખાતે સંપન્ન થશે. બ્રહ્મસંબંધ લેવા ઈચ્છતા વૈષ્ણવ ભાઈ-બહેનોએ પોતાની નામ નોંધણી તારીખ ૨૪-૦૪-૨૦૨૬ સુધીમાં કરાવવાની રહેશે.

નામ નોંધણી અને વધુ વિગત માટે રઘુરાજ સિસોદિયા (૯૩૭૬૯ ૪૭૧૩૧), પ્રકાશભાઈ મેંદપરા (૯૮૨૫૨ ૨૭૬૦૧), હિરેનભાઈ પટેલ (૯૦૩૩૩ ૫૦૮૨૬), આશિષભાઈ વીશપરા (૯૯૦૯૨ ૯૦૦૯૮) અથવા હરેન્દ્રભાઈ નથવાણી (૯૮૨૪૪ ૧૭૦૧૮) નો સંપર્ક કરવા જણાવાયું છે. સર્વે વૈષ્ણવ સૃષ્ટિને આ દિવ્ય અવસરનો લાભ લેવા અનુરોધ કરવામાં આવ્યો છે

ભાણવડ: વિદ્યાર્થિનીઓએ રંગોળી તથા મહેંદીના માધ્યમથી મતદાન જાગૃતિનો સંદેશો આપ્યો

અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આગામી સ્થાનીક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચુંટણીઓ-૨૦૨૬ને અનુલક્ષીને નાગરિકોમાં મતદાન અંગે જાગૃતતા ફેલાય તેવા ઉમદા હેતુથી જિલ્લા ચુંટણી અધિકારી અને કલેકટર રાજેશ તન્નાના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિવિધ પ્રયાસો હાથ ધરવામાં આવી રહ્યા છે. જે અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાણવડ તાલુકાની એમ.વી. ઘેલાણી ગર્લ્સ હાઈસ્કુલની વિદ્યાર્થીનીઓ દ્વારા મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત સ્વીપ પ્રવૃતિ અન્વયે રંગોળી તેમજ મહેંદી બનાવી મતદાન જાગૃતિનો સંદેશ ફેલાવ્યો હતો. આ રંગોળી દ્વારા મારો મત મારો અધિકાર જેવા સંદેશા થકી નાગરિકોને પોતાના મતાધિકારનો ઉપયોગ કરવા માટે પ્રોત્સાહિત કરાયા છે.

જૂનાગઢમાં આઈ.સી.ડી.એસ. શાખા દ્વારા સ્વીપ અન્વયે ચુનાવ પાઠશાળા યોજાઈ

અબતક, દર્શન જોશી, જુનાગઢ

જૂનાગઢ જિલ્લા સહિત સમગ્ર રાજ્યમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંગે જોરશોરથી કામગીરી ચાલી રહી છે. જે અન્વયે જિલ્લા પંચાયત આઈ.સી.ડી.એસ. શાખા મારફત દરેક તાલુકામાં મતદાન જાગૃતિ ચુનાવ પાઠશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપસ્થિત સર્વેને મતદાન જાગૃતિ અંગેની સમજ આપવામાં આવી હતી. કાર્યક્રમના અંતે સૌ કોઈએ મતદાન અંગેના શપથ ગ્રહણ કર્યા હતા.

સૂડોકુ -૧૧૪

૧								૨
	૯		૭	૬			૪	૫
		૪					૭	૬
૩		૫			૬		૨	
		૧						
૭			૫		૧			
			૮	૨				
	૮	૩			૭			
			૩	૫	૪			૮

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

સૂડોકુ-૧૧૩ ઉકેલ

૮	૭	૯	૧	૪	૬	૫	૨	૩
૫	૩	૪	૭	૨	૯	૬	૧	૮
૬	૧	૨	૩	૫	૮	૭	૯	૪
૭	૨	૫	૬	૩	૪	૯	૮	૧
૪	૮	૧	૯	૭	૫	૩	૬	૨
૯	૬	૩	૨	૮	૧	૪	૭	૫
૨	૫	૭	૮	૯	૩	૧	૪	૬
૩	૯	૬	૪	૧	૨	૮	૫	૭
૧	૪	૮	૫	૬	૭	૨	૩	૯

અબતક પંચાગ

તા.૨૪-૪-૨૦૨૬ શુક્રવાર

વિક્રમ સંવત ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
ખ્રિસ્તી સંવત ૨૦૨૬
તિથી વૈશાખ શુદ આઠમ
નક્ષત્ર પુષ્ય
યોગ શૂલ **કરણ:** વિષ્ટિ
સુર્યોદય ૬.૨૧ **સુર્યાસ્ત:** ૭.૧૦
ચંદ્ર રાશી કર્ક
રાશિ અક્ષર ડ.હ
દિશાશૂળ પશ્ચિમ દિશા તરફ
રાહુકાળ સવારે ૧૦.૩૦ થી ૧૨
દિવસનાચોઘડીયા ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદ્વેગ,ચલ
રાત્રીનાચોઘડીયા રોગ,કાળ,લાભ,ઉદ્વેગ,શુભ,અમૃત,ચલ,રોગ
અભિજીત મુહૂર્ત બપોરે ૧૨.૨૧ થી ૧.૧૨

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

આવતીકાલનું રાશિફળ

તા.૨૪.૪.૨૦૨૬ શુક્રવાર, સંવત ૨૦૮૨, વૈશાખ સુદ આઠમ, બગલામુખી જયંતિ, પુષ્ય નક્ષત્ર, શૂલ યોગ, વિષ્ટિ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ કર્ક (ડ,હ) રહેશે

મેષ (અ,લ,ઈ) : નાની નાની ખુશી પ્રાપ્ત કરી શકો, પરિવાર સાથે આનંદ માણી શકો, મુસાફરી થાય, શુભ દિન.
વૃષભ (બ,વ,ઉ) : તમારા વિચારોને અમલમાં મૂકી શકો, ભાઈ ભાંડુ સુખ સારું રહે, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.
મિથુન (ક,છ,ઘ) : કાર્યમાં એક નવી શરૂઆત થતી લાગે, તમારા સૌમ્ય વાણી વર્તનથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, શુભ દિન.
કર્ક (ડ,હ) : ઘણા વણઉકેલ પ્રશ્નોના જવાબ આજે મેળવી શકશો, આજના દિવસે તમામ મોરચે તમે સારી રીતે આગળ વધી શકો.
સિંહ (મ,ટ) : કોઈ બાબતને અહમનો પ્રશ્નના બનાવવો, વાદ વિવાદથી દૂર રહેવું, મતભેદ નિવારવા સલાહ છે, મધ્યમ દિવસ.
કન્યા (પ,ઠ,ણ) : અંગત લોકો અને સગા સ્નેહી મિત્રોથી સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.દિવસ સારો રહે.
તુલા (ર,ત) : સ્ત્રીવર્ગ પોતાની પતિભા બતાવી શકે, વેપારીવર્ગને મધ્યમ રહે, નોકરિયાત વર્ગની પ્રગતિ થાય.
વૃશ્ચિક (ન,ય) : યોગ્ય સમય પર યોગ્ય નિર્ણય કરી શકો, ભાગ્યની દેવી રીઝતી જણાય, નવીન તક હાથમાં આવે.
ધન (ધ,ભ,ફ,ઢ) : જે બાબત વિચારી હોય તે બનતી જોવા મળે, દૂર દેશથી સારા સમાચાર મળે, જુના મિત્રોને મળવાનું થાય.
મકર (ખ,જ) : સામાજિક રીતે આગળ વધી શકો, જાહેરજીવનમાં સારું રહે, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય, શુભ દિન.
કુંભ (ગ,સ,શ) : ખાવા પીવામાં પરેજી રાખવી જરૂરી બને છે, તબિયતની કાળજી લેવી, વધુ પડતી દોડધામ નિવારવા સલાહ છે.
મીન (દ,ચ,ઝ,થ) : વિદ્યાર્થીવર્ગને એકાગ્રતા રહે, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો, શુભ દિન.

શું તમારા બાળકને પરીક્ષામાં સમય ઘટે છે તો કરો આ ઉપાય!

જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

મહર્ષિ વેદ વ્યાસ અને ભગવાન ગણેશ વચ્ચેની આ કથા અત્યંત રસપ્રદ અને પ્રેરણાદાયી છે. જ્યારે વેદ વ્યાસજીએ મનમાં મહાભારત જેવા મહાકાવ્યની રચના કરી, ત્યારે તેમને એક એવા કુશળ લેખકની જરૂર હતી જે તેમની વિચારની ગતિ સાથે તાલ મિલાવીને અટક્યા વગર લખી શકે. આટલા વિશાળ ગ્રંથના લેખન માટે વ્યાસજીએ બ્રહ્માજીની સલાહ લીધી, જેમણે ગણેશજીનું નામ સૂચવ્યું. વ્યાસજીના પ્રસ્તાવ પર ગણેશજી તૈયાર તો થયા, પણ તેમણે એક કઠિન શરત મૂકી કે, હું લખવાનું શરૂ કરીશ પણ મારી કલમ અટકવી જોઈએ નહીં; જો તમે બોલતા અટકી જશો, તો હું લેખન કાર્ય અધૂરું છોડી દઈશ.સામે પક્ષે વ્યાસજીએ પણ ગણેશજીની ઝડપી ગતિને ધ્યાનમાં રાખીને એક ચતુર શરત મૂકીઃ "હે દેવ! સ્વીકાર્ય છે, પણ તમે જે કંઈ પણ લખો, તે તેનો અર્થ પૂરેપૂરો સમજીને જ લખજો." આ રીતે અદભૂત લેખન કાર્યનો પ્રારંભ થયો. વ્યાસજી વચ્ચે-વચ્ચે એવા અઘરા અને ગૂઢ શ્લોકો બોલતા કે ગણેશજીએ તેનો ગૂઢ અર્થ સમજવા માટે થોડી ક્ષણો થોભવું પડતું. બસ, એ સમય દરમિયાન વ્યાસજી મનમાં નવા શ્લોકોની રચના કરી લેતા. આમ, બંનેની શરતોનું પાલન પણ થયું અને વિશ્વનો સૌથી મહાન ગ્રંથ પૂર્ણ થયો.આ કથા સૂચવે છે કે ગણેશજી બુદ્ધિ અને લેખન કળાના અધિષ્ઠાતા દેવ છે. જો તમારું બાળક અભ્યાસમાં નબળું હોય, પેપરમાં ગતિથી લખી ન શકતું હોય કે તેની એકાગ્રતા ઘટતી હોય, તો આ અદભૂત પ્રયોગ કરી શકાય છે. બાળકની નોટબૂક અને પેન ભગવાન ગણેશજીને અર્પણ કરી, ગોળ-ઘીનો પ્રસાદ ધરી અને દીવો પ્રગટાવી પૂજા કરવી. ત્યારબાદ 'ૐ ગં ગણપતયે નમઃ' મંત્રનો ૩૧ વાર જાપ કરીને લેખન-વાંચન શરૂ કરવાથી અક્ષરો સુધરે છે ઝડપ થી લખી શકાય છે , સ્મરણ શક્તિ વધે છે અને એકાગ્રતામાં જબરદસ્ત સુધારો થાય છે.

‘‘વૈદ્ય, વેદ સ્વરૂપ અને વેદ પુરૂષ શિવ છે’’: પૂ. મોરારિબાપુ

પાલીતાણાની કૈલાસ ટેકરી પર ‘માનસ શિવ સંકલ્પ’ રામકથાની અમૃતધારાઃ રામકથાના છઠ્ઠા દિવસે ‘અગોચર અટારા’ પુસ્તકનું વિમોચન સંવેદના ગુમાવી રહેલા સમાજમાં વ્યાસપીઠ સંજીવની સમાન

અબતક, અંકુર મહેતા, પાલિતાણા

પાલીતાણા પાસે કૈલાસ ટેકરી સગાપરા ધારના પવિત્ર સ્થાન પર પૂજ્ય મોરારિબાપુના વ્યાસાસને ચાલી રહેલી રામકથા ’માનસ શિવ સંકલ્પ’ આજે છઠ્ઠા દિવસે ભાવભક્તિ સાથે સંપન્ન થઈ હતી. પૂજ્ય બાપુએ વ્યાસપીઠ પરથી કથા મહિમા વર્ણવતા જણાવ્યું હતું કે, જ્યારે વર્તમાન સમાજ સંવેદના અને સહિષ્ણુતા ગુમાવી રહ્યો છે ત્યારે વ્યાસપીઠ સમાજને જોડવાનું મોટું કામ કરી રહી છે.

કથા દરમિયાન પૂજ્ય બાપુએ સંકલ્પ અને મનોરથ વચ્ચેનો ભેદ સ્પષ્ટ કરતા કહ્યું કે, ‘‘સંકલ્પમાં અહંકાર તત્ત્વ હોઈ શકે છે, જે કદાચ ન પણ નિભાવી શકાય, પરંતુ મનોરથ યોગ્ય છે. પરમ તત્ત્વને પામવા માટે પવિત્ર મનોરથ કામ લાગે છે.’’ આ પ્રસંગે શ્રી વિજયગીરીબાપુના જીવન આધારિત પુસ્તક ‘‘અગોચર અટારા’’ (સંપાદક વસંતભાઈ બારોટ)નું મોરારિબાપુના હસ્તે વિમોચન કરવામાં આવ્યું હતું. પૂજ્ય બાપુએ કથાના ક્રમમાં શિવ-પાર્વતી સંવાદ અને સતીના સંદેહના પ્રસંગોનું નિરૂપણ કર્યું હતું અને જાહેર કર્યું હતું કે આગામી ૨ મે થી શુક્રતાલ ખાતે યોજાનારી કથાનું શીર્ષક ’માનસ શુકદેવ’ રહેશે. આવતીકાલે કથામાં રામ જન્મોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવશે.

આ પ્રસંગે જૈન મુનિ. હાર્દિક રત્નસુરિશ્વરજી મહારાજ, અમદાવાદના દિલીપદાસજી મહારાજ,. ઝીણારામજી મહારાજ, રમજુબાપુ, . આત્માનંદ સરસ્વતીજી, રાજેન્દ્રદાસજી મહારાજ સહિતના સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા. સાથે જ ધારાસભ્ય ભીખાભાઈ બારૈયા, મહેન્દ્રસિંહ સરવૈયા, નાગજીભાઈ પટેલ, ગોપાલભાઈ વાઘેલા તેમજ વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં ભાવિકોએ કથાશ્રવણનો લાભ લીધો હતો.

ભારતીય શાસ્ત્રો જીવન જીવવાનું સાચું દર્શન અને દિશા આપે છેઃ કેન્દ્રીય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા

કૈલાસ ટેકરી ખાતે રામકથામાં ઉપસ્થિત રહેલા કેન્દ્રીય મંત્રી મનસુખભાઈ માંડવિયાએ પોતાની સંવેદના વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, ભારતને વિરાસતમાં મળેલા રામાયણ, મહાભારત અને ગીતા જેવા મહાન શાસ્ત્રો આપણને જીવન જીવવાનું સાચું દર્શન અને દિશા આપે છે. આપણી આ વિરાસતના વાહક બનીને પૂજ્ય મોરારિબાપુ જે રીતે શાસ્ત્ર સંગત જ્ઞાન પીરસી રહ્યા છે તેનાથી સમગ્ર સમાજને ગૌરવ છે. જીવન સુધારવા માટે આવા ભવ્ય આયોજનો અત્યંત મહત્વના છે.

સોમનાથ સ્વાભિમાન પર્વમાં વિશેષ ટ્રેનમાં ઉત્તરપ્રદેશના ૧૦૦૦ શ્રધ્ધાળુઓનું આગમન

યાત્રાળુએ પ્રથમ દિવસે મહાદેવ દર્શન, જળાભિષેક, થ્રીડી લાઈટ એન્ડ સાઉન્ડ શોનો લીધો લ્હાવો

અબતક, અતુલ કોટેચા, વેરાવળ

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ મંદિરના ગત ૧૦૦૦ વર્ષના વિસર્જન અને સર્જનની અદભુત શૌર્યગાથાને વર્તમાનમાં ‘સોમનાથ સ્વાભિમાન પર્વ’ ના રૂપે અત્યંત હર્ષોલ્લાસ સાથે ઉજવવામાં આવી રહી છે. આ પવિત્ર અવસરે ઉત્તરપ્રદેશથી ૧૦૦૦ થી વધુ શ્રદ્ધાળુઓને લઈને પ્રસ્થાન થયેલી એક વિશેષ ટ્રેન ત્રિ-દિવસીય પ્રવાસ માટે પવિત્ર સોમનાથ તીર્થ ખાતે આવી પહોંચી છે. શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા આ તમામ ભાવિક ભક્તોનું શ્રી સોમનાથ મંદિર પરિસરમાં ચંદન તિલક અને ઉપવસ્ત્ર અર્પણ કરીને ઉષ્માભર્યું સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ ભક્તોને સન્માનપૂર્વક દર્શન માટે લઈ જવામાં આવ્યા હતા, જ્યાં પ્રત્યેક ભક્ત માટે જલાભિષેકની અલાયદી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. આટલી વિશાળ સંખ્યામાં પધારેલા ભક્તોને ભગવાન સોમનાથની સાયંકાળની આરતીના સુંદર દર્શન થઈ શકે તે હેતુથી, મંદિર પરિસરમાં આવેલા લાઈટ એન્ડ સાઉન્ડ શો પેવેલિયનમાં વિશાળ એલઈડી સ્ક્રીન પર લાઈવ આરતીનું પ્રસારણ કરવામાં આવ્યું હતું. આરતી બાદ ભક્તોએ શ્રી સોમનાથ સ્વાભિમાન પર્વની ઉજવણી નિમિત્તે તૈયાર કરાયેલ વિશેષ ગીત અને ડોકયુમેન્ટ્રી નિહાળી હતી. શ્રી સોમનાથ મંદિરનો યુગ-યુગાંતરનો ગૌરવશાળી ઈતિહાસ દર્શાવતો થ્રીડી લાઈટ એન્ડ સાઉન્ડ શો નિહાળીને સૌ ભક્તો ભાવવિભોર થઈ ગયા હતા. ભક્તોના આ આધ્યાત્મિક પ્રવાસને વધુ પવિત્ર અને યાદગાર બનાવવા શ્રી સોમનાથ ટ્રસ્ટ દ્વારા સૌને પ્રસાદ, લઘુયજ્ઞ કીટ અને સોમગંગા નિર્માલ્ય જળ અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ ત્રિ-દિવસીય પ્રવાસ દરમિયાન ઉત્તરપ્રદેશના ભક્તો ભાલકા તીર્થ, ભીડભંજન મહાદેવ, બાણગંગા, રામ મંદિર, ગોલોકધામ તીર્થ, પ્રોમોનેડ વોક વે અને ત્રિવેણી સંગમ સહિતના પવિત્ર સ્થાનો પર દર્શનાર્થે જશે.

સુરેન્દ્રનગર સમસ્ત માલધારી સમાજ દ્વારા ધંધુકામાં થયેલી યુવકની હત્યા મુદે કલેક્ટરને આવેદનપત્ર અપાયું

ધંધુકામાં ભરવાડ યુવકની હત્યાના આરોપીઓને ફાંસીની સજાની માંગ

અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જીલ્લા કલેક્ટર કચેરી ખાતે સમસ્ત માલધારી સમાજ દ્વારા ધંધુકામાં થયેલ ભરવાડ યુવકની હત્યાના વિરોધમાં આવેદનપત્ર પાઠવી ઉગ્ર રજુઆત કરવામાં આવી હતી અને યુવકની હત્યાના આરોપીઓને ફાંસીની સજા આપવાની પણ માંગ કરી હતી.

આ અંગે આવેદનપત્રમાં જણાવ્યા મુજબ ધંધુકામાં અગાઉ થયેલ કિશન ભરવાડ તેમજ તાજેતરમાં યુવક ધર્મેશ ભરવાડની હત્યાના બનાવને સખત શબ્દોમાં વખોડી કાઢવામાં આવ્યો હતો. આ તકે સમાજના આગેવાનોએ હિન્દુઓ પર વધી રહેલા અત્યાચાર અને હત્યાના બનાવોને લઈને પણ રજૂઆત કરવામાં આવી હતી અને જવાબદાર તત્વો સામે કડક કાર્યવાહી કરવાની માંગ ઉઠાવવામાં આવી. જેમાં ખાસ કરીને ધર્મેશ ભરવાડ હત્યા કેસમાં ઝડપાયેલા આરોપીઓને કડકમાં કડક અને ફાંસીની સજા કરવામાં આવે તેવી પણ માંગ કરી હતી. આ તકે માલધારી સમાજ સાથે સાથે વિવિધ હિન્દુ સંગઠનના આગેવાનો અને યુવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને વિરોધ કર્યો હતો.

જેતપુરમાં નવનિર્મિત ‘વ્રજવિલાસ મોટી હવેલી’માં મદનમોહન પ્રભુનો દિવ્ય પાટોત્સવ અને કુનવારા મહોત્સવ

બાવન સમિતિઓ દ્વારા તડામાર તૈયારીઓઃ ૩ મેના ભવ્ય શોભાયાત્રા, રાસલીલા અને નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ સહિતના વિવિધ કાર્યક્રમોનું આયોજન

અબતક, કરણ બારોટ, જેતપુર

જેતપુર શહેર અને સમગ્ર વૈષ્ણવ સૃષ્ટિ માટે જાણે સોનાનો સૂરજ ઊગ્યો હોય તેવો હર્ષોલ્લાસ અને આનંદી માહોલ છવાયો છે. મદનમોહન પ્રભુ અને અખંડ ભૂમંડલાચાર્ય વલ્લભાચાર્યજીની અસીમ કૃપા તેમજ નિત્યલીલાસ્થ વ્રજભૂષણલાલજી મહારાજશ્રીના આશીર્વાદથી, જેતપુરમાં નવનિર્મિત ‘વ્રજવિલાસ મોટી હવેલી’ ખાતે ભવ્ય પાટોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પૂજ્ય પાદ બાલકૃષ્ણલાલજી મહારાજશ્રીના અધ્યક્ષસ્થાને અને પૂજ્ય જેજે પ્રિયાંકરાયજી મહોદયશ્રીના માર્ગદર્શન હેઠળ આગામી તારીખ ૩-૫-૨૦૨૬, રવિવારના શુભ દિવસે ગુસાઈજીના નિધિ સ્વરૂપ મદનમોહન પ્રભુ નૂતન મંદિરમાં પાટ બિરાજી વૈષ્ણવો પર કૃપા વરસાવશે.

આ મહોત્સવના પ્રારંભે ૩ મેના રોજ સવારે ૭ થી ૮ કલાકે ગોંડલ ગેટ સ્થિત મોટી હવેલીથી ભવ્ય શોભાયાત્રા નીકળશે. જેમાં મદનમોહન પ્રભુની વરણાગી સાથે હાથી, ઘોડા, રથ, કીર્તન મંડળી, બેન્ડવાજા અને શણગારેલા ગાડાઓ આકર્ષણનું કેન્દ્ર બનશે. પાટોત્સવ સમિતિના પ્રમુખ રાજુભાઈ હિરપરા અને ચેરમેન જયેશભાઈ રાદડિયા સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં આ શોભાયાત્રા શહેરના મુખ્ય માર્ગો પર ફરી નવનિર્મિત હવેલીએ સંપન્ન થશે, જ્યાં પ્રભુ રાજભોગના દર્શનમાં બિરાજશે. ૬ દિવસીય આ ભવ્ય આયોજનમાં વિવિધ સાંસ્કૃતિક અને સેવાકીય કાર્યક્રમોની હારમાળા સર્જાશે. જેમાં ૧ મેના રોજ હાલારી રાસ, ૩ થી ૫ મે દરમિયાન રાત્રે વૃંદાવનની વ્રજ મંડળી દ્વારા ભવ્ય રાસલીલાનું આયોજન કરવામાં આવ્યું છે. સેવાના કાર્ય તરીકે ૪ મેના રોજ સવારે ૯ વાગ્યે સિનર્જી હોસ્પિટલના સહયોગથી નિઃશુલ્ક સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે, જેનું ઉદઘાટન પૂજ્ય જેજેના હસ્તે થશે. મહોત્સવના અંતિમ દિવસે ૬ મેના રોજ આશીર્વાદ સમારોહ સાથે પૂર્ણાહુતિ થશે. બહારગામથી આવતા વૈષ્ણવો માટે રહેવા તથા પ્રસાદની વિશેષ વ્યવસ્થા કરવામાં આવી છે. આ સમગ્ર મહોત્સવને સફળ બનાવવા બાવન જેટલી સમિતિઓ રાત-દિવસ જહેમત ઉઠાવી રહી છે.

ખાતરના ભાવમાં ૧૦ માસમાં કમ્મરતોડ વધારોઃ જગતાત લાચાર

ખાતર પરની સબસીડી ફિક્સ કરી દેતા ડોલરના ભાવ વધતા ખેડુત પર બોજઃ ડૉ. મનીષ દોશી

અબતક, રાજકોટ

ડાય એમોનિયમ ફોસ્ફેટ અને નાઈટ્રોજન ફોસ્ફરસ - પોટેશ્યમ- કે પાયાનું ખાતર છે. જ્યારે યુરીયા પુરક ખાતર છે. એક તરફ ખાતરના ઉત્પાદનમાં ઘટાડો, સરકાર તરફથી સબસીડીમાં ઘટાડો અને બીજી તરફ ખેડૂતો માટે સીઝન સમયે જરૂરી ખાતર મેળવવા કલાકો સુધી લાઈનમાં ઉભું રહેવું પડી રહ્યું છે અને કાળા બજારીયાઓ બેફામ છે ત્યારે ખેડૂત-ખેતી અને ગામડા વિરોધી ભાજપ સરકાર પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે મોદી સરકારનો મોટો દાવો કરેલો આત્મનિર્ભર ભારત કૃષિ ક્ષેત્રમાં હવે ખાલી સ્લોગન સાબિત થયો છે. ભારત હજુ પણ ખાતરમાં ભારે આયાત પર આધારિત છે. કુલ એનપીકે માંગના માત્ર ૬૫-૭૦% જ ઘરેલુ ઉત્પાદન દ્વારા પૂર્ણ થાય છે, જ્યારે બાકીના ૩૦-૩૫% અસ્થિર વૈશ્વિક બજારો પર આધારિત છે. કુલ ખાતરનો વપરાશ ૨૮.૫% વધીને ૨૦૧૪-૧૫માં ૨૫.૬ મિલિયન ટનથી ૨૦૨૪-૨૫માં ૩૨.૯ મિલિયન ટન થયો છે. નાઈટ્રોજનસ ખાતર (વપરાશનો મુખ્ય ભાગ ૨૨+ મિલિયન ટન) હજુ પણ ભારે આયાત પર આધારિત છે. ફોસ્ફેટિક ખાતરમાં ૩૦-૪૦% આયાતનો અંતર છે. પોટાશ, ૧૦૦% આયાત પર આધારિત (વાર્ષિક સરેરાશ ૨.૫ મિલિયન ટન) કેનેડા, રશિયા, ઈઝરાયેલ અને જોર્ડન પરથી છે. ૨૦૨૬ની ખરીફ સીઝન માટે ૩૯ મિલિયન ટન માંગ છે, જ્યારે વર્તમાન સ્ટોક માત્ર ૧૮ મિલિયન ટન જ છે આ ખતરનાક અંતર છે. લાંબા ગાળાના આત્મનિર્ભરતાને બદલે કેન્દ્ર સરકાર ઈમરજન્સી આયાત, સબસિડી વધારવા અને હોર્ડિંગ વિરુદ્ધ આદેશો જારી કરી રહી છે. આ નીતિ નથી, માત્ર કટોકટી વ્યવસ્થાપન છે. ડી.એ.પી.માં ૧૫૦ રૂ., એન.પી.કે.માં ૮૫૦ રૂ., એમોનીયમ સલ્ફેટ ૩૦૦ રૂ., પોટાશમાં ૫૫૦ રૂ. જેટલો માતબર વધારો છેલ્લા દસ મહિનામાં ખેડૂતો પર ઝીંકવામાં આવ્યો છે. યુ.પી.એ. ગવર્મેન્ટ વખતે ડોલરના ભાવ વધતા ખાતર કંપનીઓને નુકસાન ન જાય અને ખેડૂતોને ભાવ વધારો સહન ન કરવો પડે તે માટે સરકાર ખાતરની સબસીડીમાં વધારો કરી દેતી હતી, મોદી સરકારે ખાતરની સબસીડી મેટ્રિક ટન દીઠ ફિક્સ કરી દેતા ડોલરનું ભાવ વધારો થાય તેનું માર ખેડૂતોને ભોગવવો પડે છે. છેલ્લા બે વર્ષથી સરકાર યુરિયામાં નેનો યુરીયા લાવેલ છે. પરંતુ તે પાક માટે ગુણવત્તા યુક્ત અને અસરકારક નથી. છેલ્લા બે વર્ષમાં ખરીફ અને રવિ એમ બંને સિઝનમાં ડીએપી અને યુરિયા ગુજરાતના ખેડૂતોને મળતું નથી. આથી ખેડૂતોને ખેતીના પાકમાં અપૂરતા ખાતરથી નુકસાન થઈ રહ્યું છે.ખાતરના ભાવ આસમાને છે, ખેડૂતોના ઈનપુટ ખર્ચ વધી ગયા છે અને પાક ઉત્પાદન ઘટવા તથા ખાદ્યપદાર્થોની મોંઘવારીનું જોખમ વધ્યું છે. ગુજરાતના ખેડૂતો જેઓ અસ્થિર મોન્સૂન, એમએસપીમાં વિલંબ અને ૯૯૦૦૦ કરોડના દેવાના બોજથી પહેલેથી જ પરેશાન છે, સૌથી વધુ અસરગ્રસ્ત છે. કેન્દ્રના પર્યાપ્ત સ્ટોકના દાવા ખોખલા છે જ્યારે વૈશ્વિક ભાવ વધી રહ્યા છે અને ઘરેલુ ઉત્પાદનમાં ઘટાડો છે. ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ માંગ કરી છે કે ખરીફ સીઝન માટે ખાતરના ભાવ તરત જ સ્થિર કરો. ઘરેલુ યુરિયા અને ફોસ્ફેટિક ખાતરનું ઉત્પાદન ક્ષમતા વધારવા તાત્કાલિક પગલાં લો. ખેડૂતો પર બોજ વધાર્યા વિના આયાતનું પારદર્શક અને લાંબા ગાળાનું વિવિધીકરણ કરો. મોદી સરકારે અન્નદાતાઓ સાથે ફરી એક વાર વિશ્વાસઘાત કર્યો છે. ખેડૂતોની સમસ્યાઓ માત્ર આંકડા નથી તે રાષ્ટ્રીય કટોકટી છે. કોંગ્રેસ પક્ષ ગુજરાતના ખેડૂતોની સાથે છે અને આ સંકટને કાર્પેટ નીચે દબાવવા દઈશું નહીં.

જાહેર નોટીસ

નં.જમરજી નં-૧૫૨ /૨૫

ચંદ્રેશ અશ્વિનભાઈ ખાણધર
રે. બેડીયા વાડી ધરમપુર, ખંભાળિયા,
તા.ખંભાળિયા, જિ.દેવભૂમિ દ્વારકા .....અરજદાર

વિરૂધ્ધ

(રજી.એડી.)
રજીસ્ટ્રરશ્રી, જન્મ મરણ નોંધણી અધિકારી અને
ચીફ ઓફિસરશ્રી, ખંભાળિયા નગરપાલિકા
તા. ખંભાળીયા, જિ. દેવભૂમિ દ્વારકા .....સામાવાળા

વિષય :- જન્મ / મરણની નોંધ થવા અંગે

આથી આ જાહેર નોટિસથી લાગતા વળગતા લોકોને જાણ કરવામાં આવે છે કે, આ કામના ઉપરોકત અરજદારના પર દાદી - જીવીબેન આણંદભાઈ ખાણધરના મરણની તા.૧૦/૦૮/૧૯૭૧ ના રોજ ખંભાળિયા મુકામે થયેલ છે. જે અંગેની નોંધ સામાવાળાના રજીસ્ટરે થયેલ ન હોય તે અંગેની અત્રેની કોર્ટમાં અરજી લાવી જન્મ/મરણ ની નોંધનો હુકમ કરી આપવા અરજી કરેલ હોય, તે અંગે કોઇને વાંધો/તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા. ૨૪/૦૪/૨૦૨૬ ના રોજ ૧૬-૦૦ કલાકે હાજર રહેવું. ગેરહાજર રહે, વાંધો/તકરાર નથી, એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે, જેની નોંધ લેશો.

આજ રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરી આપ્યા.

કોર્ટનો સીકકો

(વાય. પી. ગઢવી)
મામલતદાર અને એકઝીક્યુટીવ મેજિસ્ટ્રેટ
ખંભાળિયા

તંત્રી લેખ

નેતાઓનો બેફામ વાણી વિલાસ...!!

ભારતને વિશ્વની સૌથી મોટી લોકશાહી નું માન પ્રાપ્ત થયું છે આ વર્ષે આઝાદીના ૭૫માં વર્ષ નિમિત્તે દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ભારતનું લોકતંત્ર હવે પરિપકવ લોકતંત્ર બન્યું છે, અનેક નાના અને નવા સ્વતંત્ર દેશ ભારતની ચૂંટણી, લોકતાંત્રિક વ્યવસ્થા અપનાવી અનેક સ્વતંત્ર રાષ્ટ્ર ભારતને પથ દર્શક બનાવીને આગળ વધી રહ્યા છે, ભારતના લોકતંત્ર ના મૂળભૂત અધિકારોમાં સંપૂર્ણપણે વ્યક્તિ સ્વાયત્તા ની સાથે સાથે વાણી સ્વતંત્રતાના અધિકાર જેવા મૂલ્યો વિશ્વના કોઈપણ લોકતાંત્રિક દેશમાં જળવાતા નથી, જોકે વાણી સ્વતંત્રતાના નામે હવે રાજકીય વાણીવિલાસ ની સમસ્યા ચિંતા નો વિષય બની ગયા છે, ખાસ કરીને ચૂંટણી પ્રચાર દરમિયાન નાના-મોટા કાર્યકરથી લઈને મોટા ગજાના નેતાઓ સુધીના રાજદ્વારી લોકો લાંબા ગાળાના નુકસાન અને સામાજિક ધોરણે પડનારી અસરોને ધ્યાને લીધા વિના ક્ષણિક લાભ અને આવેગ ઉભો કરવા માટે જેમ ફાવે તેમ બોલીને રાજકીય માહોલ ગરમ કરવામાં સફળ થાય છે, પણ તેના દુરોગામી પરિણામો અંગે કોઈ વિચારતું નથી, રાજકીય અપરાધિકરણ ની જેમ જ બેફામ વાણીવિલાસ અને વાણી સ્વતંત્રતાના નામે અભદ્ર ટિપ્પણી અને ભડકાવ ભાષણો નું દૂષણ અટકાવવા લાંબા સમયથી બૌદ્ધિક હિમાયત થાય છે પરંતુ તેનો અમલ હજુ સુધી શક્ય બન્યું નથી, સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીમાં પ્રાદેશિક મુદ્દાઓના બદલે રાષ્ટ્રીય સ્તરે નેતાઓ અને કોઈ રાજ્યની સમગ્રપ્રજા વિશે ઘસાતું બોલવાના બનાવો ની ચર્ચા વચ્ચે વડાપ્રધાન વિશે અવિચારી વિશેષણ ના ઉપયોગ ની ચર્ચા અત્યારે દેશવ્યાપી બની છે,

નેતાઓના વાણીવિલાસ અને મતદારોને ચોક્કસ પક્ષને મત ન આપવા ની કિંમત ચૂકવવી પડે તેવી સ્થિતિનો ચિતાર આપતી ધમકીઓ દેશના રાજકારણ અને ખાસ કરીને રાજકીય નેતાઓની નિમ્નસ્તરે પહોંચી ગયેલી માનસિકતાની ચાડી ખાય છે , લોકતંત્રમાં દરેકને પોતાની વ્યક્તિગત અભિવ્યક્તિ વ્યક્ત કરવાનો અધિકાર છે પરંતુ તે માટે નિશ્ચિત લક્ષ્મણ રેખા નું પાલન કરવું જોઈએ,ભારતમાં લોકશાહીના ઉચ્ચતમ મૂલ્યો માં મહત્વ ની નાગરિકોની વિશેષ અધિકારની બાબત બનાવાયેલી વાણી સ્વતંત્રતા ની જોગવાઈ હવે બેફામ વાણીવિલાસ ના રૂપમાં સામાજિક રાજકીય સમસ્યા બની ગઈ છે લોક પ્રહરીઓને વાણી સંયમ અને સામાજિક આચારસંહિતાનું અવશ્યપણે અમલ કરવો જોઈએ

જામનગર: હરિયા કોલેજમાં મતગણતરી કેન્દ્રોનું કલેક્ટરે કર્યું નિરીક્ષણ

જિલ્લા ચૂંટણી અધિકારી પી.બી. પંડ્યાએ સ્ટ્રોંગ રૂમ અને સુરક્ષા વ્યવસ્થાની લીધી મુલાકાત; તમામ તાલુકા મથકોએ મતગણતરીની તૈયારીઓ પૂર્ણ

અબતક, જામનગર

જામનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય ચૂંટણી-૨૦૨૬નો જંગ જામ્યો છે, ત્યારે વહીવટી તંત્ર દ્વારા અંતિમ તબક્કાની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. જામનગર જિલ્લા ચૂંટણી અધિકારી પી.બી. પંડ્યાએ આજે જામનગર મહાનગરપાલિકાના તમામ ૧૬ વોર્ડની મતગણતરી માટે નિર્ધારિત કરવામાં આવેલી હરિયા કોલેજની મુલાકાત લઈ સુરક્ષા અને સુવિધાઓની સમીક્ષા કરી હતી. કલેક્ટરે સ્ટ્રોંગ રૂમની સુરક્ષા, સીસીટીવી

મોનિટરિંગ સિસ્ટમ અને કાઉન્ટિંગ હોલમાં ટેબલોની ગોઠવણી અંગે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

આગામી ૨૬ એપ્રિલના રોજ સવારે ૭:૦૦ થી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી મતદાન પ્રક્રિયા હાથ ધરવામાં આવશે, જે બાદ ૨૮ એપ્રિલના રોજ સવારે ૯:૦૦ વાગ્યાથી મતગણતરીનો પ્રારંભ થશે. હરિયા કોલેજ ખાતે મહાનગરપાલિકાના પરિણામો જાહેર થશે, જ્યારે સિક્કા નગરપાલિકા માટે ડીસીસી ટેકનિકલ હાઈસ્કુલમાં ગણતરી હાથ ધરાશે. આ ઉપરાંત જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતો માટે જામનગર ગ્રામ્યમાં ઓશવાળ એકેડમી, કાલાવડમાં મ્યુનિસિપલ હાઈસ્કુલ, જામજોધપુરમાં આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ધ્રોલ-જોડિયા માટે હરધ્રોળ હાઈસ્કુલ અને લાલપુર માટે સરકારી આર્ટસ કોલેજ ખાતે મતગણતરી કેન્દ્રો કાર્યરત કરવામાં આવ્યા છે.

ચૂંટણી અધિકારીએ મતગણતરી સ્થળ પર મીડિયા સેન્ટર, ઓબ્ઝર્વર રૂમ, પીવાનું પાણી અને મેડિકલ ટીમ જેવી વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવા જણાવ્યું છે.

તમામ કર્મચારીઓને ચૂંટણી પંચની ગાઈડલાઈન મુજબ પારદર્શક રીતે કામગીરી કરવા તાકીદ કરવામાં આવી છે. પોલીસ તંત્ર દ્વારા પણ મતગણતરી કેન્દ્રો પર લોખંડી બંદોબસ્ત જાળવી રાખવા માટેની સંપૂર્ણ તૈયારીઓ કરી લેવામાં આવી છે.

જૂનાગઢમાં RAR ફાઉન્ડેશન (રીબડા) દ્વારા મેડિકલ સ્ટોરનો શુભારંભ

માનવસેવાના ઉદ્દેશ સાથે જરૂરિયાતમંદ લોકોને વ્યાજબી ભાવે દવા મળી રહે તે માટે સેવાકાર્ય શરૂ કર્યું: રાજદિપસિંહ જાડેજા

અબતક,દર્શન જોશી જુનાગઢ

જુનાગઢ શહેરના ઝાઝરડા બાયપાસ અક્ષર આઈકોન ગ્રાઉન્ડ ફલોર દુકાન નં. ૩ ખાતે RAR ફાઉન્ડેશનના સંસ્થાપક રીબડાના રાજદિપસિંહ અનિરૂધ્ધસિંહ જાડેજા દ્વારા RAR મેડિકલ સ્ટોર અખાત્રીજના પાવન દિવસે શુભારંભ કર્યો છે.આ મેડિકલ સ્ટોરમાં દરેક જાતની સ્ટાન્ડર્ડ તથા જેનરીક દવાઓમાં ૨૦ થી ૫૦ ટકા સુધી ડિસ્કાઉન્ટ આપવામાં ખાવશે તેમજ દરેક જાતની કોસ્મેટીક, બેબી પ્રોડકટસ તથા ડાયપરમાં ૫ થી ૫૦ ટકા ડિસ્કાઉન્ટ અપાશે.ઉપરાંત બીપી, ડાયાબીટીસની દવાઓ તથા ઈનન્સ્યુલીનની ફાસ્ટ કોમ ડિલીવરી અપાશે અને દરેક પ્રકારની દવા, કોસ્મેટીક પ્રોડકટની

હોમ ડિલીવરી તથા બહારગામ કુરિયર સર્વિસ પણ ઉપલબ્ધ છે મો. નં. ૭૩૫૭૩ ૧૮૮૧૮ ઉપર સંપર્ક સાધવો. રાજદિપસિંહ જાડેજાએ જણાવેલ કે જુનાગઢ શહેર અને જીલ્લાની જનતા માટે માનવસેવાના અને જરૂરિયાતમંદ લોકોને વ્યાજબી ભાવે દવા મળે તે માટે આ સેવાકાર્ય શરૂ કરાયું છે. ડોકટરોના પ્રિસ્કીબશન મુજબ તમામ પ્રકારની દવા ઉપલબ્ધ કરાશે, અમારા ફાઉન્ડેશન દ્વારા દિકરીઓને કરીયાવર, ગૌશાળામાં ઘાસચારો સેવા અને આ મેડીકલ સ્ટોર અમે કમાવાના હેતુથી નહી પરંતુ માનવસેવાના હેતુથી શરૂ કરાયો છે અને અમો ડમેશા સેવા માટે તત્પર છીએ આ ઉદઘાટન જુનાગઢના ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, મડામંડલેશ્વર પૂ. સુખરામદાસબાપુ, શકિતસિંહ જાડેજા(રીબડા), મનોજભાઈ પોપટ, દિશાંત વસોયા, અજયસિંહ ઝાલા સહિતના ઉપસ્થિત રહયા હતા.

ત્રિવેણી સંગમ ખાતે નદીમાં વસ્તુઓ પધરાવવા પર પ્રતિબંધ

ત્રિવેણી સંગમના પાણીમાં માત્ર અને માત્ર અસ્થિ અને પિંડ વિસર્જન કરી શકાશે

અબતક, અતુલ કોટેચા, વેરાવળ

જિલ્લાના પ્રભાસ પાટણ ખાતે આવેલ ત્રિવેણી સંગમની નદીમાં પૂજા સામગ્રી ચૂંદડી, કાપડ, નાળીયેર, ફૂલો, માટીના વાસણો વિગેરે વસ્તુઓ પધરાવવા તથા પ્લાસ્ટીકની કોથળીઓ, અન્ય પ્લાસ્ટીકની સામગ્રી, રાંધેલ કે કાચી ખાદ્ય સામગ્રી તથા અન્ય કોઈપણ પ્રકારનો કચરો નાંખવા પર પ્રતિબંધ મૂકવા અને ત્રિવેણી સંગમના પાણીમાં માત્ર અને માત્ર અસ્થિ અને પીંડ વિસર્જન કરી શકાશે તે મુજબ અમલવારી કરવા અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી રાજેશ આલે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

ત્રિવેણી સંગમ ખાતે નદીમાં પુજા સામગ્રી જેવી કે ચૂંદડી, કાપડ, નાળીયેર, ફૂલો, માટીના વાસણો વિગેરે વસ્તુઓ પધરાવવા તથા પ્લાસ્ટીકની કોથળીઓ, અન્ય પ્લાસ્ટીકની સામગ્રી, રાંધેલ કે કાચી ખાદ્ય સામગ્રી તથા અન્ય કોઈપણ પ્રકારનો કચરો નાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. વિશેષમાં ત્રિવેણી સંગમના પાણીમાં માત્ર અને માત્ર અસ્થિ અને પિંડ વિસર્જન કરી શકાશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામું તા.૨૬ એપ્રિલથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

રાજુલાના નાગરિક બેંકના ડિરેક્ટર સમીર કનોજીયાનો આજે જન્મ દિન

રાજુલાના યુવા સેવાભાવી નવયુવાન સમીર કનોજીયાનો આજે જન્મદિવસ છે. સમાજસેવામાં સતત સક્રિય રહેનાર સમીર કનોજીયા છેલ્લા ઘણા વર્ષોથી માનવ સેવા માટે સમર્પિત રહી અનેક લોકો માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે. સમીર કનોજીયાએ અત્યાર સુધીમાં ૩૩ જેટલા રક્તદાન કેમ્પનું આયોજન કરી અનેક જરૂરિયાતમંદ લોકોને નવજીવન આપવાનું પવિત્ર કાર્ય કર્યું છે. તેઓ ભારતીય જનતા પાર્ટીના અમરેલી જિલ્લા લઘુમતી મોરચાના મહામંત્રી તરીકે પોતાની જવાબદારી નિભાવતા હોવા ઉપરાંત રાજુલા સરકારી નાગરિક બેંકના ડિરેક્ટર સાથે સદભાવના યુવા ગ્રુપ રાજુલાના પ્રમુખ તરીકે યુવાઓને સમાજસેવામાં જોડવાનું મહત્વપૂર્ણ કાર્ય પણ કરી રહ્યા છે. આજે તેમના જન્મ દિવસે મો. નં. ૯૯૦૪૬૩૯૪૫૬ પર શુભેચ્છાઓ વરસી રહી છે.

જૂનાગઢ જિલ્લામાં અચૂક મતદાનનો સંદેશ ઘર-ઘર સુધી લઈ જઈ રહ્યા છે આશા બહેનો

અબતક, દર્શન જોશી, જુનાગઢ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે સમગ્ર રાજ્યની સાથે જૂનાગઢ જિલ્લામાં તા. ૨૬ એપ્રિલે મતદાન થનાર છે, ત્યારે આરોગ્ય વિભાગના ગ્રાસ રૂટ લેવલ પર કામ કરતા આશા બહેનો દ્વારા ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારના મહિલાઓને અચૂક મતદાન કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે.

આરોગ્ય ક્ષેત્રે પાયાની કામગીરી કરતા આશા બહેનો, ગ્રામ્ય સ્તરે મહિલાઓ સાથે ગ્રુપ મીટીંગ કરીને અને આરોગ્યલક્ષી વિઝીટ દરમિયાન મહિલાઓને મતદાનનું મહત્વ જણાવી અચૂક મતદાન કરવા માટે પ્રેરિત કરી રહ્યા છે. આશા બહેનોની સાથે આરોગ્ય વિભાગનો પિરામિડિકલ સ્ટાફ પણ મતદાન જાગૃતિ માટે કામ કરી રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, જિલ્લા ચૂંટણી અધિકારીશ્રીના માર્ગદર્શનમાં સ્વીપ અંતર્ગત અન્ય મતદાન જાગૃતિની રચનાત્મક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવી રહી છે.

ગ્રામ્ય વિકાસ માટે વતન પ્રેમ યોજનાની લોકભાગીદારીમાં હવે વ્યક્તિની જેમ સંસ્થા પણ થઈ શકશે સહભાગી

સરહદ ડેરીના ચેરમેન વલ્લભજીભાઈ હુંબલ દ્વારા મુખ્યમંત્રીને કરાયેલી રજૂઆતો ફળી

અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ

ગુજરાત સરકારની વતનપ્રેમ યોજનામાં વ્યક્તિગત સહયોગની સાથે હવે સંસ્થાઓ પણ ગ્રામ્ય વિકાસમાં લોકભાગીદારી સાથે યોગદાન આપી શકે તે માટે રસ્તો ખુલ્યો છે. શરહદ ડેરીના ચેરમેન વલભજીભાઈ હુંબલે મુખ્યમંત્રીને કરેલી રજૂઆત સરકારે મંજુર રાખી છે.

ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકાયેલ વતન પ્રેમ યોજના રાજ્યના ગામડાઓના સર્વાંગી વિકાસ અને ઉત્તમ જનસુવિધાઓના નિર્માણ માટે એક દ્રષ્ટિવંત અને લોકહિતકારી પહેલ તરીકે ઉભરી રહી છે. આ યોજના દ્વારા વતનપ્રેમીઓને પોતાની જન્મભૂમિ/માતૃભૂમિ પ્રત્યેની લાગણીને વતનસેવામાં રૂપાંતરિત કરવાની અનોખી તક મળી રહી છે.

પહેલા આ યોજના માં દાતા તરીકે જે તે ગામ માં જન્મી હોય કે તેના વડવાઓએ તે ગામ માં વસવાટ કરેલ હોય તેવી જીલ્લા/ રાજ્ય /દેશ બહાર ગમે ત્યાં વસવાટ કરતી હોય અથવા ગામ માટે લાગણી ધરાવતી કોઈ પણ વ્યક્તિ જ સમાવિષ્ટ હતી.

જે મુજબ આ યોજના માં માત્ર વ્યક્તિગત વ્યક્તિ જ કુલ ખર્ચ ના ૪૦% તથા ૬૦% સરકાર અનુદાન આપી શકે તેવી જોગવાઈ હતી. ત્યાર બાદ સરહદ ડેરી ના ચેરમેન વલમજીભાઈ હુંબલ દ્વારા તા. ૨૮ ના રોજ મુખ્યમંત્રીને દાતાની વ્યાખ્યા માં સુધારો કરવા પત્ર મારફતે રજૂઆત કરવામાં આવેલ અને આ રજૂઆત ને ધ્યાને લેતા મુખ્યમંત્રી દ્વારા ઠરાવ માં જરૂરી ફેરફાર કરવામાં આવેલ છે. જેમાં જેમાં દાતા તરીકે જે-તે ગામ ની વ્યક્તિ ઉપરાંત કોઈ પણ સંસ્થા, ટ્રસ્ટ, સોસાયટી કે મંડળ આ યોજનામાં જોડાઈને કુલ ખર્ચ ના ૪૦% તથા ૬૦% સરકાર

અનુદાન આપી શકશે. સુધારા વાળાઓ નવો ઠરાવ તારીખ ૨૪.૦૩.૨૦૨૬ ના રોજ બહાર પાડવામાં આવ્યો છે. જેથી આ રજૂઆત ને ખરા અર્થ માં સફળતા મળી છે.

આમ, આ યોજના માં જરૂરી સુધાર થવાથી સરહદ ડેરી ના ચેરમેન વલમજીભાઈ હુંબલ દ્વારા રાજ્ય સરકાર આ મહત્વાકાંક્ષી યોજનાને હાર્દિક અભિનંદન અને પ્રશંસા વ્યક્ત કરીને અભિનંદન પાઠવવામા આવ્યા.વલમજીભાઈ હુંબલે જણાવેલ કે ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં દૂધ ઉત્પાદન અને ડેરી વ્યવસાય અર્થતંત્રનો મજબૂત આધારસ્તંભ છે. દૂધ મંડળીઓ અને સંઘો પોતાના સભ્યોના યોગદાન તથા આંતરિક ભંડોળ દ્વારા પણ વિકાસ કાર્યોમાં સહભાગી બની શકે તે માટે વતન પ્રેમ યોજના અંતર્ગત દૂધ મંડળીઓના મકાનો, પશુ સારવાર સેન્ટરો અને પશુઓ માટે હવાડા જેવી આધુનિક સુવિધાઓ ઊભી થવાથી ડેરી તથા ગ્રામ્ય વિકાસને નવી દિશા અને ગતિ મળશે.આમ, નવો સુધારો અમલ માં આવવાથી વ્યક્તિ ઉપરાંત કોઈ પણ સંસ્થા, ટ્રસ્ટ, સોસાયટી કે મંડળ ૪૦% ફાળો અને રાજ્ય સરકાર દ્વારા ૬૦% અનુદાનની જોગવાઈ કરવામાં આવી છે, જેના પરિણામે ગામડાઓમાં શાળા, આરોગ્ય કેન્દ્ર, તળાવ બ્યુટીફિકેશન, સોલાર સ્ટ્રીટ લાઈટ તેમજ ડેરી અને પશુ આધારિત ઈન્ફ્રાસ્ટ્રક્ચરના અનેક વિકાસ કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ થશે.

લોધિકાના રાતૈયા અવધુત આશ્રમમાં કાલથી શરૂ થશે શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

અબતક, બી.એમ. ગોસાઈ, લોધીકા

લોધીકા તાલુકા ના રાતૈયા ગામે અવધુત આશ્રમ ચેતન ટેકરી ચિંતાહરણ મહાદેવના સાનિધ્યમાં સંત શ્રી રૂપગીરી બાપુ ગુરૂ શ્રી કિશનગીરી મહારાજ ના આશીર્વાદથી દિલુઅદા (નિકાવા) વાળાના વ્યાસ આશને લોક કલ્યાણની ભાવના વિશ્વ કલ્યાણ હેતુ માટે સર્વે પિતૃના મોક્ષાર્થે ભવ્ય અને દિવ્ય શ્રીમદ ભાગવત જ્ઞાનયજ્ઞ નું તા.૨૪/૪ થી ૧/૫ સુધી સર્વે પિતૃના મોક્ષાર્થે

આયોજન કરવામાં આવેલ છે

જેમાં તા.૨૪/૪ પોથી પધરામણી કથા સમય સવારે ૯ થી બપોરના ૧૨ તેમજ ૩ થી સાંજના ૬ કથા શ્રવણ શ્રીમદ ભાગવત કથા દરમિયાન શુભ પ્રસંગોની ઉજવણી કરવામાં આવશે

આ કથામાં નૃસિંહ જન્મોત્સવ પ્રહલાદ ચરિત્ર વામન જન્મ રામ જન્મ નંદ મહોત્સવ કૃષ્ણ બાળ લીલા રૂક્ષ્મણી વિવાહ તેમજ ૨૮/૪ ના રાત્રે સંતવાણી થા દરમિયાન દરરોજ બપોરે ભોજન પ્રસાદ નું આયોજન

તો શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ શ્રવણ માટે સંત શ્રી રૂપગીરી બાપુ રાતૈયા મેટોડા ખીરસરા રણમલજી વડ વાજડી હરીપર ગામના ભકત જનોનું ભાવભર્યું આમંત્રણ પાઠવાયું છે.

ગીર સોમનાથ જિલ્લામાં બોરવેલ માટે મંજુરી લેવી ફરજિયાત

બોરવેલમાં કોઈ બાળક, જનાવર પડી ન જાય તેવી વ્યવસ્થાની તાકીદ

અબતક,અતુલ કોટેચા, વેરાવળ

રાજ્યમાં ભૂગર્ભ જળ મેળવવા માટે ખેડૂતો દ્વારા પાણીના બોર બનાવવામાં આવે છે અને આવા બોર નકામાં બનતા અકસ્માત સર્જાવાની શક્યતા રહે છે. જેથી ગંભીર ઘટનાઓ નિવારવા તેમજ તકેદારીના પગલા લઈ શકાય તે માટે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ રાજેશ આલ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે.

આ જાહેરનામા અનુસાર સમગ્ર વિસ્તારમાં જે તે વિસ્તારમાં બોરવેલ બનાવતા પહેલા સબંધિત વિભાગની મંજૂરી મેળવી તે અંગેની ખાતરી જમીન માલિક, બોરવેલ માલિક તથા બોર બનાવનાર એજન્સીએ સબંધિત પોલીસ અધિકારીને કરાવવાની રહેશે. તેમજ બોરવેલ બનાવ્યા બાદ કોઈ જાનહાનિ થાય નહી અથવા બોરવેલમાં કોઈ બાળક, અન્ય વ્યકિત કે જાનવર પડી ન જાય તેમજ કોઈપણ પ્રકારનો અકસ્માત ન સર્જાય તે અંગેના બોરને ફરતી મજબુત ફેન્સીંગ વાડ, ફરતી મજબુત દિવાલ કરાવવા જેવા તમામ તકેદારીના પગલા લેવાના રહેશે.

આમ છતા, અનઅધિકૃત રીતે કે ચોકકસ સુચનાઓનું પાલન કરવામાં ન આવે તો બોર બનાવનાર, બોર માલીક, જમીન માલીક સામે સુરક્ષા વ્યવસ્થાનું યોગ્ય પાલન ન કરવા તેમજ બેદરકારી દાખવવા બાબતે કાયદાકીય જોગવાઈઓ મુજબ સબંધીત પોલીસ સ્ટેશનના અધિકારીઓએ કાયદેસરના પગલાં લેવાના રહેશે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યકિત ભારતીય ન્યાય સંહીતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.આ જાહેરનામુ તા.૨૬ એપ્રિલથી ૬૦ દિવસ સુધી અમલમાં રહેશે.

ધોરાજીમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી સંદર્ભે પોલીસનું સઘન ફૂટ પેટ્રોલિંગ: બુથ વિઝીટના દોરનો ધમધમાટ

ધોરાજી એએસપી સિમરન ભારદ્વાજ ની આગેવાનીમાં ધોરાજી શહેર પંથકમાં પોલીસ દ્વારા ગોઠવાયો ચુસ્ત બંદોબસ્ત

અબતક રમણીક ટોપીયા ધોરાજી

રાજ્યભરમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીને લઈને કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ સંગીન રીતે જાળવવા તંત્ર કટિબદ્ધ બન્યું છે ત્યારે ધોરાજી પંથકમાં પણ પોલીસ તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે.ધોરાજી તાલુકા ડિવિઝન કચેરી ના એ,એસ,પી સિમરન ભારદ્વાજ તથા ધોરાજી તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ એમ.એમ. ઠાકોર ની આગેવાનીમાં ધોરાજી તાલુકા પોસ્ટ વિસ્તારના સુપેડી ,ભૂખી અને ઝાંઝમેર ગામમાં ફૂટ પેટ્રોલિંગ કરી અને ક્રિટિકલ બુથ ની વિઝીટ કરી ચૂંટણી બંદોબસ્ત ની ખાસ સમીક્ષા હાથ ધરવા માં આવી હતી સંવેદનશીલ

અને અતિ સંવેદનશીલ મતદાન મથકો પર ચાપતો બંદોબસ્ત ગોઠવવા ખાસ સુચના આપવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે હેતુથી પોલીસ ઉચ્ચ અધિકારીઓ દ્વારા ધોરાજી શહેર પંથકમાં સતત પેટ્રોલિંગ અને નિરીક્ષણનો દોર શરૂ કરવામાં આવ્યો છે અને અસામાજિક પ્રવૃત્તિ કરતા તત્વો ને કડક ચેતવણીના સૂરમાં કોઈપણ હરકત ન થાય તેની તાકીદ કરી દેવામાં આવી છે ,ચૂંટણીને લઈને ધોરાજી પંથકમાં પોલીસ તંત્ર એલર્ટ મોડમાં આવતા અસામાજિક તત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો છે

સાળંગપુર: મુખ્યમંત્રીએ કષ્ટભંજનદેવને શીશ ઝુકાવી જનતાની સુખાકારી માટે કરી પ્રાર્થના

અબતક, રાજકોટ

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સાળંગપુર હનુમાનજી દાદાના દર્શન કરી બોટાદ જિલ્લાના પ્રવાસનો પ્રારંભ કર્યો ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આજે પવિત્ર યાત્રાધામ સાળંગપુર ખાતે શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજીના ચરણોમાં શીશ ઝુકાવીને પોતાના બોટાદ જિલ્લાના પ્રવાસની ભવ્ય શરૂઆત કરી હતી. મુખ્યમંત્રીએ દાદાના દરબારમાં શાસ્ત્રોક્ત વિધિ મુજબ પૂજન-અર્ચન કરી ધજા અર્પણ કરી હતી અને રાજ્યની જનતાની સુખાકારી માટે પ્રાર્થના કરી હતી. દાદાના આશીર્વાદ લીધા બાદ

બોટાદ જિલ્લાની અગ્રણી સંસ્થાઓના આગેવાનો તથા પૂજ્ય સંતો સાથે ગોષ્ઠી કરી સામાજિક અને પ્રાદેશિક ઉત્થાન માટે વિચાર-વિમર્શ કર્યો હતો. આ કાર્યક્રમમાં સંતો-મહંતોની ગરિમામય હાજરી જોવા મળી હતી. જેમાં સ્વામી ડો.સંતવલ્લભદાસજી (ચેરમેન, વડતાલ મંદિર), હરિજીવનદાસજી સ્વામી (ચેરમેન, ગઢપુર મંદિર), કોઠારી વિવેકસાગરદાસજી (સાળંગપુર હનુમાનજી મંદિર), શુકદેવ સ્વામી (ગોકુળધામ, નાર)કુંડળ-બોટાદના વગેરે સંતો ઉપસ્થિત રહી મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પુષ્પહાર પહેરાવી ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું અને રાજ્યના વિકાસ માટે રૂડા આશીર્વાદ પાઠવ્યા હતા.

રાજકોટ: પત્ની, તેના પ્રેમી અને પુત્રની હત્યામાં આરોપીને આજીવન કેદ

પત્ની પારૂલનો પ્રેમસંબંધ મંજૂર ન હોવાથી ટ્રકને ઍક્ટિવા સાથે અથડાવી ત્રણને કચડી નાખી બનાવને અકસ્માતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો તો

મૃતકે મર્યા પહેલા જ તેના ભાઈને જે હકીકત જણાવેલી તે ઓરલ ડીડી તરીકે ટ્રીટ કરી શકાય અને મરનાર વ્યક્તિ ખોટું ન બોલે તેવી દલીલો, સરકાર પક્ષ

અબતક, રાજકોટ

શહેરની ભાગોળે આવેલી આજી ડેમ ચોકડી નજીક રામવન પાસે સાડા ત્રણ વર્ષ પૂર્વે ત્રીપલ સવારી એકટીવાને ટ્રકે અડફેટે લઈ પત્ની, પુત્ર અને પત્નીના પ્રેમીને મોતને ઘાટ ઉતારવા ચકચારી બનાવનો કેસ અદાલતમાં ચાલી જતા આરોપીને આજીવન કેદની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે.આ કેસની હકીકત મુજબ શહેરના રૈયાધાર વિસ્તારમાં આવેલા ઈન્દિરાનગર રહેતા અને ડ્રાઈવિંગ કરતા પ્રવીણ ઉર્ફે કનુભાઈ વાલજીભાઈ દાફડા (ઉ.વ.૪૫)ની પત્ની પારૂલબેન દાફડા પોતાના પુત્ર પ્રદીપ દાફડા સાથે પ્રેમી નવનીત રામજીભાઈ વરુ સાથે રહેવા ચાલી ગઈ હતી. જે પ્રેમપ્રકરણનો ખાર રાખી પ્રવીણ ઉર્ફે કનુ દાફડાએ ગત તા. ૨૨/૧૦/૨૩ના રોજ પત્ની પારૂલબેન દાફડા પોતાના પુત્ર પ્રદીપ દાફડા સાથે પ્રેમી નવનીત વરુના સ્કૂટર પાછળ બેસી કોઠારીયા ચોકડીથી આજીડેમ તરફ જતા હાઈવે રોડ પર જતા હતા. ત્યારે રામવન સામે પહોંચતા પ્રવીણ ઉર્ફે કનુ દાફડાએ પોતાનો જીજે ૦૩ બીડબલ્યુ ૯૦૭૫ નંબરના ટ્રક હડફેટે ચડાવી પત્ની, પુત્ર અને પત્નીના પ્રેમીને ૧૦ થી ૧૫ ફૂટ સુધી રોડ ઉપર ઢસડીને ટ્રક નીચે કચડી નાખ્યા હતા. જે અંગે મૃતક નવનીત વરુના ભાઈ હિતેશભાઈ રામજીભાઈ વરુ (રહે. ભુવનેશ્વરી સોસાયટી)એ આજી ડેમ પોલીસ મથકમાં પ્રવીણ ઉર્ફે કનુ દાફડા વિરુદ્ધ હત્યાની ફરિયાદ નોંધાવી હતી. બાદ પોલીસે ટ્રકનો ચાલક અને પત્ની પુત્ર અને તેના પ્રેમીનો હથિયારો પ્રવીણ ઉર્ફે કનુ દાફડા ની ધરપકડ કરી પ્રાથમિક પૂછપરછમાં પારુલ છેલ્લા કેટલાક સમયથી પોતાના પુત્ર સાથે પ્રેમી નવનીતના ઘરે રહેતી હતાં, જેને પગલે નવનીત અને પ્રવીણ વચ્ચે પણ બોલાચાલી પણ થઈ હતી.આરોપી પ્રવીણને આ પ્રેમસંબંધ મંજૂર ન હોઈ આથી પત્ની અને એના પ્રેમીની હત્યા કરવાનો કારસો ઘડ્યો હતો અને જેના પગલે આ 'અકસ્માત' કર્યો હતો. ટ્રકને ઍક્ટિવા પર જઈ રહેલાં પારૂલ, નવનીત અને પોતાના પ્રદીપ સાથે અથડાવી બનાવને અકસ્માતમાં ખપાવવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ પોલીસ તપાસમાં ત્રીપલ મર્ડર હોવાનું ખુલ્યું હતું જેના આધારે તપાસનીશ દ્વારા ત્રિપલ મર્ડર કેસમાં આરોપી સામે પૂરતો પુરાવો મળતા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કર્યું હતું. ચાર્જશીટ બાદ કેસ ચાલવા ઉપર આવતા જેમાં ૧૭ સાહેદો, ફરિયાદી અને તપાસ અધિકારીની જુબાની લેવામાં આવી હતી અને ટ્રક માલિકે ટ્રક ડ્રાઈવર પ્રવીણ ઉર્ફે કનું દાફડાને ઓળખી બતાવ્યો હતો. ત્યાર બાદ સરકાર પક્ષે રોકાયેલા વકીલ દ્વારા દલીલ કરવામાં આવી હતી કે તપાસવામાં આવેલા ફરિયાદીએ કોર્ટે સમક્ષ ફરિયાદ મુજબ જ જુબાની આપી જણાવેલ છે કે દરમિયાન પ્રવીણ દાફડાએ ટ્રક ચડાવી દીધો હોવાનું ફરિયાદીને જણાવ્યું હતું. મરણજનારે મર્યા પહેલા જ તેના ભાઈને જે હકીકત જણાવેલ છે તે ઓરલ ડીડી તરીકે ટ્રીટ કરી શકાય અને મરનાર વ્યક્તિ ખોટું ન બોલે જેવી દલીલો ગ્રાહ્ય રાખી એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ પી.જે.કાયસ્થે આરોપી પ્રવીણ ઉર્ફે કનું દાફડાને ત્રિપલ મર્ડર કેસમાં તકસીરવાન ઠરાવી સખત આજીવન કેદની સજા અને દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસમાં સરકાર તરફે સરકારી વકીલ બીનલબેન અશોકભાઈ રવેશીયા રોકાયા હતા.

સુરેન્દ્રનગર: મતદાર ન હોય તેવા રાજકીય અગ્રણીઓએ વિસ્તાર છોડી દેવા આદેશ

ચૂંટણી પ્રચારના અંતિમ તબકકામાં જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા કરાયા હુકમ

અબતક
ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જીલ્લામાં આગામી એપ્રિલ-૨૦૨૬માં યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ અંતર્ગત વહીવટી તંત્ર દ્વારા સુરક્ષા અને આચારસંહિતાના પાલન માટે કડક સૂચનાઓ જારી કરવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગની ગાઈડલાઈન મુજબ મતદાન પૂર્ણ થવાના ૪૮ કલાક પહેલા પ્રચાર પ્રક્રિયા બંધ કરવાની જોગવાઈ હેઠળ જીલ્લા મેજીસ્ટ્રેટ જી.એચ.સોલંકી દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જે મુજબ સુરેન્દ્રનગર જીલ્લાના ચૂંટણી હેઠળના વિસ્તારોમાં તા.૨૪ એપ્રિલના રોજ સાંજે ૦૬:૦૦ વાગ્યાથી ચૂંટણી પ્રચાર પર સંપૂર્ણ પ્રતિબંધ રહેશે. આ સમયગાળો શરૂ થતા જ જે તે મત વિભાગના મતદાર ન હોય તેવા બહારના રાજકીય પદાધિકારીઓ, પક્ષના કાર્યકરો કે અન્ય પ્રચારકોએ તાત્કાલિક ધોરણે સુરેન્દ્રનગર જીલ્લાનો ચૂંટણી હેઠળનો વિસ્તાર છોડી દેવાનો રહેશે. આ જાહેરનામું તા.૨૪ એપ્રિલ થી તા.૨૬ એપ્રિલ સુધી અમલમાં રહેશે. જો કોઈ પણ વ્યક્તિ આ નિયમોનું ઉલ્લંઘન કરશે, તો તેમની સામે નિયમ મુજબ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

ગોંડલ: "ભારત માતા" વિશે વિવાદાસ્પદ નિવેદન બદલ કોંગ્રેસ અગ્રણી વિરૂદ્ધ પોલીસ ફરિયાદ

કરોડો ભારતીયની લાગણીને ઠેસ પહોંચ્યાના આક્ષેપ સાથે ભાજપના અગ્રણી રાજભા જાડેજાએ વકીલ દિનેશ પાતર સામે લેખિત ફરિયાદ આપી

અબતક,
જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ

ગોંડલ નગરપાલિકાની ચૂંટણીના માહોલ વચ્ચે રાજકીય ગરમાવો તેજ બન્યો છે. ભાજપના બિનહરીફ ઉમેદવાર રાજેન્દ્રસિંહ રઘુરાજસિંહ જાડેજાએ કોંગ્રેસના અગ્રણી અને વકીલ દિનેશભાઈ પાલાભાઈ પાતર વિરુદ્ધ દેશની એકતા અને અખંડિતતાને નુકસાન પહોંચાડતા અત્યંત વાંધાજનક નિવેદન બદલ બી ડીવીઝન પોલીસ મથકમાં લેખિત ફરિયાદ નોંધાવી છે. ફરિયાદ મુજબ, ગત તારીખ ૧૫/૦૪/૨૦૨૬ના રોજ મામલતદાર કચેરી ખાતે જ્યારે કોંગ્રેસના કેટલાક ઉમેદવારો પક્ષ બદલીને ભાજપમાં જોડાયા અને પોતાની ઉમેદવારી પરત ખેંચવા આવ્યા હતા, ત્યારે ભાજપના કાર્યકરોએ 'ભારત માતા કી જય'ના નારા લગાવી તેમનું સ્વાગત કર્યું હતું. આ જોઈને ઉશ્કેરાયેલા આરોપી દિનેશભાઈ પાતરે કથિત રીતે 'ભારત માતા' વિશે અત્યંત અભદ્ર અને વિવાદાસ્પદ શબ્દોનો પ્રયોગ કર્યો હતો. આરોપીએ "ભારત માતા" સાથે "બળાત્કાર" જેવા ગંભીર શબ્દોનો પ્રયોગ કરી કરોડો ભારતીયોની ધાર્મિક અને સાંસ્કૃતિક લાગણી દુભાવી હોવાનો આક્ષેપ છે.ફરિયાદમાં જણાવાયું છે કે આરોપી કાયદાના જાણકાર હોવા છતાં દેશમાં દ્વેષ અને ભયનું વાતાવરણ ફેલાવવાના ઈરાદે આવું ભડકાવ નિવેદન આપ્યું છે. આરોપી અગાઉ પણ સોશિયલ મીડિયા પર અને અન્ય રીતે જ્ઞાતિ-સમાજમાં વૈમનસ્ય ફેલાવતા નિવેદનો આપવાની ટેવ ધરાવતા હોવાનું અને તેમની સામે ગુનાહિત ઈતિહાસ હોવાનું પણ ફરિયાદમાં ઉલ્લેખાયું છે. ફરિયાદી દ્વારા આ સમગ્ર ઘટનાની વિડીયો ક્લિપ ધરાવતી પેન-ડ્રાઈવ પણ પુરાવા તરીકે પોલીસને સોંપવામાં આવી છે. પોલીસે ભારતીય ન્યાય સંહિતા (બીએનએસ) ની કલમ ૧૫૨, ૧૯૨, ૧૯૬, ૨૯૯, ૩૫૨, ૩૫૩, ૩૫૬ વગેરે મુજબ ગુનો નોંધી કડક કાર્યવાહી કરવાની માંગ સ્વીકારી છે. આ ફરિયાદની નકલ ગૃહ વિભાગ અને ઉચ્ચ પોલીસ અધિકારીઓને પણ મોકલવામાં આવી છે.

ઈનામી લીસ્ટેડ આઠ વોન્ટેડ આરોપીને દબોચી લેતી એલસીબી પેરોલ ફર્લો સ્કવોડ

હત્યા લૂંટ ચોરી છેતરપિંડી દારૂ અપહરણ અને પોક્સોના ગુનામાં એક વર્ષથી લઈ ૨૭ વર્ષ સુધી નાસતા ફરતા શખ્સોને ઝડપી લીધા

અબતક,રાજકોટ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તેમજ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ગંભીર ગુના આચરી નાસતા ફરતા આરોપીઓને ઝડપી લેવા રાજકોટ રૂરલ પોલીસે ધોંસ બોલાવી છે. હત્યા, અપહરણ સહિતના ગુનામાં ફરાર ઈનામી આઠ આરોપીઓને રૂરલ પેરોલ ફર્લો સ્કોવડની ટીમે ઝડપી લઈ ધોરણ સરની કાર્યવાહી હાથ ધરી છે.રાજકોટ એસપી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શનમાં ગ્રામ્ય પોલીસની ટીમો બનાવી પેરોલ/ફર્લો/વચગાળા ફરાર કેદી તેમજ લીસ્ટેડ-ઈનામી જાહેર કરેલ નાસતા ફરતા આઠઆરોપીઓને રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્ય પ્રદેશ, તેલંગણા, હરીયાણા, ઓરીસ્સાથી ઝડપી લીધા હતાં.

જેમાં જેતપુર સીટી પોલીસ મથકના મર્ડરના ગુનામાં છેલ્લા ૨૭ વર્ષથી ફરાર લીસ્ટેડ આરોપી વીરેન્દ્ર ભુરાલાલ પટેલ (રહે. મુકુંદપુર ગામ, ઉત્તરપ્રદેશ) ને હરિયાણાના રોહતક જીલ્લામાંથી પકડી પાડેલ હતો. જસદણ પોલીસ મથકના છેતરપીંડીના કામે છેલ્લા ૧૬ વર્ષથી ફરાર આરોપી

રાજકોટ રેન્જના વડા નિર્લિપ્ત રાય અને એસપી વિજયસિંહ ગુર્જરના માર્ગદર્શન હેઠળ રાજસ્થાન, ઉત્તરપ્રદેશ, મધ્ય પ્રદેશ, તેલંગણા, હરીયાણા, ઓરીસ્સાના શખ્સને ઝડપી લેવામાં ટીમને મળી સફળતા

ભદ્રાયુ ઉર્ફે ભોળા ડાયા પટેલ (રહે. વડોદરા, વાઘોડીયા, કસ્તુરબા ફળીયા, હાલ રહે. તેલંગણા) ને હૈદરાબાદથી, વિરપુર પોલીસ મથકના હત્યા, આર્મ્સ એકટના ગુનામાં છેલ્લા ૧૩ વર્ષથી ફરાર ઈનામી આરોપી રોહન બચ્ચા પ્રાસદ રાવત (યાદવ) (રહે. ગોરખપુર, ઉત્તર પ્રદેશ) ને ગોરખપુરથી ઝડપી લીધો હતો.

વીંછિયા પોલીસ મથકના દારૂ સપ્લાયના ગુનામાં છેલ્લા ૫ વર્ષથી ફરાર આરોપી શૈલેન્દ્ર ઉર્ફે મુકેશ પુરબારામ ગૌદારા (રહે. .હનુમાનઢ, રાજસ્થાન) ને પોતાના વતન રાજસ્થાન ખાતેથી પકડી પાડી વધુ તપાસ અર્થે વિંછીયા પોલીસ સ્ટેશનને સોંપી આપેલ છે. મેટોડા જી.આઈ.ડી.સી પોલીસ સ્ટેશનના ચોરીના છેલ્લા ૧ વર્ષથી ફરાર આરોપી નિતીન ગોપસીંગ મોહનીયા (રહે.બીલીયા ગામ, દાહોદ) ને તેના વતન બિલીયા દાહોદ ખાતેથી ઝડપી લીધો હતો. જ્યારે તે જ ચોરીના ગુનામાં ફરાર આરોપી રાજ લલીત સોની (રહે.અલીરાજપુર, મધ્યપ્રદેશ) ની તપાસ કરતા આરોપી હાલ રાજસ્થાનની કોટા સેન્ટ્રલ જેલ રાજસ્થાન ખાતે સજા ભોગવતો હોય જેથી તેનો કબ્જો મેળવવા મેટોડા જી.આઈ.ડી.સી પોલીસને જાણ કરી આરોપીની અટક કરી આગળની કાર્યવાહી કરેલ છે.મોરબી તાલુકા પોલીસ મથકના અપહરણના ગુનામાં છેલ્લા ૯ વર્ષથી ફરાર લીસ્ટેડ દેબાશીશ ઉર્ફે દેવાશી ઉર્ફે કાનુ મદન બારીક (ઉ.વ.૨૮, રહે. કુડીયા, ઓરીસ્સા) ને તેના વતન ઓરીસ્સા ખાતેથી મોરબી સીટી એ ડીવીઝન પોલીસ મથકના પોક્સો, અપહરણ સહિતની કલમના ગુનાના કામે છેલ્લા ૩ વર્ષથી ફરાર સંદિપ ગોકરણ પાસવાન (રહે. ઝરવા ગામ, ઉત્તરપ્રદેશ) ને તેના વતન ઉત્તરપ્રદેશ ખાતેથી પકડી પાડી કાર્યવાહી કરી હતી.

ધ્રાંગધ્રાના આંબેડકરનગરમાં મકાનમાંથી જુગાધામ પકડાયું

એલસીબીએ દરોડો પાડી છ શખ્સોની ધરપકડ: ૯૧ હજારનો મુદ્દામાલ કબ્જે: હાથીખાનામાં ઘોડીપાસાનો જુગાર રમતો એક પકડાયો બે ફરાર

અબતક
સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા

ધ્રાંગધ્રા શહેરમાં બે સ્થળે જુગારના દરોડા પાડવામાં આવ્યા છે. સુરેન્દ્રનગર જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) દ્વારા ધ્રાંગધ્રા શહેરમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સામે કડક કાર્યવાહી હાથ ધરતા આંબેડકરનગર વિસ્તારમાં મહત્વપૂર્ણ સફળતા મેળવી છે. મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસ ટીમે રહેણાંક મકાનના ઉપરના માળે ચાલતા જુગારધામ પર દરોડો પાડી સમગ્ર કાવતરાનો પર્દાફાશ કર્યો હતો. પોલીસ કોન્સ્ટેબલ મેહુલભાઈ મકવાણાની નોંધાયેલ ફરિયાદ મુજબ, રમેશભાઈ ઉર્ફે પાયલ પ્રેમજીભાઈ સિંધવ પોતાના મકાનમાં બહારથી લોકો બોલાવી ગંજીપાના વડે હાર-જીતનો જુગાર ચલાવતા હતા. દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી કુલ છ શખ્સોને ઝડપી પાડ્યા હતા, જેમાં સંચાલક રમેશભાઈ સિંધવ ઉપરાંત હનીફભાઈ માણેક, પ્રદીપભાઈ વાઘેલા, શબ્બીરભાઈ મોવર, જયંતિભાઈ રાઠોડ અને હસમુખભાઈ ચીહલા સામેલ છે પોલીસ તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી રૂપિયા ૪૦,૫૮૦ ની રોકડ રકમ, આશરે રૂપિયા ૫૦,૫૦૦ કિંમતના છ મોબાઈલ ફોન, ગંજીપાના પત્તા, પ્લાસ્ટિકના ટોકન તેમજ પાથરણું મળી કુલ રૂપિયા ૯૧,૦૮૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. દિલ્હી દરવાજા પાસે આવેલા હાથીખાના વિસ્તારમાં જાહેરમાં ચાલી રહેલા જુગારધામ પર સફળ દરોડો પાડવામાં આવ્યો હતો. પોલીસ ટીમ સ્થળ પર પહોંચતા જ કેટલાક શખ્સો ગુડ્ડી પાસા વડે હાર-જીતનો જુગાર રમી રહ્યા હોવાનું સામે આવ્યું હતું. દરોડા દરમિયાન પોલીસે લાલાભાઈ ગાંડાભાઈ મુંધવા નામના આરોપીને ઝડપી પાડી તેની પાસેથી રૂપિયા ૧૪,૧૦૦ ની રોકડ રકમ તેમજ જુગાર માટે ઉપયોગમાં લેવાતું સાહિત્ય કબજે કર્યું હતું જો કે, પોલીસની હાજરી જણાતા હબીબભાઈ મહમદભાઈ અને વિશાલભાઈ ભીખાભાઈ ગઢવી નામના બે શખ્સો સ્થળ પરથી નાસી છૂટવામાં સફળ રહ્યા હતા પોલીસે પકડાયેલા મુદ્દામાલને કબજે કરીને ત્રણેય આરોપીઓ વિરુદ્ધ જુગારધારાની કલમ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરૂ કરી છે.

વઢવાણ દુષ્કર્મના ગુનામાં આરોપીને ૨૦ વર્ષની સજા

વર્ષ ૨૦૧૮માં સગીરાને લલચાવી ફોસલાવી ભગાડી લઈ શરીર સંબંધ બાંધ્યો 'તો: બે લાખનો દંડ પીડિતાને વળતર પેટે ચૂકવવા હુકમ

અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર જીલ્લામાં સગીરા પર દુષ્કર્મના બનાવો વધી રહ્યા છે ત્યારે વર્ષ ૨૦૧૮માં વઢવાણ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રહેતી સગીરા ને લલચાવી ફોસલાવી ભગાડી જઈ દુષ્કર્મ આચરનાર મુખ્ય આરોપીને પોક્સો કોર્ટના જજ દ્વારા ૨૦ વર્ષની સજા અને રોકડ રકમની દંડ ફટકારતો ચુકાદો આપ્યો છે.

આ અંગે મળતી માહિતી મુજબ વઢવાણ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પરિવાર સાથે રહેતી ૧૫ વર્ષની સગીરાને વર્ષ ૨૦૧૮માં ગામમાં જ રહેતા શખ્સ રસિકભાઈ ઘનશ્યામભાઈ સીતાપરા દ્વારા લગ્ન કરવાની લાલચ આપી લલચાવી, ફોસલાવી ભગાડી જઈ દુષ્કર્મ આચર્યું હતુ અને ધમકી પણ આપી હતી. જેમાં સાગરભાઈ વેરશીભાઈ, ઘનશ્યામભાઈ રાયસંગભાઈ, લાભુબેન ઘનશ્યામભાઈ, ભીમાભાઈ વેરશીભાઈ અને રાજેશભાઈ સાગરભાઈ દ્વારા મદદગારી કરવામાં આવી હતી. જે મામલે ભોગ બનનાર સગીરાના પરિવારજને જોરાવરનગર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુન્હો નોંધી સગીરા સહિત દુષ્કર્મ આચરનાર શખ્સને ઝડપી લીધો હતો. જે અંગેનો કેસ તાજેતરમાં ચાલી જતા પોક્સો કોર્ટના જજ દ્વારા દુષ્કર્મ આચરનાર મુખ્ય આરોપી રસિકભાઈ ઘનશ્યામભાઈ સીતાપરાને ૨૦ વર્ષની સજા અને રૂ.૦૨ લાખ દંડ વળતર પેટે ભોગ બનનાર પીડિતાને ચૂકવવાનો હુકમ કર્યો છે.

અમરેલી: યુવાનનો ફાંસો ખાઈ આપઘાત

કારણ જાણવા પોલીસનો તપાસનો ધમધમાટ

અબતક
હર્ષ ઠાકર, અમરેલી

અમરેલી શહેરના કેરિયારોડ વિસ્તારમાં આવેલી શિવપાર્ક સોસાયટીમાં રહેતા એક યુવાને ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતાં વિસ્તારમાં શોકની લાગણી વ્યાપી ગઈ છે. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી તપાસ હાથ ધરી હતી. ગઈ કાલે સવારે આશરે ૧૦:૩૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે કેરિયારોડ સ્થિત શિવપાર્ક સોસાયટીમાં જીગ્નેશભાઈ રતિભાઈ કાબરીયાના મકાનમાં ભાડે રહેતા સર્જન રમેશભાઈ ઉર્ફે નગરસીગભાઈ ગણાવા (ઉ.વ.૨૨) એ કોઈ અગમ્ય કારણોસર પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે મજૂરી કામ કરતા રમેશભાઈ ઉર્ફે નગરસીગભાઈ દાલસિંગભાઈ ગણાવા (ઉ.વ.૪૭) દ્વારા જાણ કરવામાં આવી હતી. બનાવની જાણ થતાં પોલીસે સ્થળ પર પહોંચી મૃતદેહને કબજે લઈને આગળની કાર્યવાહી હાથ ધરી હતી. હાલમાં યુવાને આત્મહત્યા કરવા પાછળનું ચોક્કસ કારણ જાણવા મળ્યું નથી. પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ શરૂ કરવામાં આવી છે.

ગીરગઢડા: ચાલુ ટ્રેક્ટર પટકાયેલા ચાલક પર વ્હીલ ફરી વળતા મોત

અબતક, ઉના

ગીર ગઢડા તાલુકા ના ઉટવાયા ગામ ના ટ્રેક્ટર ચાલક સંદીપ ભાઈ હરેશ ભાઈ મકવાણા પોતાના કબજા વાળું ટ્રેક્ટર નંબર GJ 32 A A 8646 ટ્રોલી સાથે આજે સવારે ખિલાવડ ગામ થી માટી ભરી ને આવતો હતો ત્યારે વડવિયાળા ગામ પાસે રોડ વચ્ચે એક પથ્થર સાથે ટ્રેક્ટર અથડાતા જોરદાર ઝટકો લાગેલ અને સ્ટેરીંગ સીટ ઉપર થી ઉછળી રોડ ઉપર પટકાતા પાછળ ની ટ્રોલી ના વિહિલ નીચે આવી ચીપાઈ જતા ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત થયું હતું. લોકો ને જાણ થતા લોકો ઘટના સ્થળે ટોળે ટોળા આવી ગયા હતા અને ગીર ગઢડા પોલિસ ને જાણ કરતા પોલીસ સ્થળ ઉપર પહોંચી ગઈ હતી અને મૃતક ને પોસ્ટ મોર્ટમ માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસ વધુ તપાસ કરી રહી છે.

અમરેલી: હુમલાખોર ત્રિપુટીને કાયદાનું ભાન કરાવતી પોલીસ

સ્કુટર અથડાવવા જેવી નજીવી બાબતે વેપારી પર છરી વડે જીવલેણ હુમલો કર્યો તો

અબતક
હર્ષ ઠાકર, અમરેલી

અમરેલી લિખાઓને ભાનમાં લાવવા આજે અમરેલી પોલીસે કાર્યવાહી કરી હતી. બિનાકા ચોક પાસે એક દુકાનદારને સામાન્ય બાબતે છરીના ઘા જીકનાર શખ્સોની ધરપકડ બાદ સ્થળ પર લાવી પોલીસ દ્વારા રીકન્ટ્રકશન કરાવવામાં આવ્યું હતું.

અમરેલી શહેરમાં અસામાજિક તત્વો સામે પોલીસ દ્વારા કડક સંદેશ આપતી કાર્યવાહી કરવામાં આવી છે. શહેરના ડીલક્સ પાન નજીક એક્ટિવા અથડાવાની સામાન્ય બાબતે થયેલી બોલાચાલી બાદ ત્રણ શખ્સોએ દુકાનદાર યુવક પર છરી વડે જીવલેણ હુમલો કર્યો હતો, જેના કારણે વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી.

ઘટનાની જાણ થતા જ પોલીસ તંત્ર હરકતમાં આવ્યું અને તપાસ હાથ ધરી દાદલીમીયા રફીકમીયા સૈયદ, ઈરફાન રફીકભાઈ સૈયદ અને અજુમ રફીકમીયા સૈયદ સહિત ત્રણેય શખ્સોને પકડી પાડવામાં આવ્યા હતા.

આ ઘટનાના પગલે પોલીસ દ્વારા કાયદાનું ભાન કરાવવા માટે જે સ્થળે હુમલો થયો હતો તે જ વિસ્તારમાં આ શખ્સોનું જાહેરમાં સરઘસ કાઢવામાં આવ્યું હતું.

પાલીતાણા: રામકથામાં શ્રોતાના સોનાના ચેનની ચોરી કરનાર મહેમદાબાદની ગેંગ ઝડપાઈ

૨૪ જેટલા ગુનામા પોલીસ ચોપડે ચડી ચૂકેલ ૪ મહિલા સહિત ૮ની ધરપકડ, ૩૩૧૮૬૦૦૦નો મુદ્દામાલ કબજે

અબતક, અંકુર મહેતા, પાલીતાણા

પાલીતાણા તાલુકાનું સગાપરા ગામની ધાર પર કૈલાશ ટેકરી આશ્રમ ખાતે આયોજિત રામકથામાંથી થયેલ સોનાના ચેન નો ચોરીનો ભેદ ઉકેલ પાલીતાણા પોલીસે મહેમદાબાદ ની ગેંગના સાગરીતો ને ઝડપી પાડી રૂપિયા ૧,૮૬,૦૦૦ ની કિંમત નો ૧૭.૩૦૦ તોલાનો સોનાનો ચેન કબજે કરેલ હતો. આ અંગે મળતી માહિતી મુજબ ભાવનગર રેન્જ આઈ.જી રાજેન્દ્ર અન્સારી એસ.પી નિતેશ પાંડે દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં સખત પેટ્રોલિંગ અને ગુનાખોરી અટકાવવા સૂચના આપેલ જે અન્વયે પાલીતાણા રૂરલ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા સગાપરા ગામની ધાર પર કૈલાશ ટેકરી આશ્રમ ખાતે રામકથામાં થયેલ સોનાની ચેન ની ચોરીનો ભેદ ઉકેલવા પેટ્રોલિયમમાં હતા એ દરમિયાન બાતમી આધારે ભોજનાલય ખાતે પાસેથી આરોપી અમદાવાદના વાટવા રહેતો મોસીનખાન હસનખાન પઠાણ ને ઝડપી પાડેલ અને રૂપિયા ૧,૮૬,૦૦૦ નો સોનાના ચેનનો મુદ્દામાલ કબજે કરેલ તેમજ વધુ તપાસ કરતા મહેમદાબાદની ગેંગ નો સાગરિત વડોદરા રહેતી પૂજા અજીત દેવીપુજક, કાજલ કલ્લુ દેવીપુજક, રેખા રાજુ દેવીપુજક, કલુ પોપટ દેવીપુજક,મહેમદાબાદ રહેતી લક્ષ્મી અજીત ઠાકોર, ગોવિંદ રાયસીંગ દત્તાણી, રૂપેશ શંકર ઠાકોર, સહિતની ગેંગને ઝડપી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી તેમજ મહેમદાબાદ ની ગેંગ ના સાગરીતો વિરુદ્ધ અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ૨૪ થી વધુ ગુનાઓ નોંધાયેલ છે આ કામગીરીમાં પીઆઈ એમ બી જાડેજા, પીએસઆઈ ડી આર રાણા, એસ આઈ વી એ બરાડ, આર બી કોતર, હેડ કોન્સ્ટેબલ વીએમ મકવાણા સહિતના સ્ટાફે ફરજ બજાવી હતી.

રામકથામા શંકાસ્પદ વ્યકિત અંગે પોલીસને જાણ કરવી

સગાપરા ધાર ખાતે મોરારી બાપુની રામકથાનું શ્રવણ કરવા આવતા તમામ ભાવીક ભક્તોને તમારી આસપાસ કોઈ શંકાસ્પદ વસ્તુ કે વ્યકિત મળી આવે તો રામકથા ખાતે આવેલ પોલીસ કન્ટ્રોલ રૂમ , કાર્યાલય ખાતે અથવા પાલીતાણા રૂરલ પો.સ્ટે. ફોન નં. ૬૩૫૯૬૨૬૨૭૧ તાત્કાલીક જાણ કરવી અપીલ કરવામાં આવી છે.

મેટોડા જીઆઈડીસીમાં જુગારનો દરોડો

રૂ.૩૫ હજારની રોકડ સાથે સાત જુગારી ઝડપાયા

અબતક, રાજકોટ

લોધીકા તાલુકાના મેટોડા ગામે આવેલી જીઆઈડીસી ગેટ નંબર ૦૩ માં જાહેરમાં જુગાર રમતા સાત જુગારીને રૂ.૩૫ હજારની રોકડ સાથે મેટોડા પોલીસની ટીમે ઝડપી લીધા છે.

મેટોડા પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે જીઆઈડીસી ગેટ નંબર ૦૩ માં આવેલા બી જી સ્ટીલ નજીક જાહેરમાં જુગાર રમાઈ રહ્યો છે. મેટોડા પોલીસે જુગારનો દરોડો પાડી જુગાર રમતો શમશેર રફિકભાઈ કુરેશી, હલીમ નૂર મોહમ્મદ કુરેશી, દિલીપકુમાર મુન્નાલાલ બંસલ ,ધર્મેન્દ્ર સંજયભાઈ યાદવ, પ્રેમ અરુણભાઈ ચૌધરી, વિજય વાલજીભાઈ ધળવાણીયા અને વાલજી કપૂરજી ચૌહાણ નામના પતા પ્રેમીઓને ઝડપી લઈ, જુગારના પટમાંથી રૂ.૩૫ હજારની રોકડ કબ્જે કરી છે.

માળિયા (મી.) અણીયારા ટોલનાકા નજીક થયેલી યુવકની હત્યાનો ભેદ ઉકેલાયો : છ વ્યકિતની ધરપકડ

પૈસાની લેતીદેતીના મનદુખે ધૈર્ય હોટલ ખાતે છરીના ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધું

અબતક, રૂષિ મહેતા, મોરબી

માળીયા(મી)ના અણીયારી ટોલનાકા નજીક ધૈર્ય હોટલ ખાતે અનિલ હરિલાલ કંડિયા ઉપર જૂની પૈસાની લેતીદેતીના મનદુખને કારણે છરી વડે હુમલો કરી હત્યા કરવામાં આવી હતી, જ્યારે વચ્ચે પડેલા તેના મિત્ર વિવેક અઘારા પણ ઈજાગ્રસ્ત થયા હતા. મોરબી પોલીસે ગણતરીની કલાકોમાં હત્યાનો ભેદ ઉકેલી આરોપીઓની અટકાયત કરી, આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ બનાવ અંગે માળીયા(મી) પોલીસ મથકે બીએનએસ કલમ ૧૦૩(૧) મુજબ નોંધાયેલ કેસ મુજબ, મૃતક અનિલ હરિલાલ કંડિયા ઉવ.૩૦ રહે. પ્રભુકૃપા સોસાયટી મહેન્દ્રનગર મૂળ રહે. જેતપર વાળા પોતાના મિત્ર વિવેક વેલજીભાઈ અઘારા ઉવ.૨૭ રહે. રાજ પેલેસ એપાર્ટમેન્ટ આલાપ સોસાયટી રવાપર રોડ મોરબી વાળા સાથે મોડી રાત્રે નાસ્તા માટે હોટલ પર ગયા હતા. દરમિયાન કેટલાક શખ્સો ત્યાં આવી પહોંચ્યા અને પૈસાની જૂની લેતીદેતી બાબતે બોલાચાલી શરૂ થઈ હતી. બોલાચાલી ઉગ્ર બનતા આરોપીઓએ અનિલ કંડિયા પર છરી વડે હુમલો કર્યો હતો, જેમાં પડખાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી અને તેનું મોત નિપજ્યું હતું. ત્યારે બચાવ કરવા વચ્ચે આવેલા મિત્ર વિવેક અઘારાને પણ છરીના ઘા વાગતા ઈજાગ્રસ્ત થયો હતો.ઘટનાની ગંભીરતા ધ્યાનમાં રાખી માળીયા(મી) તથા એલ.સી.બી. પીઆઈ દ્વારા અલગ-અલગ ટીમો બનાવી ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન ઈન્ટેલિજન્સના આધારે તપાસ હાથ ધરવામાં આવી હતી. અને ગણતરીના કલાકોમાં જ ૬ આરોપીઓને ઝડપી લીધા હતા. જેમાં આરોપી મોહન ઉર્ફે શીવમભાઈ ભગવાનજીભાઈ ભુંભરીયા રહે. મોરબી, રમેશભાઈ ઉર્ફે રામો અરજણભાઈ રબારી મૂળ રહે. કેશોદ હાલ મોરબી, પુથ્વીરાજસિંહ ભગીરથસિંહ ઝાલા રહે.મોરબી, ગુલામહુસૈન મહેબુબભાઈ પઠાણ રહે.મોરબી, કિશનભાઈ અમરશીભાઈ ચૌહાણ રહે.મોરબી તથા હીરાભાઈ રવજીભાઈ ઉલવા રહે.મોરબી વાળાની ધરપકડ કરવામાં આવી હતી. પ્રાથમિક તપાસ મુજબ મુખ્ય આરોપી મોહન ઉર્ફે શીવમ રબારી હોથલ ફાઈનાન્સનો વ્યવસાય કરતો હોય અને મૃતક સાથે પૈસાની લેતીદેતી બાબતે મનદુખ ચાલતું હતું. જેનો ખાર રાખી આરોપીઓએ પૂર્વયોજિત રીતે હુમલો કરી હત્યાનો ગુનો આચર્યો હોવાનું સામે આવ્યું છે. આ સાથે પોલીસે બનાવમાં વપરાયેલ ઈક્કો ગાડી રજી. નં. જીજે-૩૬-બી-૩૭૪૯ કબ્જે લઈ, આ હત્યા કેસની વધુ તપાસ હાથ ધરી છે.

મોરબીમાં છેડતીની ફરિયાદનો ખાર રાખી

પીજીવીસીએલના મહિલા અધિકારીને પૂર્વ પટ્ટાવાળાએ જાનથી મારી નાખવાની આપી ધમકી

ઓફિસ ખાતે ધસી આવી આરોપીએ સિક્યુરીટી ગાર્ડ સાથે પણ ઝઘડો કર્યો

અબતક, રૂષિ મહેતા, મોરબી

મોરબી પીજીવીસીએલ કચેરી-૨માં ફરજ બજાવતા મહિલા અધિકારીને પૂર્વ પટાવાળાએ ઓફિસમાં ઘૂસી બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી છે.

મોરબીની પીજીવીસીએલ વિભાગીય કચેરી-૨માં સુપ્રિટેન્ડેન્ટ એકાઉન્ટ તરીકે ફરજ બજાવતા મહિલા અધિકારીએ મોરબી સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં આરોપી અનિલ મુળજીભાઈ સોલંકી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, મહિલા અધિકારીએ અગાઉ આરોપી વિરુદ્ધ છેડતી અને ધમકી બાબતે પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. આ મામલાનો ખાર રાખી આરોપી વારંવાર ફોન અને મેસેજ કરી ત્રાસ આપતો હતો.

ફરીયાદીએ ફોન ન ઉપાડતા આરોપી સીધો પીજીવીસીએલ કચેરીએ પહોંચ્યો હતો. કચેરી ખાતે આરોપી મહિલા અધિકારીને મળવા જવા માગતો હતો,

પરંતુ સિક્યુરિટી સ્ટાફે તેને અંદર જવા દીધો નહોતો. આ કારણે આરોપીએ સિક્યુરિટી સાથે બોલાચાલી કરી ઝઘડો કર્યો હતો અને જાહેરમાં મહિલા અધિકારીને બિભત્સ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. બનાવ અંગે પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોરબી : હોટલમાં યુવક પર હુમલો, મેનેજર-સંચાલકે પાઈપથી માર મારી ઈજા પહોંચાડી

અબતક, રૂષિ મહેતા, મોરબી

મોરબીના રવાપર-ઘુનડા રોડ પર આવેલી કાર્ગો કેફે નામની નાસ્તાની હોટલમાં હાથ ધોવા ગયેલા યુવકને મેનેજર અને સંચાલકે માર માર્યાની ફરિયાદ નોંધાઈ છે. પોલીસે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મોરબી શહેરના રવાપર-ઘુનડા રોડ પર આવેલા રામેશ્વર પાર્ટી પ્લોટ પાસે ગત રાત્રે હુમલાની ઘટના સામે આવી છે. જેમાં જીઆઈડીસી પંચવટી સોસાયટી કંકુ હાઈટસ ફ્લેટ નં.૨૦૧માં રહેતા માનવભાઈ પ્રશાંતભાઈ વઘાડીયા ઉવ.૧૮એ મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરીયાદ મુજબ, ગત રાત્રે લગભગ ૧૧ વાગ્યાના અરસામાં ફરીયાદી માનવભાઈ તેમના મિત્રની જન્મદિવસ પાર્ટી પૂર્ણ કરીને રામેશ્વર પાર્ટી પ્લોટ બહાર હતા. તે દરમિયાન નજીક આવેલી કાર્ગો કેફે નામની નાસ્તાની હોટેલમાં હાથ ધોવા ગયા હતા. ત્યારે ત્યાં કેફેના મેનેજર આશીષભાઈ સાથે બોલાચાલી થતા મામલો ઉગ્ર બન્યો હતો. અને આરોપી આશીષભાઈએ ગાળાગાળી કરી ફરીયાદીને ઢીકાપાટુ વડે માર માર્યો હતો. બાદમાં કેફેના પાર્ટનર હિરેનભાઈ પણ ત્યાં આવી ગયા અને તેમણે પ્લાસ્ટિકના પાઈપ વડે ફરીયાદીના માથા, ડાબા પગ અને ચહેરા પર હુમલો કરી ઈજા પહોંચાડી હતી. બનાવ અંગે ફરીયાદના આધારે પોલીસે બંને આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ: શેરીમાં ગાળો બોલવા મુદ્દે બખેડો

તલવાર સાથે ધસી આવેલા યુવકને જાનથી મારી નાખવાની ધમકી

અબતક, રૂષિ મહેતા, મોરબી

હળવદમાં લક્ષ્મીનારાયણ ચોક વિસ્તારમાં શેરીમાં ગાળો બોલવાની ના પાડતા કણબીપરાના એક શખ્સે બે તલવાર લઈને આવી યુવકને જાનથી મારી નાખવાની ધમકી આપી. હળવદના લક્ષ્મીનારાયણ ચોક પારેખ ફળીયામાં રહેતા અભિષેકભાઈ સુભાષભાઈ જોષી ઉવ.૪૧ એ આરોપી ગૌતમ ગોઠી વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, ગત તા.૨૧ એપ્રિલની રાત્રે તેઓ પત્ની સાથે વોકિંગ કરતા હતા ત્યારે આરોપી ગૌતમ ગોઠી મોટરસાયકલ પર આવી ગાળો બોલતો હતો. જેથી ફરિયાદીએ ગાળો બોલવાની ના પાડતા આરોપીએ ગાળો આપી ધમકી આપી હતી. ત્યારબાદ થોડીવાર બાદ આરોપી બે તલવાર સાથે શેરીમાં આવી ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. દરમિયાન પરિવારજનો આવી જતા આરોપી ભાગી ગયો હતો. બનાવ અંગે ૧૧૨ ઉપર જાણ કર્યા બાદ પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મોરબી સાયબર ક્રાઈમ કેસમાં આરોપીના જામીન મંજુર

અબતક, રૂષિ મહેતા, મોરબી

એડવોકેટ

મોરબી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં વર્ષ ૨૦૨૫માં નોંધાયેલ ગુનામાં પોલીસે આરોપી જયદીપ રામભાઈ લગારીયા રહે.આંબરડી તા. ભાણવડ જી. દેવભૂમિ દ્વારકા વાળાની અટક કરી અદાલતમાં રજૂ કર્યો હતો, જ્યાંથી તેને જ્યુડિશિયલ કસ્ટડીમાં જેલ હવાલે કરવામાં આવ્યો હતો. જે બાદ આરોપીએ મોરબી સેશન્સ કોર્ટમાં રેગ્યુલર જામીન માટે અરજી કરી હતી. આરોપી તરફથી મોરબીના સિનિયર એડવોકેટ મનીષ પી. ઓઝા (ગોપાલ ઓઝા) દ્વારા સુપ્રીમ કોર્ટ અને ગુજરાત હાઈકોર્ટના સંબંધિત ચુકાદાઓના આધારે દલીલો રજૂ કરવામાં આવી હતી. જેથી વકીલ દ્વારા કરવામાં આવેલ દલીલોને ધ્યાનમાં રાખી મોરબીના વિશેષ ન્યાયાધીશ કે.આર. પંડ્યા દ્વારા આરોપીને રૂ.૨૫,૦૦૦ના જામીન ઉપર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવ્યો છે. આ કેસમાં આરોપી તરફથી વકીલ તરીકે મનીષ પી. ઓઝા તથા કુ. મેનાઝ એ. પરમાર રોકાયેલ હતા.

મોરબીમાં બે સ્થળે જુગાર રમતા ત્રણ પકડાયા

અબતક, રૂષિ મહેતા, મોરબી

મોરબી સીટી એ ડિવિઝન પોલીસે આરોપી આરીફભાઈ મુસ્તાકભાઈ બ્લોચ ઉવ.૪૫ રહે.મકરાણી વાસ મોરબી વાળાને ગાંધીચોક ખાતે જાહેર રોડ પર વર્લી ફીચરના આંકડાનો જુગાર રમતા રંગેહાથ ઝડપી લીધો હતો. પોલીસે તેના પાસેથી રોકડા રૂ. ૩૦૦/-, જુગાર રમવાનું સાહિત્ય સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. જ્યારે બીજી રેઈડમાં મોરબી સિટી બી ડિવિઝન પોલીસે આરોપી મહેશભાઈ લક્ષ્મણભાઈ આદરોજીયા ઉવ.૪૦ રહે. મફતીયાપરા કુબેર ટોકિઝ પાછળ મોરબી અને આરોપી સાગરભાઈ રાજેશભાઈ અગેચાણીયા ઉવ.૨૭ રહે. કુબેર ટોકિઝ પાછળ ઢાળ ઉપર મોરબી વાળાને શોભેશ્વર રોડ પર કુબેર ટોકિઝના ગ્રાઉન્ડમાં જાહેરમાં ગંજીપતાના પાનાં વડે તીનપત્તીનો જુગાર રમતા પકડી પાડયા હતા. પોલીસે તેમની પાસેથી રોકડા રૂ.૧,૪૨૦/- કબ્જે લઈ આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મોરબી:મતદાનના દિવસે કર્મચારીઓને વૈકલ્પિક ત્રણ કલાક રજાની જાહેરાત

અબતક, રૂષિ મહેતા, મોરબી

મોરબી: રાજ્ય ચૂંટણી આયોગના નિર્દેશ અનુસાર મહાનગરપાલિકાની ૨૬ એપ્રિલ, રવિવારના રોજ યોજાનાર ચૂંટણીને ધ્યાનમાં રાખીને શહેરની તમામ દુકાનો અને સંસ્થાઓમાં કામ કરતા કર્મચારીઓ તથા શ્રમિકોને મતદાન માટે વિશેષ રાહત આપવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. જેમની સાપ્તાહિક રજા મતદાનના દિવસે ન આવતી હોય એવા કર્મચારીઓને મતદાન માટે ઓછામાં ઓછા ત્રણ કલાકની ખાસ રજા આપવી ફરજિયાત રહેશે અથવા વિકલ્પરૂપે અન્ય દિવસે રજા આપવાની વ્યવસ્થા કરવી પડશે.

હળવદના માનગઢ ગામેથી પુરૂષનો મૃતદેહ મળ્યો, વાલી વારસની શોધ

અબતક, રૂષિ મહેતા, મોરબી

હળવદ તાલુકાના માનગઢ ગામની સીમમાથી એક અજાણ્યા પુરૂષની લાશ મળી આવી હતી. આ ઈશમ જેની ઉમર આશરે ૩૦ થી ૩૫ વર્ષ હોય જે શરીરે મધ્યમ બાંધાનો છે, શરીરે કાળા કલરનુ લાઈનીંગ વાળુ શર્ટ તથા ક્રિમ કલરનુ જીન્સ પેન્ટ પહેરેલ છે. લાશના વાલીવારસ મળી આવેલ ન હોય જેથી લાશની ઓળખ થાય અને અજાણ્યા ઈશમના વાલી વારસ મળી આવેતો તપાસ કરનાર અધિકારી અશ્વિનભાઈ મનસુખભાઈ ઝાપડીયા હેડ કોન્સ. મો.નં ૯૯૦૪૭ ૨૯૮૨૪ તથા હળવદ પોલીસ સ્ટેશન મો.નં ૬૩૫૯૬૨૬૦૫૦ ઉપર સંપર્ક કરવા અપીલ કરવામાં આવી છે.

વાંકાનેરના સરકડીયામાં સાળા -બનેવીના ઝઘડામાં વચ્ચે પડેલા યુવક પર હુમલો

સમાધાન કરાવવા જતાં ધોકા વડે ફટકાર્યો, પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ

અબતક રાજકોટ

મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાના સરકડીયા ગામમાં બનેવી અને સાળા વચ્ચે ચાલી રહેલી માથાકૂટમાં સમાધાન કરાવવા વચ્ચે પડેલા યુવક પર ધારિયા અને ધોકા વડે હુમલો કરવામાં આવતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. ગંભીર રીતે ઈજાગ્રસ્ત યુવકને હાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર હેઠળ ખસેડવામાં આવ્યો છે.

પ્રાપ્ત વિગતો મુજબ, સરકડીયા ગામમાં રહેતા ભરતભાઈ અમરશીભાઈ બાટીયા (ઉં.વ. ૨૭) ગઈકાલે રાત્રે ૧૦ વાગ્યાના અરસામાં પોતાના ઘર પાસે હાજર હતા. તે સમયે પડોશમાં રહેતા નાનજીભાઈ અને તેના બનેવી ચકાભાઈ વચ્ચે કોઈ બાબતે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થઈ રહ્યો હતો. માનવતાના નાતે આ ઝઘડો શાંત પાડવા માટે ભરતભાઈ વચ્ચે પડ્યા હતા. જોકે, સમાધાન કરાવવું તેમને ભારે પડ્યું હતું. ઉશ્કેરાયેલા નાનજીભાઈ, ચકાભાઈ અને તેમની સાથેના અન્ય શખ્સોએ ભરતભાઈ પર જ હુમલો કરી દીધો હતો. હુમલાખોરોએ ધારિયા અને ધોકા જેવા હથિયારો વડે ભરતભાઈને માથાના તેમજ શરીરના અન્ય ભાગોમાં આડેધડ માર માર્યો હતો.જેને લઈ ભરતભાઈને તાત્કાલિક લોહીલુહાણ હાલતમાં સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હોસ્પિટલના સૂત્રોના જણાવ્યા અનુસાર, યુવકને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું છે કે ભરતભાઈ બે ભાઈઓમાં મોટા છે અને તેમને સંતાનમાં એક દીકરો તથા એક દીકરી છે. આ મામલે વાંકાનેર તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

જૂનાગઢ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રિઝર્વ સહિત ૨૪૯૯ ઈવીએમ તૈયાર

જિલ્લા પંચાયતની ૧૧૪૩ અને ૯ તાલુકા પંચાયત માટે ૧૨૭૧ ઈવીએમ સ્ટ્રોંગ રૂમ મુકાયા

અબતક, દર્શન જોશી, જુનાગઢ

જૂનાગઢ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે રિઝર્વ સહિત કુલ ૨૪૯૯ ઈવીએમ તૈયાર કરી સુરક્ષિત રીતે સ્ટ્રોંગ રૂમમાં મૂકી દેવામાં આવ્યા છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના માર્ગદર્શન હેઠળ ચૂંટણી તંત્ર દ્વારા સંપૂર્ણપણે પારદર્શક રીતે ઈવીએમ કમિશનિંગની કામગીરી પૂર્ણ કરવામાં આવી હતી. જેમાં ઈવીએમમાં ઉમેદવારોના નામ અને પ્રતીક ધરાવતું બેલેટ પેપર લગાવવા સહિતની કામગીરી કરવામાં આવે છે.જૂનાગઢ જિલ્લા પંચાયતની ચૂંટણી માટે ૧૯૦ રિઝર્વ સાથે કુલ ૧૧૪૩ ઈવીએમ તૈયાર કરવામાં આવ્યા છે. તેવી જ રીતે જિલ્લાની તમામ ૯ તાલુકા પંચાયતની ચૂંટણી માટે ૩૧૮ રિઝર્વ સાથે કુલ ૧૨૭૧ ઈવીએમ ચૂંટણી પ્રક્રિયા માટે સજ્જ કરી દેવામાં આવ્યા છે. ઉપરાંત કેશોદ નગરપાલિકાની ચૂંટણી માટે પણ ૨૭ રિઝર્વ ઈવીએમ સાથે કુલ ૮૫ ઈવીએમ તૈયાર કરવામાં આવ્યા છે અને આ ઈવીએમને સુરક્ષિત રીતે સ્ટ્રોંગ રૂમમાં મૂકી દેવામાં આવ્યા છે.

બિનહરીફ ચૂંટણી લોકશાહીની હત્યા? જનતાનો મતાધિકાર એજ તંત્રની સર્વોપરિતા:કેશુભાઈ વિંઝુડા

ચૂંટણીમાં સ્પર્ધાનો અભાવ અને સામ-દામ-દંડ-ભેદથી ઉમેદવારી ફોર્મ ખેંચાવવાની પ્રક્રિયા બંધારણના આત્મા સમાન લોકશાહી માટે ગંભીર ખતરો

અબતક કિરીટ રાણપરીયા ઉપલેટા

ભારત વિશ્વની સૌથી મોટી લોકશાહી છે જ્યાં ચૂંટણીને એક પવિત્ર ઉત્સવ માનવામાં આવે છે, પરંતુ હાલના સમયમાં ચૂંટણીમાં મતદાન વગર જ ઉમેદવારોને બિનહરીફ જાહેર કરવાની જે પ્રક્રિયા વધી રહી છે તે લોકશાહીના પાયા માટે ઘાતકી સમાન છે.

આ ગંભીર મુદ્દે ચિંતા વ્યક્ત કરતા શ્રી વિંઝુડાએ જણાવ્યું છે કે, લોકશાહીની સૌથી મોટી શકિત જનતાનો 'મત' છે. જો જનતાને પસંદગીનો વિકલ્પ જ ન મળે તો લોકશાહી માત્ર કાગળ પર રહી જશે.

ચૂંટણી પ્રક્રિયામાં કોઈ ઉમેદવાર સ્વેચ્છાએ ફોર્મ પરત ખેંચે તે કાયદેસર છે, પરંતુ જો સામા પક્ષને ધાક-ધમકી, લાલચ કે સત્તાના જોરે મેદાનમાંથી હટાવવામાં આવે તો તે બંધારણના આત્માની હત્યા છે. અગાઉ સુરત બેઠક પર જે રીતે તંત્રના સહયોગથી બિનહરીફ વિજેતા જાહેર કરવાની ઘટના બની, તેણે આખી પ્રક્રિયાની પારદર્શકતા પર સવાલ ઉભા કર્યા છે. , સત્તાપક્ષ દ્વારા વિરોધ પક્ષને મેદાનમાંથી સાફ કરવાની જે નીતિ અપનાવવામાં આવી રહી છે, તેનાથી દલિત, આદિવાસી અને આર્થિક રીતે નબળા વર્ગના પ્રતિનિધિત્વ સામે જોખમ ઊભું થયું છે. જો ચૂંટણીમાં સ્પર્ધા જ નહીં રહે તો સામાન્ય નાગરિકોનો લોકશાહી સંસ્થાઓ પરથી વિશ્વાસ ઉઠી જશે અને ભ્રષ્ટાચારને મોકળું મેદાન મળશે. લોકશાહી ત્યારે જ મજબૂત બને જ્યારે મતદારો પાસે સાચો વિકલ્પ હોય. અંતમાં તેમણે હાકલ કરી હતી કે, દેશની લોકશાહી અને બંધારણ બચાવવા માટે જનતાએ આગળ આવવું પડશે, અને આ જાગૃતિ જ સાચી દેશભક્તિ ગણાશે.

ખંભાળીયા: તેલી નદી પાસે ડ્રેનેજ કામમાં શાક માર્કેટના આઠ ગાલા તોડી પાડતું તંત્ર

અબતક, વિનાયક ભટ્ટ,ખંભાળીયા

ખંભાળીયા નગરપાલીકા વિસ્તારમાં તેલી નદીનું ગંદુ પાણી નદીમાં ન આવે તથા ગટરના પાણીનો કાયમી નિકાલ થાય તે હેતુ કરોડો રૂપિયાના ખર્ચે નદીની બંને તરફ ગટરના વિશાળ ડ્રેનેજ લાઈનની કામગીરી થઈ રહી છે ત્યારે આ કામમાં તેલી નદી વિજય સિનેમા પાસે પાલીકા દ્વારા બનાવવામાં આવેલ શાક માર્કેટના નદી તરફના વિસ્તારના આઠ ગાળા (દુકાનો) તોડી નખાતા શહેરમાં ચર્ચાનો વિષય બન્યો છે. આ અંગે પાલીકા સત્તાધીશોને પૂછતા ઠરાવ બાદ કામગીરી કરાઈ હોવાનું જણાવાયું છે. જો કે પાલીકા દ્વારા જ માર્કેટના ગાલા તોડી પડાતા વખતોવખતના નકશામાં આયોજન યા સંકલનમાં અભાવને લીધે પાલીકાને લાખો રૂપિયાની નુકસાનીની પણ ચર્ચા ઠેકઠેકાણે થઈ રહી છે.

સાયબર ક્રાઈમના ગુનાઓને નાથવા મ્યુલ એકાઉન્ટ' નેટવર્ક પર

સીઆઈડી ક્રાઈમની સર્જિકલ સ્ટ્રાઈક: ૩.૨૮૮ કરોડના કૌભાંડ પર્દાફાશ

રાજકોટ, સુરત, ભાવનગર અને ઉંઝામાં આંગડિયા મારફતે હવાલા પડ્યા, આઠ સાયબર માફિયાની ધરપકડ

અબતક રાજકોટ

રાજ્યમાં વધી રહેલા સાયબર ક્રાઈમના ગુનાઓને ડામવા માટે સી.આઈ.ડી. ક્રાઈમ અને રેલ્વેઝના પોલીસ મહાનિદેશક ડો. કે. લક્ષ્મી નારાયણ રાવની સૂચનાથી 'સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ' દ્વારા 'ઓપરેશન મ્યુલ હન્ટ ૨.૦' હાથ ધરવામાં આવ્યું હતું. આ ઓપરેશન અંતર્ગત વિવિધ શહેરોમાં દરોડા પાડી સાયબર ફ્રોડના નાણાં સગેવગે કરતી ગેંગના ૦૮ આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે. આ તપાસમાં અંદાજે રૂ. ૨૮૮ કરોડથી વધુના સાયબર ક્રાઈમ નેટવર્કનો પર્દાફાશ થયો છે.

પોલીસ અધિક્ષક ડો. રાજદીપસિંહ ઝાલા, આઈ.જી. બિપીન આહિરે અને અન્ય ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ટીમો બનાવી સુરત, ભાવનગર, રાજકોટ અને ઉંઝા ખાતે રેઈડ કરવામાં આવી હતી. આ ટોળકીઓ ડમી પેઢીઓના નામે 'મ્યુલ એકાઉન્ટ' ખોલાવી સાયબર ફ્રોડના નાણાં મેળવતી અને ત્યારબાદ આંગડિયા મારફતે તે નાણાં રોકડમાં રૂપાંતરિત કરી હવાલા પાડી કમિશન મેળવતી હતી.

સુરત અને ભાવનગર ખાતેથી મુકેશ દેવાભાઈ મેર અને ફરદિનખાન પઠાણની ધરપકડ કરાઈ છે. તેમની પાસેથી ૧૨૫ પેઢીઓની વિગતો, ૮૬૮ બનાવટી ઈનવોઈસ અને ૬૫ વ્યક્તિઓના આઈડી મળી આવ્યા છે. એનસીસીઆરપી પોર્ટલ મુજબ આ એકાઉન્ટ્સ સાથે દેશભરમાં ૧૮૧ અરજીઓ જોડાયેલી છે. જ્યારે ઉંઝાથી અક્ષય પટેલ અને દેવેન્દ્ર પટેલ નામના શખ્સો ઝડપાયા છે. તેઓ મલ્ટિપલ બેંક ખાતાઓ ખોલાવી ફ્રોડના નાણાં ઉપાડી અન્યને પહોંચાડવાનું કામ કરતા હતા. તેમની સાથે દેશભરમાં ૧૨૫ સાયબર ફ્રોડના ગુનાઓ નોંધાયેલા છે.રાજકોટ ખાતેથી ચેતન અમલાણી, જતીન કક્કડ, કપિલ કોટક અને મહેન્દ્ર કોકિયાની ધરપકડ કરવામાં આવી છે. આ આરોપીઓ ઓનલાઈન ફાઈનાન્સિયલ ફ્રોડ, ઈન્વેસ્ટમેન્ટ ફ્રોડ અને યુપીઆઈ સંબંધિત છેતરપિંડીના નાણાં મેળવી સગેવગે કરતા હતા. આરોપીઓ કમિશનની લાલચે અન્ય લોકોના દસ્તાવેજો મેળવી બેંક ખાતા ખોલાવતા હતા. સાયબર ફ્રોડનો ભોગ બનેલા લોકોના નાણાં સીધા આ ખાતામાં આવતા, જે નાણાં આંગડિયા દ્વારા અન્ય રાજ્ય કે વિદેશમાં મોકલી દેવામાં આવતા હતા.

સાયબર સેન્ટર ઓફ એક્સેલન્સ દ્વારા નાગરિકોને ચેતવણી આપવામાં આવી છે કે, કોઈપણ લાલચમાં આવીને પોતાના બેંક એકાઉન્ટની વિગતો કે દસ્તાવેજો અન્યને આપવા નહીં. જો કોઈ સાયબર ક્રાઈમનો ભોગ બને તો તુરંત હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરવો અથવા સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં જાણ કરવી. સંવેદનશીલ કિસ્સામાં નામ ગુપ્ત રાખવામાં આવશે. આ સફળ ઓપરેશનમાં ડી.પી.ઈન્સ. આર.આર. સોલંકી, પી.એમ. જુડાલ સહિતની ટેકનિકલ અને ફિલ્ડ ટીમે મહત્વની ભૂમિકા ભજવી હતી.

જૂનાગઢ જિલ્લામાં ચૂંટણી સંદર્ભે મતદાન અને મત ગણતરીના દિવસે ડ્રાય ડે જાહેર

અબતક, દર્શન જોશી, જુનાગઢ

રાજ્યભરમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની સામાન્ય, પેટા ચૂંટણીઓ યોજાનાર છે. જેનું મતદાન તા. ૨૬/૪/૨૦૨૬ ના રોજ તથા મત ગણતરી તા.૨૮/૪/૨૦૨૬ ના રોજ થનાર છે. આ ચૂંટણીઓનું મતદાન પૂર્ણ થવાના કલાક સાથે પૂરા થાય તે રીતે ૪૮ કલાક પૂર્વના સમયગાળા સુધી તથા મતગણતરી દિવસ દરમિયાન દારૂ કે તેના જેવા નશાકારક પદાર્થો/ચીજ વસ્તુઓના વેચાણ પર પ્રતિબંધ મૂકવા તથા આ સમયગાળાને ડ્રાય ડે જાહેર કરવામાં આવેલ છે.

રાજ્યમાં દારૂબંધી હોવા છતાં કોઈ વ્યક્તિ /ઈસમ દારૂ પી દંગા, ફસાદ કરી લોકોમાં ભયનુ વાતાવરણ પેદા ન કરે તથા ઉકત ચૂંટણીઓ મુકત અને ન્યાય વાતાવરણમાં નિષ્પક્ષ રીતે યોજાય અને ચૂંટણી દરમિયાન કાયદોની વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જૂનાગઢ જિલ્લા અનિલકુમાર રાણાવસિયાએ કરેલ હુકમ મુજબ સમગ્ર જૂનાગઢ જિલ્લામાં તા.૨૪/૪/૨૦૨૬ ના રોજ સાંજના ૬ કલાકથી તા. ૨૬/૪/૨૦૨૬ ના રોજ સાંજના ૬ કલાક સુધી તથા પુનઃ મતદાન થાય તો પુનઃ મતદાનના દિવસે તેમજ મત ગણતરીનો દિવસ એટલે કે તા. ૨૮/૪/૨૦૨૬ (આખો દિવસ) ના રોજ સુધી દારૂના લાયસન્સ હોલ્ડર સહિત કોઈએ પણ પ્રાંતિય/ પરપ્રાંતિય કે દેશી દારૂનું કે અન્ય કોઈ પ્રતિબંધિત પીણાનુ વેચાણ કે વિતરણ કરવું નહીં. આ હુકમનું ઉલ્લંઘન કરનાર અથવા ઉલ્લંઘન માટે મદદગારી કરનાર ગુજરાત નશાબંધી અધિનિયમ ૧૯૪૯ ની જોગવાઈઓ મુજબ સજાને પાત્ર ઠરશે.

જૂનાગઢમાં ગીરનાર તીર્થધામની પવિત્રતા જાળવવાની માંગ સાથે આજે યોજાશે મહારેલી

કલેક્ટરને આવેદનપત્ર પાઠવી ગીરનાર તીર્થની સુરક્ષા માટે કરાશે માંગ

અબતક, દર્શન જોશી, જૂનાગઢ

જૂનાગઢમાં ગિરનાર સંરક્ષણ સમિતિ દ્વારા આજે ૨૩ એપ્રિલના રોજ ગિરનાર પર્વતની પવિત્રતા, પર્યાવરણ અને સનાતન ધર્મની વિરાસત પર વધી રહેલા જોખમો સામે એક ભવ્ય મહારેલી યોજી જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

ગિરનાર સંરક્ષણ સમિતિના જણાવ્યા મુજબ, ગિરનાર ક્ષેત્રના સનાતન મંદિરો અને ધાર્મિક સ્થાનોને નુકસાન પહોંચાડી, જમીનો હડપવાના અનૈતિક પ્રયાસો થઈ રહ્યા છે. તે સાથે ગિરનાર પર છેલ્લા કેટલાક સમયથી પર્યાવરણને ગંભીર નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું છે. ગિરનાર સંરક્ષણ સમિતિ દ્વારા આજે તા. ૨૩ એપ્રિલના રોજ સાંજે

૪:૩૦ કલાકે સરદાર બાગ, ઝાંસીની રાણીના પૂતળા પાસે આવેલી હવેલી વાડી ખાતેથી સાધુ, સંતો, મહંતો, વિવિધ સંગઠનો અને સનાતનીઓની એક રેલી નીકળશે, જે કલેક્ટર કચેરી જઈ, તંત્રને આવેદનપત્ર પાઠવશે.

દરમિયાન જૂનાગઢમાં ગિરનાર સંરક્ષણ સમિતિ દ્વારા આજે યોજાઈ રહેલી આ મહારેલીમાં સાધુ, સંતો, મહંતો, વિવિધ સંપ્રદાયો, સનાતની, પર્યાવરણ પ્રેમી સંસ્થાઓ સહિતમાને મોટી સંખ્યામાં જોડાવા સમિતિ દ્વારા આહવાન કરવામાં આવ્યું છે.

જૈન સમાજ આજે 'ગિરનાર બચાવો રેલી'ના સમયે કરશે ભાવ અનુષ્ઠાન

જૈન સમાજ વિરૂદ્ધ વૈમનસ્ય ફેલાવતા તત્વો સામે કાર્યવાહી કરવા રેન્જ આઈ. જી.ને રજૂઆત

જૂનાગઢમાં આવેલા જૈન ધર્મના સર્વોચ્ચ તીર્થધામ ગિરનારજી ઉપર વધી રહેલા અતિક્રમણ અને અસામાજિક તત્વોના આક્રમણ સામે સમગ્ર જૈન સમાજમાં ભારે નારાજગી સાથે રોષ સામે આવ્યો છે. ત્યારે જૈન સમાજ માંથી જાણવા મળેલ વિગતો મુજબ, આજે તા. ૨૩ ના રોજ કેટલાક તત્વો દ્વારા મહારેલીનું આયોજન કરી, તીર્થ પર કબજો જમાવવા મેલા મનસૂબા થઈ રહ્યા છે. જેને નિષ્ફળ બનાવવા માટે આજે જૈન શાસન દ્વારા ભગવાન નેમિનાથની નિર્વાણ ભૂમિ અને પવિત્ર સત્સાવનની રક્ષા કાજે જૈન ભાવિકોને સામૂહિક આયંબિલ, તપ, સામૂહિક સામાયિક કરવાં અને જો તપ ન થઈ શકે, તો રેલીના સમયે એટલે કે સાંજે ૪ થી ૫ દરમિયાન સામૂહિક સામાયિક અને પ્રભુ જાપ કરવાની હાકલ કરવામા આવી છે. દરમિયાન, જૂનાગઢના ધારાશાસ્ત્રી મુકેશભાઈ કામદારે રેન્જ આઈ. જી.ને પત્ર લખી, ગિરનાર પર્વતના સહસાવન વિસ્તારમાં કાયદેસરની લીઝ પર થઈ રહેલા બાંધકામને રોકવા તથા હિન્દુ-જૈન સમાજ વચ્ચે અશાંતિ ફેલાવવા માટે મોટું વ્યવસ્થિત ષડયંત્ર ચાલી રહ્યું હોવાની આશંકા સાથે જૈન સમાજ વિરુદ્ધ વૈમનસ્ય ફેલાવતા તત્વો સામે કાર્યવાહી કરવા ધારાશાસ્ત્રી મુકેશભાઈ કામદારે પત્રમાં માંગ કરી છે.

સરપંચ- તલાટી મંત્રીને ધમકી આપી ખંડણી માગનાર કથિત પત્રકાર ઝડપાયો

આરટીઆઇ હેઠળ કરેલી અરજી મુદ્દે ઉપલેટાના ખારચીયાના સરપંચ સાથે સમાધાન પેટે રૂ.૨ લાખ માંગ્યા, એસીબીમાં ફરીયાદની ધમકી આપી' તી

અબતક,રાજકોટ

ઉપલેટાના ખારચીયા ગામના સરપંચ અને તલાટી મંત્રીને ખૂનની ધમકી આપી ખંડણી માંગનાર આરટીઆઈ એક્ટિવિસ્ટ કમ કથિત પત્રકાર આશિષ લાલકીયાને પોલીસે ઝડપી લઈ કાયદેસરની કાર્યવાહી કરી હતી.

બનાવ અંગે ઉપલેટાના ખારચિયા (શહીદ) ગામે રહેતાં બોદુભાઈ દોપુભાઈ મથુપૌત્રા (ઉ.વ.૩૭) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ખારચીયા (શહીદ) ગામના સરપંચ તરીકે વર્ષ ૨૦૨૧ થી સેવા આપે છે. છ મહિના પહેલા ગામના દબાણ બાબતના પ્રશ્નોને લઈ ઉપલેટાના આશિષ લાલકીયા ગામમાં આવ્યો હતો ત્યારે ગામના તથા પંચાયતના ફોટા પાડીને જતો રહેલા હતો. એકાદ મહિના પછી આ આશિષ લાલકીયાએ ગ્રામ પંચાયતમાં આર.ટી.આઈ.ની અરજી કરેલ જેમાં તેને ગ્રામ પંચાયતના રેકર્ડની માંગણી કરી હતી.

આશિષ લાલકીયા ગ્રામ પંચાયત ખાતેથી રેકર્ડ તપાસણી કરીને જતો રહેલ બાદ કચેરી રેકર્ડ તપાસણી વખતે અમુક રેકર્ડના ફોટા પાડી ગયેલ હતો, જે ફોટા જોડીને આ આશિષ લાલકીયાએ ગ્રામ પંચાયત વિરુદ્ધ ટીડીઓ રાજકોટ તથા તાલુકા પંચાયત કચેરી ઉપલેટા અને ગ્રામ પંચાયતમાં પણ અરજીની નકલ મોકલેલ હતી. અવારનવાર માનસિક ત્રાસ આપતો હોય જેથી દસેક દિવસ પછી તેનો કોન્ટેક કરેલ તો કહેલ કે, તમે ઉપલેટા આવો આપણે સમાધાન કરી લઈએ તેમ કહી ઉપલેટા સર્કીટ હાઉસ બોલાવેલ હતો.

બાદમાં આશિષે કહ્યું હતું કે, તમારા ગામની મેટર પુરી કરવી હોય તો તમારે મારી સાથે સમાધાન કરી લેવું પડશે અને સમાધાન પેટે તમારે મને ૨ લાખ રૂપિયા આપવા પડશે. જો તમે મને રૂ.૨ લાખ રૂપિયા નહિ આપો તો હું તમને તથા તમારા ગામના તલાટી મંત્રીને સસ્પેન્ડ કરાવી નાખીશ. આ બનવાને લઈ ઉપલેટા પોલીસ મથકના પીઆઈ એચ.એમ.ધાધલ તથા ટીમે તપાસ હાથ ધરી આશિષ અશોકભાઈ લાલકીયાને ઝડપી લઈ જરૂરી કાર્યવાહી કરી હતી. આરોપી આશિષ સામે મહિલાની પજવણી સહિતના ગુના નોંધાઈ ચૂક્યા છે.

આટકોટ બુટલેગર બેલડીને રાજકોટ સહિત ૬ જિલ્લા માંથી હદપાર કરાઈ

દીપક સોલંકીને ૬ માસ અને ભીખુ મહેતાને ૩ માસ માટે મોરબી, બોટાદ, અમરેલી, સુરેન્દ્રનગર અને જુનાગઢમાંથી તડીપાર કર્યા

અબતક રાજકોટ

આટકોટ ગામે રહેતો બુટલેગર દીપક સોલંકી અને ભીખા મહેતાને રાજકોટ સહિત છ જિલ્લામાંથી હદ પાડી નો હુકમ કરતા અટકાયત કરી આગળની કાર્યવાહી કરી હતી આ અંગે મળતી માહિતી મુજબ રાજકોટ રેન્જ આઈ.જી નિર્લિમ રાય દ્વારા સ્થાનિક સ્વરાજની ચૂંટણી શાંતિ પૂર્ણ રીતે યોજાઈ અને ગુનાખોરી અટકાવા માટે બુટલેગર, અસમાજિક તત્વો વિરૂધ્ધ પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરવા સૂચના અન્વયે આટકોટ

પોલીસ દ્વારા આ સામાજિક તત્વોના ગુનાકીય રેકર્ડ મુજબ આટકોટ પોલીસ સ્ટેશનમાં ૧૦ ગુનામાં ચોપડે ચડેલ આટકોટ રહેતો બુટલેગર દીપક બાબુ સોલંકી અને ૪ ગુના માં સંડોવાયેલ આટકોટનો ભીખુ ધનજી મહેતા વિરુધ્ધ હદપાર હેઠળ દરખાસ્ત તૈયાર કરી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ ને મોકલતા મેજિસ્ટ્રેટ દ્વારા દિપક સોલંકીને છ માસ માટે અને ભીખુ મહેતાને ત્રણ માસ માટે રાજકોટ મોરબી બોટાદ અમરેલી સુરેન્દ્રનગર જુનાગઢ જિલ્લામાંથી હદપારીનો કરવાનો હુકમ કરતા વોરંટની બજવણીથી અટકાયત કરી બંને બૂટલેગરો ને હદપાર કરવામાં આવ્યા હતા આ કામગીરીમાં પીએસઆઈ આર.એમ રાઠોડ, એએસઆઈ વિનોદ વાસાણી, વાલજી સોલંકી, હેડ કોન્સ્ટેબલ જ્યેશભાઈ ધ્રાગીયા સહિતનાઓ એ કામગીરી બજાવેલ હતી

કલ્યાણપુર નજીક કારે બાઈકને અડફેટે લેતા મહિલાનું મોત; પિતા-પુત્ર ઈજાગ્રસ્ત

અબતક, નેહુલલાલ, ભાટયા

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના હરીયાવડ (જુવાનપુર) ગામની સીમમાં દ્વારકા-ખંભાળિયા હાઈવે રોડ પર ગત રાત્રિના સમયે એક હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો હતો. એક બેફામ ગતિએ આવતી અલ્ટો કારે મોટરસાયકલને પાછળથી ઠોકર મારતા બાઈક પર સવાર મહિલાનું ગંભીર ઈજાઓના કારણે મોત નિપજ્યું છે, જ્યારે તેમના પતિ અને ૬ વર્ષના પુત્રને ઈજાઓ પહોંચી છે.

મળતી માહિતી મુજબ, કાનપર શેરડી ગામની સીમમાં રહેતા વજસીભાઈ અરજણભાઈ ચાવડા (ઉં.વ. ૪૧) ગત તા. ૨૧/૦૪/૨૦૨૬ના રોજ રાત્રિના પોણા દશેક વાગ્યાના સુમારે પોતાના પત્ની અને પુત્ર સાથે મોટરસાયકલ (નં. GJ-10-AJ-૩૬૧૪) પર પસાર થઈ રહ્યા હતા. આ દરમિયાન હરીયાવડ ગામની સીમમાં આવેલ ભરતભાઈ ખાણધરની વાડી સામે હાઈવે પર પાછળથી આવતી એક અલ્ટો કાર (નં. GJ-05-CM-૧૮૨૨) ના ચાલકે પોતાની કાર પૂરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી બાઈકને જોરદાર ટક્કર મારી હતી.

આ ભયાનક અકસ્માતમાં વજસીભાઈના પત્ની રંજનબેન (ઉં.વ. ૩૬) ને માથા અને મોઢાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેમનું ઘટનાસ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું. અકસ્માતમાં વજસીભાઈને ડાબા પગમાં ફ્રેક્ચર જેવી ગંભીર ઈજાઓ થઈ છે, જ્યારે તેમના ૬ વર્ષના માસૂમ પુત્ર જયને પણ શરીરે ઈજાઓ પહોંચી છે. અકસ્માત સર્જ્યા બાદ અલ્ટો કારનો ચાલક માનવતા નેવે મૂકીને પોતાના વાહન સાથે નાસી છૂટ્યો હતો.

ગઢડા તાલુકાની ઘટના

૩ માસના બાળકને માતા પાસેથી ઝુંટવી પિતા ભાગ્યો

અભયમની ટીમે માનવતા દર્શાવી પિતા પાસેથી શિશુને માતા સાથે મિલન કરાવ્યું

અબતક, વિપુલ લુહાર, બોટાદ

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના એક ગામમાંથી એક પીડિત મહિલાએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન અને ૧૧૨ જનરક્ષક ટીમને ફોન કરીને જણાવેલ કે તેણીનો પતિ ત્રણ માસના બાળકને હાથમાંથી બળજબરી પૂર્વક ખેંચીને ગામમાં ભાગે છે, મદદની જરૂર છે.

આ પ્રકારની માહિતી મળતા જ ૧૮૧ ટીમના કાઉન્સેલર પટેલ ખુશ્બુબેન મહિલા પોલીસ કોન્સ્ટેબલ

બારૈયા ભાવનાબેન તેમજ પાયલોટ સોલંકી હિતેશભાઈ ઘટના સ્થળ પર ૧૧૨ જનરક્ષક ટીમ સાથે મહિલાની મદદ માટે પહોંચેલ હતા, મહિલાના પતિ જે દિશા તરફ ગયા હતા તેની વિગતો ગ્રામજનો પાસેથી મેળવીને તે દિશા તરફ આગળ વધી મહિલાના પતિ સુધી પહોચવામાં સફળતા મેળવેલ હતી. ત્રણ માસનું બાળકના આરોગ્યને ધ્યાનમાં રાખી પતિ પાસેથી બાળક છોડાવી હેમખેમ તેની માતાના ખોળામાં સોંપ્યું હતું.

ભાટીયામાં આંબેડકર જયંતીની શોભાયાત્રાનું મનદુખ રાખી યુવક પર હુમલો

ઘરે તોડફોડ કરી જાનથી મારી નાખવાની ધમકી

અબતક, નેહુલલાલ, ભાટીયા

ભાટીયા ગામમાં જૂની અદાવતને રાખી યુવકના ઘરે જઈ ગાળો આપી, તોડફોડ કરી તેમજ જાનથી મારી નાખવાની ધમકી આપ્યાનો બનાવ કલ્યાણપુર પોલીસ મથકે નોંધાયો છે. આ ઘટનાને પગલે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, ભાટીયા ગામના શંકરટેકરી વિસ્તારમાં રહેતા પ્રકાશભાઈ હમીરભાઈ ભાંભીના ઘરે ગત તા. ૨૧/૦૪/૨૦૨૬ના રોજ સાંજના સમયે આ હુમલો થયો હતો. બનાવનું મૂળ ગત તા. ૧૪ એપ્રિલના રોજ ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતી નિમિત્તે નીકળેલી શોભાયાત્રામાં રહેલું છે. શોભાયાત્રા દરમિયાન આરોપીના સંબંધી સાથે કોઈ બાબતે બોલાચાલી થઈ હતી, ત્યારે પ્રકાશભાઈ અને તેમના પિતાએ વચ્ચે પડીને સમાધાન કરાવ્યું હતું.

આ સમાધાનની વાતનું મનદુખ રાખી પોરબંદર જિલ્લાના ફટાણા ગામનો આરોપી મહેશભાઈ રામાભાઈ બથવાર લાકડાનો ધોકો લઈને પ્રકાશભાઈના ઘરે પહોંચ્યો હતો. આરોપીએ ત્યાં જઈને ફરિયાદી તથા સાહેદોને બિભત્સ ગાળો આપી હતી અને હાથમાં રહેલા ધોકા વડે મકાનની બારીના કાચ તોડી નાખ્યા હતા, જેનાથી આશરે રૂ. ૫૦૦૦/- જેવું નુકસાન થયું હતું. આરોપીએ જતાં-જતાં ફરિયાદીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી.

ફરિયાદી પ્રકાશભાઈ ભાંભીની ફરિયાદના આધારે કલ્યાણપુર પોલીસે આરોપી મહેશ બથવાર વિરુદ્ધ બી.એન.એસ. કલમ-૩૨૪(૪), ૩૫૨, ૩૫૧(૨) તથા જિલ્લા મેજિસ્ટ્રેટના હથિયારબંધી જાહેરનામાના ભંગ બદલ જી.પી. એકટ કલમ ૧૩૫(૧) મુજબ ગુનો દાખલ કર્યો છે. આ કેસની વધુ તપાસ એ.એસ.આઈ. ભિમશીભાઈ આર. કાગડીયા ચલાવી રહ્યા છે. આરોપીને ઝડપી પાડવા માટેના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

અમદાવાદ જેલમાંથી જામીન પર છુટી ફરાર થયેલો કેદી છ વર્ષે ઝડપાયો

વટવા પોલીસ મથકમાં નોંધાયેલા હત્યાના ગુનામાં ફરાર પાકા કામનો કેદી અમનખાન પઠાણને રાજકોટ રેન્જની ટીમે દબોચ્યો

અબતક, રાજકોટ

અમદાવાદના વટવા પોલીસ મથકમાં નોંધાયેલા હત્યાના ગુનામાં સજા કાપી રહેલો કેદી વચગાળાના જામીન મેળવી ફરાર થઈ ગયો હતો. જે કેદીને છ વર્ષ બાદ રાજકોટ રેન્જની ટીમે દબોચી લઈ અમદાવાદ જેલ હવાલે કર્યો હતો.

પ્રાપ્ત વિગત અનુસાર રાજકોટ રેન્જ ડીઆઈજી નિર્લિમ રાય દ્વારા રેન્જ હસ્તકના જિલ્લાઓની જેલ તેમજ અન્ય જેલમાંથી પેરોલ અને વચગાળાના જામીન મેળવી ફરાર થઈ ગયેલા કેદીઓને શોધી કાઢવાની સુચના આપવામાં આવી હતી. જે સુચના અનુસંધાને રાજકોટ રેન્જ આઈજી સ્કોડના પીઆઈ આર.એચ. બારના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ બી.સી. મીયાત્રા, પી.એન. મોરી અને સી.એમ. કાંટેલિયાની ટીમ કેદીઓને શોધી કાઢવા હ્યુમનશોર્સ અને ટેક્નિકલ એનાલીશીસ મારફતે વર્કઆઉટમાં હતાં દરમિયાન એએસઆઈ ધર્મેન્દ્રસિંહ વાઘેલા, યોગેન્દ્રસિંહ ચુડાસમા, હેડ કોન્સ્ટેબલ રાજદીપસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ દિલિબસિંહ સિંધવને બાતમી મળી હતી કે, વટવા પોલીસ મથકમાં વર્ષ ૨૦૧૬માં નોંધાયેલ હત્યાના ગુનામાં વચગાળાના જામીન મેળવી ફરાર થઈ ગયેલો કેદી સુરેન્દ્રનગર ખાતે હાજર છે. જેથી તાત્કાલીક પોલીસની ટીમે સુરેન્દ્રનગરના નુર મહોમ્મદી સોસાયટીના નાકા પાસેથી હત્યાના ગુનામાં ફરાર કેદી અમનખાન રહિમખાન પઠાણ (હાલ રહે. હમીર નગર, નુરે મહમ્મદ સોસાયટી, સુરેન્દ્રનગર)ને પકડી પાડી અમદાવાદ મધ્યસ્થ જેલ ખાતે સોંપવા તજવીજ હાથ ધરી હતી. આ કામગીરી પીઆઈ આર.એચ.બાર, પીએસઆઈ બી.સી. મિયાત્રા, પી.એન.મોરી, સી.એમ. કાંટેલિયા, એએસઆઈ ધર્મેન્દ્રસિંહ વાઘેલા, યોગેન્દ્રસિંહ ચુડાસમા, હેડ કોન્સ. રાજદીપસિંહ ઝાલા, કોન્સ. દિલીપસિંહ સિંધવ દ્વારા કરવામાં આવી હતી.

રાજકોટ: પોપટપરા નજીક મકાનમાંથી રૂ. ૩.૫૬ લાખના ગાંજા સાથે વર્ષા ઉકેડિયા ઝડપાઈ

સુરત ખાતેથી ગાંજો લાવી છુટકમાં વેપલો કરતી હોવાનું રટણ : પ્ર.નગર પોલીસનો દરોડો

એકાદ વર્ષથી નશાનો વેપલો કરતી મહિલાના સપ્લાયર સુધી પહોંચવા પોલીસની કવાયત

અબતક, રાજકોટ

રાજકોટ શહેરના પોપટપરા નજીક આવેલ રહેણાક મકાનમાંથી રૂા. ૩.૫૬ લાખની કિંમતનો ૭.૧૩૨ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો ઝડપાયો છે. પ્ર.નગર પોલીસની ટીમે દરોડો પાડી ગાંજાના જથ્થા સાથે મહિલા પેડલરની ધરપકડ કરી નશાના વેપલાના મુળ સુધી પહોંચવા કવાયત હાથ ધરી છે.

ગાંજાના દરોડાની પ્રાપ્ત વિગત અનુસાર શહેર પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, ઈન્ચાર્જ અધિક પોલીસ કમિશનર હરપાલસિંહ જાડેજા, ડીસીપી ઝોન-૨ રાકેશ દેસાઈ અને એસીપી આરએસ બારિયા દ્વારા શહેરી વિસ્તારમાં યુવાધનને નશાના રવાડે ચડતા અટકાવવા તેમજ નાર્કોટિક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત નશાકીય પદાર્થોનું ખરીદ-વેચાણ તેમજ સેવન કરનારા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી હતી. જે સુચના અનુસંધાને પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ એમ.ડી. મકવાણાની રાહબરી હેઠળ સર્વેલન્સ સ્કોડના પી.એસ.આઈ. જે.બી. રાણીંગાની ટીમ પેટ્રોલીંગમાં હતી દરમિયાન ગત તા. ૨૨-૦૪-૨૦૨૬ના રોજ હેડ કોન્સ્ટેબલ મયુરરાજસિંહ જાડેજા, કોન્સ્ટેબલ વનરાજભાઈ બોરીચા અને રિયાઝભાઈ ભીપૌત્રાને

મળેલી સંયુકત બાતમીના આધારે પોપટપરા નજીક રેલનગર મેઈન રોડ, ક્રિષ્નાપાર્કની સામે, ગુરૂકૃપા ગેરેજ વાળી શેરીમાં આવેલ મહિલાના રહેણાક મકાન ખાતે દરોડો પાડી અહીંથી રૂા. ૩,૫૬,૬૦૦ની કિંમતનો ૭.૧૩૨ કિ.ગ્રા. ગાંજાનો જથ્થો કબ્જે કરી મહિલા પેડલર વર્ષાબેન બાબુભાઈ ઉકેડિયા (રહે. આઈશ્રી ખોડિયાર કૃપા મકાન, પોપટપરા રેલનગર મેઈન રોડ, ક્રિષ્નાપાર્ક સામે, રાજકોટ)ની ધરપકડ કરી એનડીપીએસ એક્ટની કલમ ૮ (સી), ૨૦ (બી) (૨) હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

ગાંજાના દરોડા અંગે પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત વિગત અનુસાર ઝડપાયેલી મહિલા આરોપી છેલ્લા એક વર્ષથી સુરત ખાતેથી ગાંજાનો જથ્થો લાવી અહીં પડીકીઓ બનાવી છુટકમાં વેચાણ કરી આર્થિક નફો મેળવતી હતી. હાલ તેણી સુરતના પટરી વિસ્તારમાંથી ગાંજો લાવતી હોવાનું રટણ કરી રહી છે. જેથી ગાંજાની હેરાફેરીના મુળ સુધી પહોંચવા પીએસઆઈ કે.કે. ચાવડાની ટીમે ચક્રોગતિમાન કર્યા છે.

આ કામગીરી પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ એમ.ડી. મકવાણા, પીએસઆઈ જે.બી. રાણીંગા, એએસઆઈ રવિભાઈ વાઘેલા, શિતલબેન જોરા, હેડ કોન્સ. મયુરરાજસિંહ જાડેજા, જયંતિભાઈ વાવડિયા, કોન્સ. ચાપરાજભાઈ ખવડ, રિયાજભાઈ ભીપૌત્રા, વિરેન્દ્રસિંહ પરમાર, વનરાજભાઈ બોરીચા, તૌફીકભાઈ મંધરા, તૌફીકભાઈ જુણાજ, વિશ્વજીતસિંહ ઝાલા દ્વારા કરવામાં આવી હતી.

ચારણ સમઢિયાળાના બુટલેગરની પાસા હેઠળ અટકાયત

કૃપાલસિંહ પરમારને અમદાવાદ જિલ્લા જેલ ખાતે ધકેલાયો

અબતક રાજકોટ

જેતપુર તાલુકાના ચારણ સમઢીયાળા ગામે રહેતો બુટલેગર કૃપાલસિંહ દિલુભા પરમાર અવારનવાર ગુનાની ટેવ ધરાવતો હોવાથી એલસીબી અને જેતપુર તાલુકા પોલીસ સ્ટેશન દ્વારા પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરી વોરંટ બજવણી થી અટકાયત કરી અમદાવાદ જિલ્લા જેલ ખાતે ધકેલી દેવાયા હતો આ અંગે મળતી માહિતી મુજબ રેન્જ આઈ.જી નિર્લિમ રાયની સૂચનાથી સ્થાનિક સ્વરાજની ચૂંટણી શાંતિપૂર્ણ રીતે યોજાઈ તે માટે એસ.પી. વિજયસિંહ ગુર્જરએ ગુનાખોરી અટકવા, બુટલેગર અસમાજિક પ્રવુતિ સંડોવાયેલ શખ્શો વિરુધ્ધ પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરવા સૂચના અન્વયે એલસીબી દ્વારા ગુનાકીય ઈતિહાસ ચેક કરતા જેતપુર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ૫ ગુના ધ્યાને લેતા જેતપુર તાલુકાના ચારણ સમઢીયાળા ગામે રહેતો બુટલેગર કૃપાલસિંહ દિલુભા પરમાર કૃપાલસિંહ વિરુદ્ધ પાસા હેઠળ દરખાસ્ત તૈયાર કરી જિલ્લા મેજિસ્ટ્રેટ ને મોકલતા મેજિસ્ટ્રેટ દ્વારા પાસાની મંજૂરી ની મહોર મારતા વોરંટ ની બજવણી કરી આરોપી કૃપાલસિંહ ને અટકાયત કરી અમદાવાદ જિલ્લા જેલ ખાતે ધકેલી દેવામાં આવ્યો હતો આ કામગીરીમાં એલસીબી પીઆઈ વી.વી. ઓડેદરા, એ.એસ.આઈ બાલકૃષ્ણભાઈ, જેતપુર પોલીસ સ્ટેશનના પીઆઈ એમએલ આહીર એ.એસ.આઈ જાંબુકિયા સહિત કામગીરી માં ફરજ બનાવેલ હતી

જામનગર: ગુમ થયેલા બે બાળકોના તળાવમાંથી મૃતદેહ મળ્યા

રાત્રે લાપતા થયેલ અજય નંદા અને રાજેશ ડાંગરના મોતથી પરિવારમાં હૈયાફાટ રૂદન: કારણ જાણવા પોલીસે તપાસ આદરી

અબતક, સાગર સંઘાણી, જામનગર

જામનગર શહેરના કિસાન ચોક વિસ્તારમાં બનેલી હૃદયદ્રાવક ઘટનાએ સમગ્ર શહેરને સ્તબ્ધ કરી દીધું છે. કિસાન ચોક વિસ્તારથી ગુમ થયેલા જેનિશ અજયભાઈ નંદા (૧૨ વર્ષ) અને હર્ષિલ રાજેશભાઈ ડાંગર (ઉ.વ.૧૦) નામના બે નિર્દોષ બાળકોના આજે પાછળા તળાવમાંથી મૃતદેહો મળી આવતાં ભારે દુ:ખ અને શોકની લાગણી વ્યાપી ગઈ છે.

મળતી માહિતી મુજબ, બંને બાળકો ગઈકાલે રાતે પોતાના ઘરેથી અચાનક નીકળી ગયા હતા. પરિવારજનોએ તેમની શોધખોળ શરૂ કરી હતી, અને નાગરિકોને પણ અપીલ કરી હતી, પરંતુ કોઈ માહિતી મળી નહોતી.

દરમિયાન આજે સવારે પાછળા તળાવ વિસ્તારમાં શોધખોળ દરમિયાન બંને બાળકોના મૃતદેહો નજરે ચઢતાં તાત્કાલિક ફાયર બ્રિગેડને જાણ કરવામાં આવી હતી.

ફાયર બ્રિગેડની ટીમે સ્થળ પર પહોંચી ભારે મહેનત બાદ બંને મૃતદેહોને પાણીમાંથી બહાર કાઢ્યા હતા. બનાવની જાણ થતાં જ સિટી એ. ડિવિઝન ની પોલીસ ટિમ પણ સ્થળ પર દોડી આવી હતી અને મૃતદેહોને કબજામાં લઈ આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ગુમ થનાર બંને બાળકોના પરિવારજનોને જાણકારી મળી હોવાથી તેઓ પણ તાત્કાલિક અસરથી સ્થળ પર પહોંચી ગયા હતા, અને બાળકોના મૃતદેહોને જોઈને બંને પરિવારના સભ્યોએ ભારે હૈયાફાટ રૂદન કર્યું હતું, અને વાતાવરણમાં ભારે ગમગીની ફેલાઈ હતી.

આ કરુણ બનાવથી બંને પરિવારોમાં ભારે આક્રંદ ફેલાયો છે, અને સમગ્ર વિસ્તારમાં શોકમય માહોલ સર્જાયો છે. સિટી એ. ડિવિઝન પોલીસ દ્વારા સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

વીરાયતનના પ્રણેતા અને પદ્મશ્રી આચાર્ય ચંદનાજી મહા સતી કાળધર્મ પામ્યા

ધીરગુરુદેવે ભાવપૂર્ણ ગુણાંજલિ અર્પણ કરી: સેવા અને શિક્ષણના પર્યાય સમાન પૂ.ચંદનાજીએ પૂનામાં અંતિમ શ્વાસ લીધા: કાલે અંતિમયાત્રા: બિહારથી કચ્છ સુધીના સેવાકીય સામ્રાજ્યમાં શોકનું મોજું

અબતક, રાજકોટ

વીરાયતન સંસ્થાના સ્થાપક, માનવસેવાના મસીહા અને ભારત સરકાર દ્વારા 'પદ્મશ્રી' એવોર્ડથી સન્માનિત પરમ પૂજ્ય મહાસાધ્વી આચાર્ય ચંદનાજી તારીખ ૨૨-૦૪-૨૦૨૬ના રોજ સવારે ૧૦:૧૫ કલાકે પૂના મુકામે ૮૯ વર્ષની વયે કાળધર્મ પામ્યા છે. તેમના નિધનના સમાચારથી સમગ્ર જૈન સમાજ અને સેવાકીય જગતમાં ઊંડો શોક વ્યાપી ગયો છે. એમ્બી વેલી ખાતે બિરાજિત પૂજ્ય શ્રી ધીરગુરુદેવે આ મહાન સેવાભાવી આત્માને યાદ કરી ભાવભરી ગુણાંજલિ અર્પણ કરી છે.

પૂનાના ચાસ્કમાન ગામે જન્મેલા શકુંતલાબેને માત્ર ૧૪ વર્ષની વયે પૂ. આનંદઋષિજી મહારાજ પાસેથી દીક્ષા અંગીકાર કરી સાધ્વી ચંદનાજી બન્યા હતા. ૧૨ વર્ષના કઠિન મૌન બાદ તેઓ પૂ. અમરમુનિજી મ.સા.ની પરંપરામાં જોડાયા અને જૈન શાસનના પ્રથમ મહિલા 'આચાર્ય' બનવાનું બહુમાન પ્રાપ્ત કર્યું. ૧૯૭૩માં બિહારના રાજગીરમાં 'વીરાયતન' સંસ્થાની સ્થાપના કરી તેમણે ''સેવા, શિક્ષા અને સાધના''નો ત્રિવેણી સંગમ રચ્યો હતો.

પૂ. તાઈમાએ નેત્ર રોગીઓની મફત સેવા, બિહાર અને કચ્છના ભૂકંપ બાદ પુનઃવસન તેમજ પાલીતાણા સહિતના વિસ્તારોમાં ૧૧ જેટલા વિદ્યામંદિરો અને વિદેશોમાં અનેક સેવા કેન્દ્રો દ્વારા હજારોના જીવનમાં ઉજાસ પાથર્યો હતો. તેમનો જીવનમંત્ર હતો કે ''જ્યાં જિનાલય હોય ત્યાં વિદ્યાલય હોવું અનિવાર્ય છે.'' વર્ષ ૨૦૨૨માં ભારત સરકાર દ્વારા તેમને સર્વોચ્ચ નાગરિક સન્માન 'પદ્મશ્રી' અર્પણ કરવામાં આવ્યું હતું. પૂ. તાઈમાની અંતિમયાત્રા તારીખ ૨૪-૦૪-૨૦૨૬ના રોજ વર્ધમાન પ્રતિષ્ઠાન, પૂનાથી નીકળશે. તેમના દેહવિલયથી શાસન અને સમાજે એક પ્રકાંડ વિદુષી અને કરુણામૂર્તિ ગુરુણી ગુમાવ્યા છે.

રાજકોટમાં દુષ્કર્મના ગુનામાં સંજય કણજારીયાને આજીવન કેદની

ભાઈને મારી નાખવાની ધમકી આપી સગીરાને હવસનો શિકાર બનાવી: વિકટીમકમ્પન્સેશન સ્કીમ હેઠળ ભોગ બનનારને રૂા.૭ લાખનું વળતર ચુકવવા હુકમ

અબતક, રાજકોટ

રાજકોટમાં રહેતી સગીરાને હવસખોર શખ્સે તેના ભાઈને મારી નાખવાની ધમકી આપી હવસનો શિકાર બનાવી હતી. જે પોકસો અને એટ્રોસીટી એકટના ગુનામાં સંડોવાયેલા આરોપી સામેનો કેસ ચાલી જતાં અદાલતે આરોપીને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સખ્ત સજા અને ભોગ બનનારને રૂા.૭ લાખનું વળતર ચુકવવા આદેશ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ, રાજકોટમાં રહેતા પરિવારની ૧૭ વર્ષની સગીરાને આલાપ ગ્રીન સિટી પાસે આવેલ આવાસ યોજનાના કવાર્ટરમાં રહેતાં સંજય ધર્મેન્દ્રભાઈ કણજારીયા (ઉ.૩૨)એ સગીરા અનુસુચિત જાતીની હોવાનું જાણવા છતાં સગીરાના ભાઈને મારી નાખવાની ધમકી આપી સંજય કણજારીયાએ સગીરાને પોતાના ઘરે બોલાવી સગીરાની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. જે ઘટના અંગે સગીરાએ પોતાના પરિવારને આપવિતી વર્ણવતાં સગીરાની માતાએ યુનિવર્સિટી પોલીસ મથકમાં સંજય કણજારીયા વિરૂધ્ધ પોકસો અને એટ્રોસિટી એકટ હેઠળ ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ હવાલે કર્યો હતો. જે કેસમાં એસ.સી.એસ.ટી.સેલના મદદનીશ પોલીસ કમિશ્નર એસ.ડી.પટેલ દ્વારા કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવ્યું હતું. ચાર્જશીટ બાદ કેસ સ્પે.પોકસો કોર્ટમાં ચાલવા ઉપર આવતાં ફરિયાદ પક્ષે કુલ ૧૮ સાહેદો તપાસીને ૧૬ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવ્યા હતાં. તેમજ સરકારી વકીલ પ્રશાંત પટેલે આ કેસના સાહેદો અને પંચોના પુરાવાઓની કડીઓ મેળવી કેસમાં દલીલ કરી હતી કે ભોગ બનનારની જુબાની મુજબ આરોપીએ ભોગ બનનાર અનુસુચિત જાતિના હોવાનું જાણવા છતાં ભોગ બનનારના ભાઈને મારી નાખવાની ધમકી આપી ભોગ બનનાર ઉપર દુષ્કર્મ આચર્યુ છે. જે કેસમાં ભોગ બનનારની જુબાની મુજબ મેડીકલ રિપોર્ટ પણ પોઝીટીવ આવ્યો છે. ભોગ બનનાર અને આરોપીની મેડીકલ તપાસ કરનાર ડોકટરે પ્રોસીકયુશનના કેસને સમર્થન આપેલ છે. ભોગબનનારની જન્મ નોંધણી કરનાર તલાટી મંત્રીની જુબાની મુજબ ભોગ બનનાર સગીર વયની હોવાનું સ્પષ્ટ થાય છે. સમાજ કલ્યાણ શાખાના નાયબ નિયામક જુબાની મુજબ ભોગ બનનાર અનુસુચિત જાતિના હોવાનું સાબિત થાય છે. સહિતની દલીલો અને રજુ કરેલા ઉચ્ચ અદાલતના ચુકાદાઓને ધ્યાને લઈ સ્પે.પોકસો કોર્ટના જજ વી.એ.રાણાએ પોકસો અને એટ્રોસીટી એકટના ગુનામાં આરોપી સંજય કણજારીયાને તકસીરવાન ઠેરવી આજીવન કેદની સજા અને રૂા.૨૦૦૦નો દંડ તેમજ ગુજરાત વિકટીમકમ્પન્સેશન સ્કીમ હેઠળ ભોગ બનનારને રૂા.૭ લાખનું વળતર ચુકવવા હુકમ કર્યો છે.આ કેસમાં સરકારી પક્ષે એ.પી.પી.પ્રશાંત પટેલ સહાયક તરીકે રાજન ટીંબા અને મુસ્કાન સમા રોકાયા હતાં.

જામનગર પેટ્રોલપંપ લૂંટ કેસનો ૨૭ વર્ષથી ફરાર આરોપી એમ.પી.થી ઝડપાયો

પેરોલ જમ્પ કરનાર ચિરાગ ઠાકરને દબોચ્યો

અબતક, જામનગર

જામનગર શહેરમાં વર્ષ ૧૯૯૯ દરમિયાન બનેલા પેટ્રોલપંપ લૂંટ કેસમાં ૨૭ વર્ષથી નાસતો ફરતો આરોપી જામનગર લોકલ ક્રાઈમ બ્રાંચ (એલ.સી.બી.) દ્વારા મધ્યપ્રદેશ રાજ્યના જાંબુઆ જિલ્લામાંથી પકડી પાડવામાં આવ્યો છે.

જામનગર શહેરના લાલપુર બાયપાસ નજીક આવેલ કિર્તિ પેટ્રોલપંપ ખાતે વર્ષ ૧૯૯૯માં લૂંટારુ ટોળકીએ ધાડ પાડી રૂપિયા ૧,૯૦,૦૦૦ ની લૂંટ ચલાવી હતી. આ ગુનાનો સૂત્રધાર બાબુ ઉર્ફે બાબી ભીમાભાઈ ડોડીયાર (મધ્યપ્રદેશ) છેલ્લા ૨૭ વર્ષથી પોતાની ઓળખ છુપાવી નાસતો ફરતો હતો.

ફરાર આરોપીને ઝડપી પાડવા માટે નાયબ પોલીસ મહાનિરીક્ષક (રાજકોટ રેન્જ), નિર્લિપ્ત રાય તથા જામનગર જિલ્લાના પોલીસ અધિક્ષક ડો.રવિ મોહન સૈનીના માર્ગદર્શન હેઠળ લોકલ ક્રાઈમ બ્રાંચને કાર્યવાહી કરવા સૂચનાઓ આપવામાં આવી હતી.

એલ.સી.બી.ની ટીમ દ્વારા ટેકનિકલ અને માનવીય સૂત્રોના આધારે સઘન તપાસ હાથ ધરવામાં આવી હતી. આરોપીના વતન ગામના લોકોના આધારકાર્ડ ડેટા અને મતદાર યાદીની તપાસ કરવામાં આવી હતી.

જે તપાસ દરમિયાન આરોપીની હાજરી અલગ-અલગ સમયગાળામાં હરિયાણા, રાજસ્થાન અને મધ્યપ્રદેશ રાજ્યમાં હોવાનું જાણવા મળતાં એલ.સી.બી.ની ટીમો ત્યાં મોકલવામાં આવી હતી. ચોક્કસ માહિતીના આધારે આરોપીને

મધ્યપ્રદેશ રાજ્યના જાંબુઆ જિલ્લામાંથી ઝડપી પાડવામાં આવ્યો છે.

પકડાયેલ આરોપી બાબુ ઉર્ફે બાબી ભીમાભાઈ ડોડીયાર અગાઉ દ્વારકા સ્થિત પ્રખ્યાત રૂક્ષ્મણી મંદિર ખાતે થયેલી લૂંટના કેસમાં પણ સંડોવાયેલ હતો.

જ્યારે ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદના સ્પેશિયલ ક્રિમિનલ એપ્લિકેશન (પેરોલ લીવ)ના આદેશ મુજબ પેરોલ રજા પર મુકત થયેલ રાજકોટ મધ્યસ્થ જેલનો કેદી ચિરાગ રાજેશભાઈ ઠાકર (રહે. હવાઈ ચોક, શ્રીજી એપાર્ટમેન્ટ, જામનગર) કે જેની ચીટીંગના ગુનામાં ધરપકડ કરીને રાજકોટની જેલમાં મોકલવામાં આવ્યો હતો જે પેરોલ જમ્પ કરી ફરાર થયો છે.

સેતાવાડ વિસ્તારમાં વંદે માતરમ નજીક બફ ટીકીટ કપડાની દુકાન ખાતે દરોડો પાડવામાં આવતાં આરોપી મળી આવ્યો હતો, જેને ઝડપી પાડી આગળની કાનૂની કાર્યવાહી માટે સિટી એ. ડિવિઝન પોલીસ સ્ટેશન, જામનગરને સોંપવામાં આવ્યો હતો, જેને ફરી રાજકોટ ની જેલમાં મોકલી આપ્યો છે.

વિશ્વ પુસ્તક દિન: પુસ્તક એજ જ્ઞાન, ચરિત્ર અને રાષ્ટ્ર નિર્માણની સાચી જડીબુટી

વાંચન દ્વારા સમાજ પરિવર્તનનો સંકલ્પ: પર્યાવરણ, સ્વદેશી અને નાગરિક કર્તવ્યના પુસ્તકો વચાવી રાષ્ટ્ર ઘડતર કરીએ: જયેશ સંઘાણી

અબતક, રાજકોટ

આજે જ્યારે સમગ્ર વિશ્વ 'વિશ્વ પુસ્તક દિન'ની ઉજવણી કરી રહ્યું છે, ત્યારે પુસ્તક દ્વારા સમાજ પરિવર્તનનો નારો બુલંદ કરવામાં આવ્યો છે. ૨૩મી એપ્રિલ એટલે વિશ્વના મહાન નાટ્યકાર વિલિયમ શેક્સપિયરનો જન્મદિવસ અને પુણ્યતિથિ. યુનેસ્કો દ્વારા શેક્સપિયર, કારવાનટીસ અને ઈન્કા ગારસીલાસો જેવા મહાન સાહિત્યકારોની સ્મૃતિમાં આ દિવસને 'વિશ્વ પુસ્તક દિન' તરીકે ઉજવવામાં આવે છે.

ગ્રંથાલય ભારતીના જયેશ સંઘાણીએ પુસ્તકનું મહત્વ સમજાવતા જણાવ્યું હતું કે, પુસ્તક વાંચનનો શોખ ધરાવતી વ્યક્તિ ક્યારેય હિંમત હારતી નથી. વાંચન એ જીવન જીવવાની જડીબુટી છે. જે વ્યક્તિ મનથી હારે છે તેનું તન નબળું પડે છે, પરંતુ સારા પુસ્તકો મન અને ચરિત્રને મજબૂત બનાવે છે. ઈલેક્ટ્રોનિક્સ અને સોશિયલ મીડિયાના યુગમાં જ્યારે હિંસા અને કુટુંબ પતનના સમાચારો વચ્ચે સંસ્કૃતિનું અધ:પતન થઈ રહ્યું છે, ત્યારે પુસ્તક જ સમાજને બચાવી શકે તેમ છે.ઈતિહાસના પાના ફેરવતા તેમણે ઉમેર્યું કે, મહાત્મા ગાંધીજીના જીવનમાં 'અન ટુ ધી લાસ્ટ' પુસ્તકે સંપૂર્ણ પરિવર્તન લાવી તેમને રાષ્ટ્રપિતા બનાવ્યા. બંધારણના ઘડવૈયા ડો. બાબાસાહેબ આંબેડકરે પોતાની અડધી જિંદગી લાઈબ્રેરીમાં વિતાવી હતી, જેના કારણે તેઓ અદ્ભુત જ્ઞાનશક્તિના સ્વામી બન્યા હતા. તેવી જ રીતે પ.પૂ. ગુરુજી ગોલવલકરજી અને સ્વામી વિવેકાનંદજીની ગજબની યાદશક્તિ પાછળ પણ તેમનો પુસ્તક પ્રેમ જ જવાબદાર હતો. વર્તમાન સમયમાં પરમ પૂજ્ય રત્નસુંદરસૂરીશ્વરજી મહારાજ પણ પોતાના સેંકડો પુસ્તકો દ્વારા સમાજ પરિવર્તનનું મોટું કાર્ય કરી રહ્યા છે.

આજના ઈ-બુક અને ઈ-રીડરના યુગમાં જ્ઞાન મેળવવું સરળ બન્યું છે, પરંતુ પુસ્તકની ભૌતિક હાજરી જે મિત્રતા, પવિત્રતા અને ચરિત્રતાનો અનુભવ કરાવે છે તે અજોડ છે. કોઈ પણ પ્રસંગે જો શ્રેષ્ઠ ભેટ આપવી હોય તો તે પુસ્તક છે. ચાલો, આજના દિવસે આપણે પર્યાવરણ, કુટુંબ પ્રબોધન, સ્વદેશી, સમરસતા અને નાગરિક કર્તવ્યના પુસ્તકો વધુમાં વધુ લોકો સુધી પહોંચાડીએ અને વાંચન દ્વારા રાષ્ટ્ર નિર્માણના કાર્યમાં સહભાગી બનીએ.

પટેલનગરમાં કારખાનામાંથી જુગારધામ ઝડપાયું

કારખાનેદાર સહિત છ પત્તા પ્રેમીને રૂ.૫૨ હજારની રોકડ સાથે ભક્તિનગર પોલીસે ઝડપી લીધા

અબતક રાજકોટ

પટેલ નગર શેરી નંબર ૦૫ માં સમન્વયે ડાયમંડ ની બાજુમાં આવેલા કોમ્પ્લેક્સમાં આવેલા કારખાનામાં ચાલતા જુગાર ધામ પર ભક્તિનગર પોલીસની ટીમે દરોડો પાડી, જુગાર રમતા છ શખ્સોને ઝડપી લઈ , જુગારના પટ્ટ માંથી રૂ.૫૨ હજારની રોકડ કબ્જે કરી છે.

ભક્તિનગર પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન તેઓને બાતમી મળી હતી કે , પટેલ નગર શેરી નંબર ૦૫માં સમન્વય ડાયમંડ ની બાજુમાં આવેલા કોમ્પ્લેક્સ માં ત્રીજા મળે કારખાનું ચલાવતો નિતીન સોરઠીયા તેના કારખાનામાં જુગારનો અખાડો ચલાવી રહ્યો છે. ભકિતનગર પોલીસની ટીમ પટેલ નગરમાં પહોંચી કારખાનામાં દરોડો પાડી, મવડી આવેલી બજરંગ સોસાયટીમાં રહેતો નીતિન રમેશભાઈ સોરઠીયા, બીડીપરા પાસે શ્રમજીવી સોસાયટી શેરી નંબર ૦૭ માં રહેતો અને સોફાનું કારખાનું ધરાવતો વિશાલ જગદીશભાઈ બેલદાર ,કોઠારીયા મેન રોડ પર આવેલી રામેશ્વર ગોલ્ડ સોસાયટીનો અંકિત જીતેન્દ્રભાઈ ખોખર ,કેવડા વળી નો રાકેશ રાજકુમાર રાવ, આજીડેમ ચોકડી પાસે આવેલા રામેશ્વર પાર્કમાં રહેતો હરેશ કાંતિલાલ વાઘેલા અને ગુલાબ નગર માં રહેતો ધર્મેશ વલ્લભભાઈ સાવલિયા નામના પત્તા પ્રેમીઓને ઝડપી લઈ, જુગારના પટમાંથી રૂ.૫૨ હજારની રોકડ કબ્જે કરી છે. આ દરોડાની કામગીરી ભક્તિનગર પી આઈ જયદીપસિંહ પરમારના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ જે જે ગોહિલ, હેડ કોન્સ્ટેબલ મયુર દાન બાટી, કોસ્ટેબલ નિલેશભાઈ મિયાત્રા ,રવિભાઈ ગઢવી, યુગરાજ સિંહ જાડેજા, યુવરાજસિંહ જાદવ અને પ્રકાશભાઈ મકવાણા સહિતના સ્ટાફે બજાવી છે.

(પહેલા પાનાનું ચાલું)

મતદાન...

૫૨ ચૂંટણી લડી રહેલાં ૪,૦૨૩ ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ કરશે. મતદાનની પ્રક્રિયા દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ના બને તેની તકેદારી રાખવા મતદાન કેન્દ્રો પર મોટી સંખ્યામાં પોલીસ બંદોબસ્ત સહિતની ચુસ્ત વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

બંગાળમાં આ તબક્કામાં આશરે ૩.૬૦ કરોડ મતદારો મતાધિકારનો ઉપયોગ કરશે. ચૂંટણી પંચે સુરક્ષા માટે કેન્દ્રીય દળોની ૨,૪૫૦ કંપનીઓ તૈનાત કરી છે. ૨૦૨૧ની ચૂંટણીમાં આ ૧૫૨ બેઠકોમાંથી ભાજપે ૫૯ અને તૃણમૂલ કોંગ્રેસે ૯૩ બેઠકો જીતી હતી. ઉત્તર બંગાળ ભાજપ માટે સત્તાનો પ્રવેશદ્વાર માનવામાં આવે છે, જ્યારે દક્ષિણ બંગાળમાં મમતા બેનર્જીની મજબૂત પકડ છે. ચૂંટણી પ્રક્રિયા દરમિયાન સૌથી મોટો વિવાદ મતદાર યાદીના સુધારાનો રહ્યો છે. રાજ્યભરમાંથી ૯૧ લાખથી વધુ નામો રદ કરવામાં આવ્યા છે, જેનાથી મતદારોની સંખ્યામાં ૧૨ ટકાનો ઘટાડો થયો છે.

ટ્રમ્પ કાર્ડ...

દરિયાઈ માર્ગો પર ટકેલો છે. આ નાકાબંધીને કારણે ઈરાનને દરરોજ આશરે ૩,૬૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. ખોરાક અને દવાઓની તીવ્ર અછત સર્જાય તેવી સ્થિતિ છે.ટ્રમ્પ માટે આ નાકાબંધી ઘરઆંગણે પણ ફાયદાકારક છે. 'વોર પાવર્સ રિઝોલ્યુશન' હેઠળ યુદ્ધ ચાલુ રાખવા માટે સંસદની મંજૂરી લેવી પડે તેમ હતી, પરંતુ નાકાબંધીને આર્થિક પ્રતિબંધોમાં ખપાવીને ટ્રમ્પે સંસદને બાયપાસ કરી દીધી છે. ઈરાન હંમેશા હોર્મુઝની સામુદ્રધુની બંધ કરવાની ધમકી આપીને ક્રૂડ ઓઈલના ભાવ વધારી દેતું હતું. હવે અમેરિકાએ સાબિત કરી દીધું છે કે તેની નૌકાદળ ઈરાનના કિનારા સુધી પહોંચીને તેને લાચાર બનાવી શકે છે.

જોકે, ઈરાને પણ આના જવાબમાં ગઈકાલે બે જહાજો જપ્ત કરીને વળતા પ્રહારના સંકેત આપ્યા છે. હવે જોવાનું એ રહેશે કે ટ્રમ્પનું આ 'ખુલજા સીમ સીમ' ઈરાનને વાટાઘાટોના ટેબલ પર લાવે છે કે પછી પશ્ચિમ એશિયામાં ભયાનક યુદ્ધની જ્વાળાઓ ભડકાવે છે.

નેટ...

ઈન્ટરનેટ ટ્રાફિક આ રૂટ પર છે. કેબલ કપાતા યુપીઆઈ, બેંકિંગ અને શેરબજારના વ્યવહારો ખોરવાઈ શકે છે. ભારતની ઈંઝ નિકાસ અને આઉટસોર્સિંગ સેવાઓ વૈશ્વિક કનેક્ટિવિટી તૂટવાને કારણે અટકી શકે છે.સામાન્ય યુઝર્સ માટે નેટ સ્પીડમાં ભારે ઘટાડો થશે અને કલાઉડ સર્વિસ જેમ કે ગૂગલ માઈક્રોસોફ્ટ વાપરવામાં મુશ્કેલી પડશે.અલ્કાટેલ અને મેટા જેવી કંપનીઓએ આ જોખમને કારણે પહેલેથી જ કામ અટકાવી દીધું છે.ભારતનો લગભગ ૧૭ થી ૩૦ ટકા ઈન્ટરનેટ ટ્રાફિક આ વિસ્તારમાંથી પસાર થાય છે. અત્યારે હાલત એ છે કે મેટા જેવી મોટી કંપનીઓએ આ વિસ્તારમાં નવા કેબલનું કામ અટકાવી દીધું છે અને કેબલ નાખનારા જહાજો પણ દરિયામાં અટવાયા છે.

ન્યુક્લિયર એનર્જી વેસ્ટ...

છે, ત્યારે ફિનલેન્ડનો આ પ્રોજેક્ટ લોકો અને પર્યાવરણને કિરણોત્સર્ગી કચરાથી સુરક્ષિત રાખવા માટે એક ઉત્તમ મોડેલ બની શકે છે. ૧૯૫૦ ના દાયકાથી, વિશ્વભરના પરમાણુ રિએક્ટરોએ વિશાળ માત્રામાં વપરાયેલું ઈંધણ ઉત્પન્ન કર્યું છે. વૈશ્વિક સ્તરે, આ કચરો આશરે ૪૦૦૦૦૦ ટન સુધી પહોંચી ગયો છે, જેમાંથી મોટાભાગનો હાલમાં કૂલિંગ પુલ અને ડ્રાય કાસ્ક જેવી કામચલાઉ સુવિધાઓમાં સંગ્રહિત છે. આ સિસ્ટમો સલામતી માટે ડિઝાઈન કરવામાં આવી છે, પરંતુ તે કાયમી ઉકેલ નથી. વપરાયેલું પરમાણુ બળતણ હજારો વર્ષો સુધી ખતરનાક રીતે કિરણોત્સર્ગી રહે છે અને તેમાંથી ગરમી અને રેડિયેશન બહાર આવતું રહે છે. તેનું સંચાલન કરવા માટે માનવ આયોજનની ક્ષિતિજથી ઘણી દૂર સુધીના ઉકેલોની જરૂર છે.

ફિનલેન્ડે ડીપ જિયોલોજિકલ રિપોઝીટરી (ઊંડી ભૌગોલિક સંગ્રહસ્થાન) નામનો કાયમી ઉકેલ શોધ્યો છે. ઓન્કાલો નામની આ સુવિધા જમીનની સપાટીથી લગભગ ૪૦૦ થી ૪૫૦ મીટર નીચે આશરે ૧.૯ અબજ વર્ષ જૂના ખડકોમાં આવેલી છે. તેની ડિઝાઈન મલ્ટી-લેયર્ડ સેફ્ટી એપ્રોચ પર આધારિત છે. વપરાયેલા બળતણને પહેલા મેટલ કેનિસ્ટરમાં સીલ કરવામાં આવે છે, જેને પછી કાટ ન લાગે તેવા તાંબાના કેપ્સ્યુલમાં બંધ કરવામાં આવે છે. આ કેપ્સ્યુલને બેન્ટોનાઈટ માટીથી ઘેરી લેવામાં આવે છે, જે ભીની થવા પર ફૂલે છે અને પાણીની હિલચાલને રોકવામાં મદદ કરે છે. આ સમગ્ર માળખું નક્કર ખડકની અંદર જડિત કરવામાં આવ્યું છે, જે કચરા અને જીવાવરણ વચ્ચે બહુવિધ અવરોધો બનાવે છે.

પરમાણુ કાર્યક્રમો ધરાવતા ઘણા દેશો હજુ પણ કાયમી કચરાના નિકાલની સુવિધાઓ બનાવી શક્યા નથી, જ્યારે ફિનલેન્ડની સફળતા રાષ્ટ્રીય નીતિ, આયોજન અને લોકોના વિશ્વાસનું પરિણામ છે. આ પ્લાન્ટમાં ફિનલેન્ડના ૬૫૦૦ ટન જેટલા વપરાયેલા ઈંધણને રાખવાની ક્ષમતા છે. જ્યારે આ જગ્યા સંપૂર્ણપણે ભરાઈ જશે, ત્યારે ટનલને સીલ કરી દેવામાં આવશે અને તેને કોઈ ખલેલ પહોંચાડી શકશે નહીં. આ સિસ્ટમ કોઈપણ જાળવણી વિના સ્વતંત્ર રીતે કામ કરશે અને કિરણોત્સર્ગી સામગ્રીને સુરક્ષિત રાખશે, જે ભવિષ્યમાં સ્વચ્છ ઊર્જા અને લાંબા ગાળાની સલામતી બંને એકસાથે સુનિશ્ચિત કરશે.

ખાતરના ભાવ...

થવાના કારણે સપ્લાયમાં મોટો વિક્ષેપ પડ્યો છે, જેના લીધે કેટલાક સ્થાનિક ઉત્પાદકોને ગયા મહિને તેમના પ્લાન્ટ બંધ કરવાની ફરજ પડી હતી. હાલમાં ભારતીય સત્તાધીશો ફોસ્ફેટિક અને નાઈટ્રોજનયુક્ત ખાતરોનો સીધો જથ્થો મેળવવા માટે મુખ્ય ઉત્પાદકો અને નિકાસકારો સાથે વાટાઘાટો કરી રહ્યા છે.

ભારત સરકાર દ્વારા ઊંચા ભાવે યુરિયા ખરીદવાના આ અહેવાલો અંગે ખાતર મંત્રાલયના પ્રવક્તાનો સંપર્ક કરવામાં આવ્યો હતો, પરંતુ તેમના તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર પ્રતિક્રિયા કે ઈમેલનો જવાબ આપવામાં આવ્યો નથી. સંવેદનશીલ વ્યાપારી માહિતી હોવાથી અધિકારીઓએ નામ ન આપવાની શરતે માહિતી પૂરી પાડી છે.

આઈટીઆર...

કુલ આવકના ૫૦% આવક તરીકે દર્શાવવાના હોય છે. જો નફો આનાથી ઓછો હોય તો કરદાતાએ ફરજિયાત એકાઉન્ટ્સનું ઓડિટ કરાવવું પડે છે.

ટેક્સ નિષ્ણાતોના મતે, આ નિર્ણય દર્શાવે છે કે આવકવેરા વિભાગ હવે એવા કરદાતાઓ પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે જેઓ ટેક્સ બચાવવા માટે વાસ્તવિક નફા કરતા ઓછો નફો દર્શાવીને પ્રિઝમ્પ્ટિવ ટેક્સ મિકેનિઝમનો દુરુપયોગ કરે છે. ટેક્સ નિષ્ણાત મુકેશ પટેલે જણાવ્યું હતું કે, આવકવેરા વિભાગ હવે વધુ સતર્ક બન્યું છે અને આ સ્કીમની જોગવાઈઓનો ખોટો ઉપયોગ કરીને થતી ટેક્સ ચોરી પકડવા માંગે છે.

મુકેશ પટેલે વધુમાં જણાવ્યું હતું કે, આ પ્રથમ વખત છે જ્યારે આવકવેરા વિભાગે પ્રિઝમ્પ્ટિવ ટેક્સ રિટર્નમાં ૩૧ માર્ચ ૨૦૨૬ સુધીની રોકાણ સંબંધિત વિગતો સીધી રીતે માંગી છે. આ રોકાણની ઘોષણા દ્વારા ટેક્સ અધિકારીઓ કરદાતાની જાહેર કરેલી આવક અને તેના રોકાણની પેટર્નની સરખામણી કરી શકશે. જેનાથી એવી બાબતો સરળતાથી પકડાશે જ્યાં રિપોર્ટ કરેલી કમાણી કરતા ખર્ચ અથવા સંપત્તિનું સર્જન અપ્રમાણસર હોય. આ ઉપરાંત, એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ પણ સત્તાવાળાઓને કરદાતાના રોકાણો અને આવકને ક્રોસ-ચેક કરવામાં મદદ કરશે.

નિષ્ણાતોના જણાવ્યા અનુસાર, જો કોઈ કરદાતા આવક છુપાવતા અથવા ખોટી માહિતી આપતા પકડાશે તો તેમને ભારે દંડ ભરવો પડશે. આવક ખોટી રીતે દર્શાવવા પર ચૂકવવાપાત્ર ટેક્સના ૨૦૦% જેટલો દંડ વસૂલવામાં આવી શકે છે. લાગુ પડતો ટેક્સ, સરચાર્જ અને સેસ મળીને કુલ ૩૯% થાય છે. આથી, મુકેશ પટેલના જણાવ્યા મુજબ એકવાર આવી અઘોષિત આવક પકડાયા પછી, ટેક્સ અને દંડનો કુલ બોજ ખોટી રીતે દર્શાવેલ આવકના ૧૧૭% જેટલો થઈ શકે છે.

દુ:ખદ અવસાન

સદ્ગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

રાજકોટ : મૂળ ચોટીલાવાળા હાલ રાજકોટ નિવાસી મોઢ વણિક વિનોદરાય દેવચંદભાઈ પારેખના પત્ની કોકિલાબેન (ઉં.વ.૭૩) તે દિપકભાઈ, રૂપાબેન મનોજકુમાર દોશી, અલ્પાબેન પરેશકુમાર વડોદરિયા, જાગૃતિબેન ચિરાગકુમાર શાહ, જુલીબેન કલ્પેશકુમાર ગાંધીના માતા, શિલ્પાબેનના સાસુ, માનસી, મહેક અને નેન્સી કિશન વડોદરિયાના દાદીમાંનું તા.૨૨ને બુધવારના રોજ અવસાન થયેલ છે. તેમનું બેસણું તા.૨૩ ને ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૬ કલાક દરમિયાન મોઢ વણિક વિદ્યાર્થી ભવન ૫, રજપુતપરા માલવિયા ચોક રાજકોટ ખાતે રાખેલ છે. પિયર પક્ષની સાદડી પણ સાથે જ રાખેલ છે.

રાજકોટ: સ્વ. હર્ષદભાઈ દયાળજીભાઈ ગોટેચા ઉ.વ. ૭૯ તે સ્વ. દયાળજીભાઈ અમરશીભાઈ ગોટેચા ના પુત્ર, તે ચિરાગભાઈ, દીપાબેન રીતેશભાઈ પારેખ, પુજાબેન પિયુષભાઈ ગોકાણી ના પિતા, બીનાબેન, પિયુષભાઈ હિતેશભાઈ ગોકાણી, સ્વ. રીતેશભાઈ અનીલભાઈ પારેખ, ના સસરા યાત્રીના દાદા, શુભમ રીતેશભાઈ પારેખ, જીયા પિયુષભાઈ ગોકાણીના નાના, મહેન્દ્રભાઈ જગદીશ સાડી, જીતેન્દ્રભાઈ ચિત્રનગરી, ઈન્દુબેન, જયોત્સનાબેન રાજવેદ, શોભનાબેન ગણાત્રા, સ્વ. હંસાબેન ખીરેયાના ભાઈ સ્વ. વજલાલભાઈ કોટકના જમાઈ, ચેતનભાઈ શીવલાલભાઈ ચતવાણી ના વેવાઈ નું તા- ૨૦-૦૪-૨૦૨૬ સોમવારના અવસાન થયેલ છે. સદગતની પ્રાર્થના સભા અને સશુર પક્ષની સાદડી તા.૨૪ શુક્રવાર ના સાંજે ૫થી૬ પંચનાથ મહાદેવ મંદીર લીમડા ચોક રાજકોટ ખાતે રાખેલ છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

સુરેન્દ્રનગરના લખતરના મફતિયાપરામાં રહીશોનું ચૂંટણી બહિષ્કારનું એલાન

૨૫ વર્ષથી રોડ-રસ્તા, પાણીની સુવિધા મળતી ન હોવાનો રોષ

અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગરના લખતર શહેરના મફતિયાપરા વિસ્તારમાં અનેક ગરીબ તેમજ મધ્યમ વર્ગના પરિવારો વર્ષોથી વસવાટ કરે છે પરંતુ તંત્ર દ્વારા આ વિસ્તારના રહીશોને રોડ, રસ્તા, પીવાનું પાણી, ગટર સહિતની પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં આવતી નથી. દરેક વખતે ચુંટણી ટાણે રાજકીય પક્ષો અને તેમના ઉમેદવારો મત માંગવા આ વિસ્તારમાં આવી અને મોટા મોટા વાયદાઓ કરે છે પરંતુ ચુંટણી જીતી ગયા બાદ ફરી કયારેય ચૂંટાયેલા હોદેદારો આ વિસ્તારમાં ડોકાતા પણ નહી હોવાનો સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો. અનેક વખત રજૂઆત બાદ પ્રાથમિક સુવિધાઓ અંગે કોઈ જ ઉકેલ નહી આવતા સ્થાનિક રહીશો અને આગેવાનોએ આગામી સ્થાનિક સ્વરાજ્યની ચુંટણીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લીધો છે. જેના ભાગરૂપે કોઈપણ રાજકીય પક્ષોએ મફતિયાપરા વિસ્તારમાં ચુંટણી પ્રચાર માટે આવવું નહી અને છેલ્લા ૨૫ વર્ષથી આ વિસ્તાર પ્રાથમિક સુવિધાઓથી વંચિત છે. તેવા બેનરો સાથે ઉગ્ર વિરોધ કર્યો હતો. સ્થાનિક સ્વરાજ્યની ચુંટણી પહેલા જ લખતરના મફતિયાપરા વિસ્તારમાં રહીશો દ્વારા ચુંટણીનો બહિષ્કાર કરતા સ્થાનિક રાજકારણમાં ગરમાવો વ્યાપી ગયો છે અને રાજકીય પક્ષોમાં પણ દોડધામ જોવા મળી છે.

ધોરાજીમાં મદ્રેસા-એ-મિસ્કીનીયા ટ્રસ્ટ દ્વારા હજ યાત્રીઓ માટે યોજાયો તાલીમી માર્ગદર્શન સેમિનાર

અબતક, રમણીક ટોપિયા, ધોરાજી

ધોરાજી-ઉપલેટા સહિતના આસપાસના વિસ્તારોમાંથી હજયાત્રાએ જનારા યાત્રાળુઓ માટે તાલીમી માર્ગદર્શન સેમિનાર યોજાયો હતો.

મદ્રસ-એ-મસ્કીનિયહ ટ્રસ્ટ બોર્ડ ધોરાજી તરફ થી શાહજી હોલ ખાતે 'હજજ તબિયત ઈજતેમા'નું આયોજન કરવામાં આવેલ હતું. જેમા ધોરાજી ત્થા ઉપલેટા શહેર માં હજજ પર જનાર હાજી ઓ હાજર રહયા હતા.

ઈજતેમા માં ટ્રેનર હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી પ્રેક્ટિકલ રીતે હજજ ના અરકાન-મસાઈલ-સફા/મરવાહ- આબે ઝમઝમ- હાજરી એ

હજયાત્રાની વિધિ અને વ્યવસ્થા અંગે ટ્રેનર અબ્દુર રહેમાન બરકાતીએ આપ્યું માર્ગદર્શન

મદીના સરળ રીતે સમજ આપી હતી.

ઈજતેમા સવાર ના નવ વાગ્યા થી સાંજે અસર ની નમાઝ સુધી ઈજતેમા આ દરમિયાન ઝોહર ની નમાઝ અને એ પછી ન્યાઝ શરીફ નો આયોજન રાખવામાં આવેલ હતું.

ઈજતેમા માં હજજ માટે ખાસ ઉપસ્થિત હાફિઝ અબ્દુર્રહીમ બરકાતી નું મદ્રેસા-એ-મીસકીનીયાહ ટ્રસ્ટ બોર્ડ તરફથી સન્માન કરવામાં આવેલ તેમજ હજજ માટે જનાર હાજી ઓ માટે વરસો થી સેવા આપનાર, હાજી ઓ ના ફોર્મ થી લગાવી તમામ બાબતો માં ખુબ મદદરૂપ થનાર ગુજરાત રાજય હજ કમિટી-ફિલ્ડ ટ્રેનર, રાજકોટ જિલ્લો ના ૧૭ વરસ થી સતત સેવા આપનાર હાજી યામીનભાઈ હાજી હમીદ ઝુનઝુનિયા ને તેમની અવિરત સેવા ના પ્રદાન રૂપે મદ્રેસા-એ-મીસકીનીયાહ ટ્રસ્ટ બોર્ડ તરફ થી સંસ્થા ના પ્રમુખ હાજી અફરોઝ હાજી હારુન લકડકુટા, અને સંસ્થા ના ટ્રસ્ટ ગણ, શિક્ષક-ગણ ત્થા ડો.અકીમ એ. ચામડીયા હસ્તે શાલ ઓઢાડી સન્માન પત્ર એનાયત કરવામાં આવેલ હતું.

કેમ્પ માં સંસ્થા ના ઈન્ચાર્જ પ્રિન્સીપાલ મુફ્તી નવાઝ મૌલાના, મુફ્તી મુનવવર રઝા, જનાબ સુફી, સૈયદ શકીલ મૌલાના સેક્રેટરી યાસીનભાઈ નુરાની, સંસ્થા ના વિધાર્થીઓ દ્વારા સુંદર વ્યવસ્થા રાખવામાં આવેલ હતી. પ્રમુખ હાજી અફરોઝ લકડકુટા, બાશીતભાઈ પાનવાલા, સીરાજભાઈ ધાયા, રફીકભાઈ તુમ્બી, હમીદભાઈ ગોડીલ, નોશાદભાઈ ગોડીલ દ્વારા આભાર વ્યક્ત કરેલ.

ગીર સોમનાથના મંડોર ગામની સરકારી પ્રાથમિક શાળાને અપાયો જિલ્લાની શ્રેષ્ઠ શાળાનું પ્રથમ પુરસ્કાર

શ્રેષ્ઠ શિક્ષણ વ્યવસ્થા શિક્ષણ કાર્ય સાથે મંડોરની પ્રાથમિક શાળામાં ભણી અનેક વિદ્યાર્થીઓએ બનાવી છે શ્રેષ્ઠ કારકિર્દીની તવારીખ

અબતક, અતુલ કોટેચા, વેરાવળ

સમાજમાં બાળકોને શ્રેષ્ઠ શિક્ષણ માટે વાલીઓમાં સતત જાગૃતિ વધતી જાય છે ત્યારે ખાનગી શાળામાં ભણાવવાના ક્રેઝ વચ્ચે ગીર સોમનાથ જિલ્લાના વેરાવળના મંડોર ગામની પ્રાથમિક સરકારી શાળા તેમની સરસ કામગીરીથી જિલ્લાની શ્રેષ્ઠ શાળાનો પ્રથમ એવોર્ડ પ્રાપ્ત કરી તેની શ્રેષ્ઠતા પૂરવાર કરવામાં સફળ રહી છે.

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ તાલુકાના મંડોર ગામની સરકારી પ્રાથમિક શાળાએ તેની ઉત્કૃષ્ટ કામગીરી બદલ જિલ્લા કક્ષાએ અને તાલુકા કક્ષાએ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કર્યા છે. શાળાની સ્વચ્છતા, હરિયાળી, પાણીની સુવિધા, બાળકોનું આરોગ્ય, સલામતી અને વર્તન પરિવર્તન સહિતની બાબતોમાં સક્ષમ શાળા કાર્યક્રમ અંતર્ગત આ સિદ્ધિઓ હાંસલ થઈ છે.

શાળાને 'સક્ષમ શાળા કાર્યક્રમ' હેઠળ 'ઈન્ક્લુઝન' સબ-કેટેગરીમાં જિલ્લા કક્ષાએ પ્રથમ ક્રમાંક મળ્યો છે. આ ઉપરાંત, 'બિહેવિયર ચેન્જ એન્ડ કેપેસિટી બિલ્ડિંગ' સબ-કેટેગરીમાં તાલુકા કક્ષાએ પણ પ્રથમ ક્રમાંક પ્રાપ્ત થયો છે. આ સિદ્ધિ બદલ જિલ્લા પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, ગીર સોમનાથ દ્વારા મંડોર સરકારી પ્રાથમિક શાળાને શિલ્ડ પુરસ્કાર અને પ્રશસ્તિ પત્ર એનાયત કરીને પ્રોત્સાહિત કરવામાં આવી હતી.

આચાર્ય પરબતભાઈ બારડ દ્વારા સર્વેનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. મંડોર સરકારી પ્રાથમિક શાળા દર વર્ષે ઉત્કૃષ્ટ કામગીરી બદલ સરકાર દ્વારા વિવિધ મંચ પરથી નોંધ લેવાય છે. તાજેતરમાં જ શાળાના આચાર્ય પરબતભાઈ બારડને તાલુકામાં શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો પુરસ્કાર મળ્યો છે. તેવી જ રીતે, જ્ઞેછરાષ્ટ્રીય કામગીરીમાં વેરાવળ તાલુકામાં સૌપ્રથમ કામગીરી પૂર્ણ કરવા બદલ આચાર્ય પરબતભાઈ બારડ અને શિક્ષક વિજયભાઈ વાળા બંનેને પ્રાંત અધિકારી દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.

શાળાના અનેક વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રોમાં સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. એનએમએમએસ જવાહર નવોદય અને અનેક શિષ્યવૃત્તિ તેમજ વિશેષ કાર્યક્રમોમાં શાળાના વિદ્યાર્થીઓ દર વર્ષે નોંધનીય સ્થાન પ્રાપ્ત કરે છે. તાજેતરમાં જ એનએમએમએસ પરીક્ષામાં શાળાના વિદ્યાર્થી ભાલિયા મોઈન મયુદીનભાઈએ મેરિટમાં ક્રમાંક પ્રાપ્ત કર્યો છે. દર વર્ષે શાળામાંથી વિદ્યાર્થીઓ અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ પરિણામ લાવે છે અને દેશ-વિદેશમાં ઉચ્ચ પદો પર પહોંચ્યા છે.

શાળામાં વિશાળ, સુંદર અને સુઘડ વર્ગખંડો, સ્માર્ટ ક્લાસ, બાળકોના રમતગમત માટે વિશાળ મેદાન અને સાધનો, સુંદર બગીચો, પુસ્તકાલય, કમ્પ્યુટર લેબ, સીસીટીવી, મધ્યાહન ભોજન, અનેક શિષ્યવૃત્તિઓ અને સરકારી યોજનાઓના લાભ જેવી સુવિધાઓ ઉપલબ્ધ છે. આ સુવિધાઓ મોટા શહેરની ખાનગી શાળાઓને ટક્કર આપે તેવી હોવાથી, મંડોર સરકારી શાળાની ખ્યાતિ આસપાસના વિસ્તારમાં પ્રસરેલી છે અને ખાનગી શાળાના વિદ્યાર્થીઓ પણ અહીં આકર્ષાયને ભણવા આવે છે.

સુરેન્દ્રનગરમાં ત્રણ બંગલા રોડ પરના ખાડામાં પથ્થરાના બુરાણથી વાહન ચાલકોની વધી મુશ્કેલી

મનપા દ્વારા રસ્તાનું યોગ્ય સમારકામ થતુ ન હોવાની રાવ

અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર

સુરેન્દ્રનગર મહાનગરપાલિકા દ્વારા લાખો રૂપિયાના ખર્ચે રસ્તાઓ તદન નવા બનાવવામા આવ્યા છે પરંતુ અમુક રસ્તાઓ હજુ પણ ઉબડ ખાબડ હોવાથી વાહનચાલકો સહિત રાહદારીઓ ત્રસ્ત બની ચૂક્યા છે ત્યારે મનપા તંત્ર દ્વારા શહેરની મધ્યમાં પતરાવાળી ચોક થી પરમારના ત્રણ બંગલા સુધી નવો રોડ બનાવવાને બદલે ખાડામાં પથ્થરો નાખી બુરાણ કરતા સુવિધાને બદલે અગવડતા પડી રહી છે. તેમજ યોગ્ય રીતે બુરાણ કરવામાં નહીં આવતા રોડ પર પથ્થરો વેરવિખેર હાલતમાં આવી જતા અકસ્માત થવાનો પણ ભય સેવાઈ રહ્યો છે. તેમજ રાહદારીઓ અને સિનિયર સિટીઝનો તેમજ વૃદ્ધોને પણ પથ્થરોને કારણે હાલાકી તેમજ ઈજાઓ પહોંચવાની પણ શક્યતાઓ સેવાઈ રહી છે. આથી મનપા તંત્ર દ્વારા આ રસ્તા પરના પથ્થરો ઉપાડી યોગ્ય રીતે રસ્તો સાફ કરી અને વ્યવસ્થિત મટીરીયલ વડે રસ્તા પરના ખાડાઓનું બુરાણ કરવામાં આવે તેવી માંગ ઉઠવા પામી છે.

ચોટીલાના રાજપરાની સીમમાં ગેરકાયદે ધમધમતી કોરવેલની ખાણ ઝડપાઈ, વાહન સહિત ૩૩લાખનો મુદ્દામાલ જપ્ત

નાયબ કલેક્ટર એચ.ટી. મકવાણાની ટીમનું સરપ્રાઈઝ ચેકિંગ: ચાલુ ખાણ ઝડપી લેવાતા ખનીજ ચોરોમાં ફફડાટ

અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા

ચોટીલા પંથકમાં તંત્રને અંધારામાં રાખી ગેરકાયદે ખનન પ્રવૃત્તિ ની વ્યાપક ફરિયાદ વચ્ચે નાયબ કલેકટર એચડી મકવાણા અને ટીમ દ્વારા રાજપરા ની ઉત્તર દિશામાં આવેલ જંગલ વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન બપોરે ૫:૧૦વાગ્યાના સુમારે રાજપરા ની સીમમાં ગામથી એક કિલોમીટર દૂર વન વિભાગના સર્વે નંબર ૩૩૭ માં જેસીબી થી ,''તાસ''કોરવેલ ખનીજનું ગેરકાયદે ખનન ની પ્રવૃત્તિ ઝડપાઈ હતી.

નાયબ કલેકટર એચ.ટી મકવાણા ના માર્ગદર્શન હેઠળ ગેરકાયદે ખનન માટે ઉપયોગમાં લેવાયેલ જેસીબી અને ટ્રેક્ટર સહિત રૂપિયા ૩૩ લાખ મુદામાલ ઘટના સ્થળ પરથી જપત કરવામાં આવ્યો હતો અને વાહન માલિકો સામે ગુજરાત ખનીજ નિયમો ૨૦૧૭ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી ભરબપોરે ચાલતી ખનીજ ચોરીની પ્રવૃત્તિ પર કાર્યવાહી થી ખનીજ ચોર તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

રાષ્ટ્રીય સુરક્ષાની દ્રષ્ટિએ અતિ મહત્વના

ગીર સોમનાથ જિલ્લામાં પરવાનગી વિના ડ્રોન ઉડાડવા પર મુકાયો પ્રતિબંધ

સોમનાથ મંદિર, ભાલકા મંદિર, કોસ્ટ ગાર્ડ, બંદર, દિવાદાંડી, કોર્ટ, જિલ્લાના મોટા ઉદ્યોગો સહિત ૩૪૦ સ્થળો સંવેદનશીલ જાહેર

અબતક, અતુલ કોટેચા, વેરાવળ

રાષ્ટ્રીય સુરક્ષા માટે જરૂરી અને મહત્વના મનાતા ગીર સોમનાથ જિલ્લામાં સોમનાથ મંદિર સહિત ૩૪૦ સ્થળોને સંવેદનશીલ ગણી ૨૬ એપ્રિલથી ૬૦ દિવસ સુધી પરવાનગી વિના ડ્રોનના ઉપયોગ પર પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે.

ગીર સોમનાથ જિલ્લામાં અનેક પવિત્ર યાત્રાધામ સ્થળનો સમાવેશ થાય છે. તેમજ આ જિલ્લો લાંબો દરિયાકિનારો ધરાવતો હોવાથી સુરક્ષાની દ્રષ્ટિએ પણ અગત્યનો છે. જિલ્લામાં આવેલ ક્રિટિકલ સ્ટ્રેટેજિકલ મહત્વ ધરાવતા કુલ ૩૪ સ્થળોને ઈન્સ્ટોલેશન રેડ ઝોન/યેલો ઝોનમાં વિભાજિત કરવામાં આવ્યા છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેશ આલ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી આ તમામ સ્થળોએ પરવાનગી વગર ડ્રોનના ઉપયોગ પર પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો છે.

આ જાહેરનામા અનુસાર, જિલ્લાના રેડ ઝોન, ગ્રીન ઝોન અને યેલ્લો ઝોનમાં મૂકવામાં આવેલા કુલ ૩૪ સ્થળોએ સક્ષમ અધિકારીશ્રીની પરવાનગી વગર ડ્રોનનો ઉપયોગ ન થાય તે અનુસાર નિયંત્રણ મૂકવામાં આવ્યા છે.

આ સ્થળોમાં સોમનાથ મંદિર, ભાલકા મંદિર, સ્પેશ્યિલ બ્યૂરો ઓફિસ (સુત્રાપાડા), કોસ્ટગાર્ડ સ્ટેશન(વેરાવળ), વેરાવળ-તાલાલા-ઉના સબ જેલ, વેરાવળ-ઉના જિલ્લા ન્યાયાલય, કલેક્ટર ઓફિસ(ઈણાજ), જિલ્લા પોલીસવડાની કચેરી, વેરાવળ અને છારા બંદર, વેરાવળ-પ્રભાસપાટણ ૬૬ કે.વી. સબસ્ટેશન, કંસારી-ટિંબડી ૨૨૦ કે.વી. સબસ્ટેશન, ૧૩૨ કે.વી.સબસ્ટેશન તાલાલા, વેરાવળ રેલવે સ્ટેશન, બસ સ્ટેશન, સિવિલ હોસ્પિટલ, લાઈટ હાઉસ, માઈક્રોવેવ ટાવર, ઈન્ડિયન રેયોન ઉદ્યોગ, વોટર ટેન્ક, લોકોશેડ, તાલાળા હિરણ ડેમ-૨, નવાબંદર લાઈટ હાઉસ, માઈક્રોવેવ ટાવર ઉના, અંબુજા સિમેન્ટ કોડિનાર, સિદ્ધિ સિમેન્ટ સૂત્રાપાડા, જી.એચ.સી.એલ. સુત્રાપાડા, ઉના બ્રિજ નં.૩૪૦ સહિતના સ્થળનો સમાવેશ થાય છે.

આ જાહેરનામાનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ જાહેરનામું તા.૨૬ એપ્રિલથી દિન-૬૦ સુધી અમલમાં રહેશે.

ગોંડલમાં રાજકીય ઉલટફેર: મતદાનના ગણતરીના કલાકો પહેલા કોંગ્રેસના ઉમેદવારના કેસરિયા

અબતક, જીતેન્દ્ર આચાર્ય, ગોંડલ

ગોંડલ પંથકમા તડજોડ નાં રાજકારણ માં મોટો ભૂકંપ આવ્યો છે. ૧૫-કોલીથડ જિલ્લા પંચાયત બેઠકના કોંગ્રેસના સત્તાવાર ઉમેદવાર શૈલેષભાઈ મકવાણાએ છેલ્લી ઘડીએ કોંગ્રેસનો સાથ છોડી ભારતીય જનતા પાર્ટીનો ખેસ ધારણ કરી લેતા રાજકારણમાં ગરમાવો આવી ગયો છે.આવુ થવાથી ભાજપ નાં ઉમેદવાર સામતભાઈ બાંભવાની જીત આસાન બની છે.

રીબ ગામના નિવાસી અને કોલીથડ બેઠકના કોંગ્રેસ નાં ઉમેદવાર શૈલેષભાઈ મકવાણાએ રીબડા નાં રાજદીપસિંહ જાડેજા રીબડાની હાજરીમાં ભાજપમાં પ્રવેશ કર્યો હતો. આ તકે તેમણે જણાવ્યું હતું કે, ''ભાજપ સરકાર દ્વારા ૨૪-૨૪ ગામોમાં કરવામાં આવેલા વિકાસકામોથી પ્રભાવિત થઈને હું સ્વેચ્છાએ ભાજપમાં જોડાયો છું. મારા કાકા અને રાજદીપસિંહના માર્ગદર્શન હેઠળ મેં આ નિર્ણય લીધો છે.'' તેમણે વધુમાં સ્પષ્ટતા કરી હતી કે તેમના પર કોઈ પણ પ્રકારનું રાજકીય દબાણ નથી અને દબાણની વાતો માત્ર અફવા છે. તેમણે પોતાના તમામ સમર્થકો અને મતદારોને હવે ભાજપની તરફેણમાં મતદાન કરવા અપીલ કરી છે.

આ વેળા રાજદીપસિંહ જાડેજાએ કોંગ્રેસના ઉમેદવારનું ભાજપમાં સ્વાગત કરતા જણાવ્યું હતું કે, વિસ્તારના પ્રશ્નોના ઉકેલ માટે ભાજપ હંમેશા તત્પર રહ્યું છે.

ભાટીયા: કિશોર ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા રવિવારે નેત્રયજ્ઞ

અબતક, નેહુલલાલ, ભાટીયા

ભાટીયામાં યોજાશે તા.૨૬/૦૪ના રવિવારના રોજ ૧૨૯મો મોતીયાના ઓપરેશન સાથેનો વિનામુલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાશે. કિશોર ચેરીટેબલ ટ્રસ્ટ - ભાટીયાના આર્થિક સહયોગથી આયોજીત અને રણછોડદાસજી બાપુ ચેરીટેબલ(આંખની) હોસ્પીટલ-રાજકોટના નિષ્ણાંત ડોક્ટરની ટીમ દ્વારા આગામી તા.૨૬/૦૪ના રવીવારના રોજ મોતીયાના ઓપરેશન સાથે ૧૨૯માં વિનામૂલ્યે નેત્રનિદાન કેમ્પનું આયોજન ભાટીયા ખાતે સરકારી દવાખાના ખાતે સવારે ૯ થી ૧૧ દરમ્યાન કરવામાં આવ્યું છે.

જેમા આંખના દર્દીઓનુ નિદાન કરી જરૂરીયાતવાળા દર્દીઓને ટીપા આપવામા આવશે તથા મોતીયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને રણછોડદાસબાપુ હોસ્પીટલની બસ દ્વારા રાજકોટ લઈ જઈ, આધુનીક ફેકો મશીન દ્વારા ટાંકા વગરનુ ઓપરેશન કરી વિનામુલ્યે નેત્રમણી બેસાડી આપવામા આવશે તથા દર્દીઓને, રહેવા, જમવા, ચા-નાસ્તો, ચશ્મા, દવા-ટીપા તથા ઓપરેશનની તમામ સારવાર વિનામુલ્યે કરી કેમ્પના સ્થળે ભાટીયા ખાતે પરત મુકવામા આવશે. આ કેમ્પમા ચશ્માના નંબર કાઢી આપવામા આવશે નહી. માહીતી માટે મો.- ૯૪૨૭૪૨૦૧૧૧

ચોટીલાના ના.કલેકટર મકવાણા દ્વારા આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનોની કરી દફતર ચકાસણી સમીક્ષા

ચોટીલા ગ્રામ્ય વિસ્તારની કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ સંગીન રાખવા સંબંધિત પોલીસ કર્મચારીઓને સુચના

અબતક, રણજીતસિંહ ધાધલ, ચોટીલા

ચોટીલા તાલુકામાં કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિ સંગીન રીતે જળવાઈ રહે તે માટે ચોટીલા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, નાયબ કલેક્ટર એચટી મકવાણા એ થાનગઢ ના તરણેતર અને મૂળી ના સરા ગામની આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશનો ની સમીક્ષા કરી હતી. નાયબ કલેક્ટર એચટી મકવાણા એ બંને આઉટ પોસ્ટ પોલીસ સ્ટેશન ની મુલાકાત લઈ આઉટ પોલીસ સ્ટેશન નીચે કેટલા ગામો આવે છે,?, હથિયાર દારૂગોળાની સમીક્ષા, આઉટપોસ્ટ નીચે આવતા ગામો માં હથિયાર પરવાને દારનું રજીસ્ટર ચકાસણી, સમન્સ રજીસ્ટર ચકાસણી આવક જાવક રજીસ્ટર સહિતના દફતર ની સાથે સાથે પોલીસ આવાસ સ્થિતિની તપાસણી કરીને સંબંધિત પોલીસ ઈન્સ્પેક્ટરને યોગ્ય વ્યવસ્થા જાળવવાની સૂચના આપી હતી.

જૂનાગઢ ચૂંટણી સ્ટાફને ઓઆરએસ સાથેની હેલ્થ કીટથી કરાશે સજજ

તાલુકા કક્ષાએ ત્વરિત આરોગ્ય સેવાઓ આપવા માટે મોબાઈલ હેલ્થ ટીમ તૈનાત રહેશે

અબતક, દર્શન જોશી, જુનાગઢ

જૂનાગઢ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અંતર્ગત આગામી ૨૬ એપ્રિલના રોજ યોજાનાર મતદાન પ્રક્રિયાને ધ્યાને રાખી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આરોગ્ય વિષયક સઘન આયોજન કરવામાં આવ્યું છે. ચૂંટણી ફરજ પરના પોલિંગ સ્ટાફ માટે ખાસ હેલ્થ કીટ તૈયાર કરવામાં આવી છે, જેમાં જરૂરી દવાઓ અને ઓઆરએસ નો સમાવેશ થાય છે. ઉનાળાની ગરમીને જોતા કર્મચારીઓને કાર્યસ્થળ પર જ પ્રાથમિક તબીબી સુવિધા મળી રહે તે માટે આ વ્યવસ્થા કરવામાં આવી છે.

જિલ્લા ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ આરોગ્ય વિભાગ દ્વારા તાલુકા કક્ષાએ મોબાઈલ મેડિકલ ટીમ કાર્યરત રહેશે, જે કોઈપણ આકસ્મિક જરૂરિયાત સમયે તાત્કાલિક સેવાઓ પૂરી પાડશે. આ ઉપરાંત, જિલ્લાના તમામ રીસીવિંગ અને ડિસ્પેસિંગ સેન્ટરો ખાતે એમ્બ્યુલન્સ સુવિધા સાથેની મેડિકલ ટીમ તૈનાત રહેશે. મતદાનના દિવસે ૨૬ એપ્રિલ અને રવિવારે જિલ્લાના તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રો મતદારો અને કર્મચારીઓની સુવિધા માટે ચાલુ રહેશે. મતદાન પ્રક્રિયા પૂર્ણ થયા બાદ મતગણતરીના દિવસે પણ નિર્ધારિત કેન્દ્રો પર આરોગ્ય ટીમ ખડેપગે રહેશે.

અંજાર: સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અન્વયે દુધઈ વિસ્તારમાં પોલીસનું સઘન ફૂટ પેટ્રોલિંગ

અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ

સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અન્વયે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તેમજ લોકો ભયમુક્ત અને શાંતિમય વાતાવરણમાં મતદાન કરી શકે તે હેતુથી ૨૧ એપ્રિલના રોજ દુધઈ પોલીસ દ્વારા રેન્જ આઈજી ચિરાગ કોરડીયા તથા પૂર્વ કચ્છ પોલીસ વડા સાગર બાગમારના માર્ગદર્શન હેઠળ પી.આઈ. એન.બી. ડોડીયાના નેતૃત્વમાં હથિયારો જમા લેવા, અસામાજિક તત્વો પર નજર રાખવા, વાહન ચેકિંગ તેમજ ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું. દુધઈ પોલીસ દ્વારા નવી દુધઈ બજાર, જૂની દુધઈ બજાર, ધમડકા ગામ તેમજ ચકારમોરા વાંઢ વિસ્તારમાં ફૂટ પેટ્રોલિંગ કરીને લોકોને સુરક્ષા અંગે વિશ્વાસ આપવામાં આવ્યો હતો.

ઓછા રન છતાં રાજસ્થાન રોયલ્સનો લખનઉના જાયન્ટ્સ સામે ૪૦ રને વિજય

રાજસ્થાને પ્રથમ બેટિંગ કરતા ૧૫૯ રન બનાવ્યા, જવાબમાં લખનઉની ટીમ ૧૮ ઓવરમાં ૧૧૯ રનમાં ઓલઆઉટ થઈ ગઈ

બાપુનો ''વટ'': પૂરણને તો હું ખિસ્સામાં લઈને ફરૂ છું!!!

ભારતીય ટીમના સ્ટાર ઓલરાઉન્ડર રવિન્દ્ર જાડેજા પોતાની રમતની સાથે સાથે પોતાના આત્મવિશ્વાસ અને સ્પષ્ટવક્તા માટે પણ જાણીતા છે. તાજેતરમાં વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટ્સમેન નિકોલસ પૂરણ સામેના પોતાના શાનદાર રેકોર્ડ વિશે વાત કરતા જાડેજાએ એક મોટું નિવેદન આપ્યું છે.મેદાન પર જ્યારે પૂરણ બેટિંગ કરવા આવે છે, ત્યારે મને ખબર હોય છે કે તેને ક્યાં રોકવો. રમત ગમે તેટલી ઝડપી હોય, કંટ્રોલ મારા હાથમાં હોય છે.પૂરણને તો હું ખિસ્સામાં લઈને ફરૂ છું!!!

અબતક, રાજકોટ

આઈપીએલ ૨૦૨૬ માં લખનૌ સુપર જાયન્ટ્સની ખરાબ કિસ્મત અને ખરાબ ફોર્મ બંને સતત ચાલુ છે. સીઝનની ૩૨મી મેચમાં રાજસ્થાન રોયલ્સે લખનૌને તેના જ હોમ ગ્રાઉન્ડ પર ૪૦ રનથી કરારી હાર આપી છે. ઋષભ પંતે ટોસ જીતીને પહેલા બોલિંગ તો પસંદ કરી લીધી, પણ ૧૬૦ રનનો સામાન્ય ટાર્ગેટ ચેઝ કરવામાં તેની આખી ટીમ ૧૮ ઓવરમાં માત્ર ૧૧૯ રનમાં જ સમેટાઈ ગઈ. આ હાર સાથે લખનૌને સળંગ ચોથી હારનો સામનો કરવો પડ્યો છે અને તે પોઈન્ટ ટેબલમાં ૯મા નંબરે છે, જ્યારે શાનદાર જીત સાથે રાજસ્થાન રોયલ્સ હવે બીજા નંબરે પહોંચી ગયું છે.

લખનૌના બોલરો ખાસ કરીને મોહમ્મદ શમી અને મોહસીન ખાને કમાલ કરી હતી અને રાજસ્થાનની શરૂઆત ખૂબ જ ખરાબ રહી હતી. યશસ્વી જયસ્વાલે ૨૨ અને કેપ્ટન રિયાન પરાગે ૨૦ રન બનાવ્યા, જ્યારે વૈભવ સૂર્યવંશી (૮) અને ધ્રુવ જુરેલ (૦) સસ્તામાં આઉટ થઈ ગયા. એક સમયે ૭૭ રનમાં ૫ વિકેટ પડી ગઈ હતી, પરંતુ છઠ્ઠા નંબરે આવેલા રવિન્દ્ર જાડેજાએ સંકટમોચક બનીને ૨૯ બોલમાં અણનમ ૪૩ રન ફટકાર્યા. તેને છેલ્લે શુભમ દુબેનો સાથ મળ્યો અને રાજસ્થાને ૨૦ ઓવરમાં ૧૫૯/૬ નો ફાઈટિંગ સ્કોર ઊભો કર્યો. લખનૌ તરફથી પ્રિન્સ યાદવે પણ ૨ વિકેટ ઝડપી હતી.૧૬૦ રનનો ટાર્ગેટ આજના ટી૨૦ જમાનામાં બહુ મોટો નથી ગણાતો, પણ લખનૌની શરૂઆત એટલી ખરાબ હતી કે પહેલી ૩ ઓવરમાં જ ૩ વિકેટ પડી ગઈ. આયુષ બદોની (૦), કેપ્ટન ઋષભ પંત (૦) અને એડન માર્કરામ (૦) ખાતું ખોલાવ્યા વિના જ પેવેલિયન ભેગા થઈ ગયા. એક તરફથી ઓપનર મિશેલ માર્શે બાજી સંભાળી અને ૪૧ બોલમાં ૫૫ રન ફટકાર્યા, પણ સામે છેડેથી કોઈ સાથ ન મળ્યો. નિકોલસ પૂરને ૨૨ રનનું યોગદાન આપ્યું. એકાનાની પીચ ધીમી હતી અને બોલ ટર્ન થઈ રહ્યો હતો, જેના કારણે લખનૌના બેટ્સમેનો સેટ થઈ શક્યા નહીં અને રનરેટનું દબાણ વધતું ગયું.

ચહલને પાછળ રાખી જોફ્રાએ ઈતિહાસ સર્જ્યો

આઈપીએલના ઈતિહાસમાં અત્યાર સુધી યુઝવેન્દ્ર ચહલ પોતાની ચતુરાઈભરી બોલિંગથી વિકેટ લેવાના મામલે ટોચ પર હતો, પરંતુ હવે 'સ્પીડ ગન' જોફ્રા આર્ચર તેને પાછળ છોડી દીધો છે. આર્ચર હવે આઈપીએલના ઈતિહાસમાં સૌથી ઝડપી (ઓછા બોલમાં) નિર્ધારિત વિકેટોના આંકડા સુધી પહોંચનાર બોલર બની ગયો છે.યુઝવેન્દ્ર ચહલ વર્ષોથી પોતાની સાતત્યપૂર્ણ બોલિંગ માટે જાણીતો છે, પરંતુ આર્ચર તાજેતરની મેચમાં માત્ર ૩ ઓવરમાં ૪ વિકેટ ઝડપીને ચહલના આઈપીએલના એક ખાસ રેકોર્ડ પર કબજો જમાવી લીધો છે.

લખનઉના ''સુપર'' બેટ્સમેનો ''ડફોળ'' સાબિત થયા: પંત

રાજસ્થાન રોયલ્સ સામેની હાર બાદ લખનૌ સુપર જાયન્ટ્સના કેપ્ટન ઋષભ પંતે બેટ્સમેનોના પ્રદર્શન પર નિરાશા વ્યક્ત કરી હતી.પંતે સ્વીકાર્યું કે ૧૬૦ રનનો પીછો કરતા ટીમ ક્યારેય નિયંત્રણમાં દેખાઈ ન હતી. તેણે બેટિંગ યુનિટના પ્રદર્શનને નબળું ગણાવ્યું હતું.પંત પોતે પણ આ મેચમાં શૂન્ય રને આઉટ થયો હતો. તેણે સ્વીકાર્યું કે તેની વિકેટ પડવાની રીત ખોટી હતી અને તે પોતે પોતાની રમતથી નિરાશ હતો.પંતે જણાવ્યું કે ટીમ હજુ પણ શ્રેષ્ઠ કોમ્બિનેશન શોધવાનો પ્રયત્ન કરી રહી છે. તેણે કહ્યું કે હોમ ગ્રાઉન્ડ પર રમવાની રીત વિશે ટીમમાં સુધારાની જરૂર છે.

વાહ વૈભવ વાહ: સૌથી ઝડપી ૫૦૦ રન પુરા કરી સૂર્યવંશીએ ઈતિહાસ રચ્યો

આઈપીએલ ૨૦૨૬ ની ૩૨મી મેચમાં રાજસ્થાન રોયલ્સના માત્ર ૧૫ વર્ષના યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીએ ભલે કોઈ મોટી ઈનિંગ ન રમી હોય, પણ તેણે એક મોટો ઈતિહાસ રચી દીધો છે. લખનૌ સુપર જાયન્ટ્સ સામેની આ મેચમાં તે ભલે ૮ રન બનાવીને આઉટ થઈ ગયો, છતાં આ નાનકડી ઈનિંગની મદદથી તેણે ઓસ્ટ્રેલિયાના દિગ્ગજ ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલનો મોટો રેકોર્ડ તોડી નાખ્યો છે.

વૈભવ હવે આઈપીએલના ઈતિહાસમાં સૌથી ઝડપી (સૌથી ઓછા બોલ રમીને) ૫૦૦ રન પૂરા કરનારો પ્રથમ બેટ્સમેન બની ગયો છે. તેની આ શાનદાર સિદ્ધિથી મોટા મોટા અનુભવી બેટ્સમેનો પણ આશ્ચર્યમાં મુકાઈ ગયા છે.

બેટીંગની સાથે કીપીંગમાં પણ ઋષભે ''વાટ'' લગાવી

લખનૌ સુપર જાયન્ટ્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચેની તાજેતરની મેચ બાદ ઋષભ પંત ટીકાકારોના નિશાના પર છે. બેટિંગમાં નિષ્ફળતા બાદ કીપિંગમાં પણ પંતે કરેલી ભૂલોને કારણે સોશિયલ મીડિયા પર ચાહકો નારાજગી વ્યક્ત કરી રહ્યા છે.૧૬૦ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી લખનૌની ટીમને કેપ્ટન પાસેથી મોટી આશા હતી, પરંતુ પંત માત્ર ૩ બોલ રમીને ૦ રને પેવેલિયન પરત ફર્યો હતો. તેની આ વિકેટ પડતા જ લખનૌની મધ્યક્રમની બેટિંગ લથડાઈ ગઈ હતી.પંત વિકેટ પાછળ બોલ પકડવામાં અસમર્થ રહેતા વધારાના રન પણ ખર્ચાયા, જેનાથી બોલરો પર દબાણ વધ્યું.

આવી રીતે જય જલારામને ''બદનામ'' કરાય ?

નીટ-યુજીમાં ''બારોબાર'' માર્કસ મૂકવા મુદ્દે જય જલારામ ટ્રસ્ટના ચેરમેનને કેસમાંથી મુક્તિ ન મળી

વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઓએમઆર સીટ કોરી છોડવા માટે કહેવામાં આવ્યું હતું, જેથી પછીથી તેમાં સાચા જવાબો ભરી શકાય

અબતક અમદાવાદ

અમદાવાદની ગુજરાત હાઈકોર્ટે નીટ-યુજી ૨૦૨૪ પરીક્ષામાં થયેલી ગેરરીતિના મામલે મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે જય જલારામ એજ્યુકેશન ટ્રસ્ટના ચેરમેન દિક્ષિત પટેલને આ કેસમાંથી મુક્ત કરવાની ના પાડી દીધી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે તેમની વિરુદ્ધ પૂરતા પુરાવા અને શંકા છે, તેથી તેમની સામે ટ્રાયલ (કેસ) ચાલવો જરૂરી છે. આરોપ છે કે વિદ્યાર્થીઓને પરીક્ષામાં ઓએમઆર શીટ કોરી છોડવા માટે કહેવામાં આવ્યું હતું, જેથી પછીથી તેમાં સાચા જવાબો ભરી શકાય.

વિદ્યાર્થીઓ પાસે લાખો રૂપિયા ઉઘરાવીને તેમને મેડિકલમાં એડમિશન અપાવવાનું કૌભાંડ રચવામાં આવ્યું હતું. સીબીઆઈ મુજબ, દિક્ષિત પટેલ અને અન્ય આરોપીઓએ મળીને આ આખું આયોજન કર્યું હતું. વાલીઓ અને વિદ્યાર્થીઓ આવા શોર્ટકટ અથવા કૌભાંડોમાં ન ફસાય તે માટે આ સત્ય જાણવું ખૂબ જ જરૂરી છે. જ્યારે રેકોર્ડ પરના પુરાવાઓ આરોપી સામે ગંભીર શંકા પેદા કરતા હોય, ત્યારે કોર્ટ કેસ ચલાવવા માટે સંપૂર્ણ હકદાર છે.

પીએમ મોદી પર ''આતંકવાદી'' ટીપ્પણી બદલ ખડગેને નોટિસ

ખડગેએ સ્પષ્ટતા કરી છે કે તેમના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે અથવા તેનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો છે

અબતક રાજકોટ

કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ કરેલી એક વિવાદાસ્પદ ટિપ્પણીએ હવે કાયદાકીય અને રાજકીય સ્વરૂપ ધારણ કર્યું છે. આ નિવેદનને ગંભીર ગણીને ચૂંટણી પંચે મેદાનમાં ઉતરવું પડ્યું છે, જે દર્શાવે છે કે ચૂંટણીના જંગમાં માત્ર જનસમર્થન જ નહીં, પણ વાણી પરનો સંયમ પણ એટલો જ અનિવાર્ય છે.

ભાજપની ફરિયાદ બાદ ચૂંટણી પંચે કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેને કારણદર્શક નોટિસ ફટકારી છે. આ વિવાદ ખડગે દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે વપરાયેલા કથિત ''આતંકવાદી'' શબ્દને લઈને શરૂ થયો છે. મલ્લિકાર્જુન ખડગેએ પીએમ મોદી પર એક ટિપ્પણી કરી હતી, જેમાં 'આતંકવાદી' શબ્દનો પ્રયોગ થયો હોવાનો આરોપ છે.

ભાજપે આ અંગે ચૂંટણી પંચમાં ફરિયાદ કરી કે આ આચારસંહિતાનો ભંગ છે. ખડગેએ સ્પષ્ટતા કરી છે કે તેમના નિવેદનને ખોટી રીતે રજૂ કરવામાં આવ્યું છે અથવા તેનો ખોટો અર્થ કાઢવામાં આવ્યો છે. ચૂંટણી પંચે આ મામલે ખડગે પાસે જવાબ માંગ્યો છે, જેના કારણે ચૂંટણીના માહોલમાં રાજકીય ગરમાવો વધી ગયો છે.

ગૌ સેવાનો મહોત્સવ: કોઠારીયામાં કાલથી નવ દિવસીય ભવ્ય 'ગૌધામ શિવ કથા'નો પ્રારંભ

જય સરદાર ગૌશાળાના રજત જયંતી વર્ષ નિમિત્તે આયોજન; રાજભા ગઢવી અને અલ્પા પટેલ જેવા કલાકારો ભક્તિની રમઝટ બોલાવશે

તસવીરઃ શૈલેષ વાડોલિયા

અબતક, રાજકોટ

રાજકોટના આંગણે ગૌસેવા અને ભક્તિનો ત્રિવેણી સંગમ રચાવા જઈ રહ્યો છે. કોઠારીયા વિસ્તારમાં કાર્યરત 'જય સરદાર ગૌસેવા સમાજ ટ્રસ્ટ' દ્વારા સંસ્થાના ૨૫ વર્ષ પૂર્ણ થતા રજત જયંતી વર્ષની ઉજવણીના ભાગરૂપે આગામી ૨૩ એપ્રિલ ૨૦૨૬થી ભવ્ય 'ગૌધામ શિવ કથા' અને સાંસ્કૃતિક મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૦૦૦થી વધુ ગૌમાતાઓના લાભાર્થે યોજાનારા આ મહોત્સવને લઈને ગૌપ્રેમીઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

આ દિવ્ય મહોત્સવનો પ્રારંભ ૨૩મી એપ્રિલના રોજ સવારે ૮:૦૦ કલાકે પ્રગટેશ્વર મહાદેવ મંદિરથી નીકળનારી ભવ્ય પોથીયાત્રા સાથે થશે. નવ દિવસ સુધી ચાલનારી આ કથામાં દરરોજ બપોરે ૩:૦૦ થી ૬:૦૦ દરમિયાન શિવ મહિમા અને ગૌભક્તિનું રસપાન કરાવવામાં આવશે. કથા દરમિયાન શિવ-પાર્વતી વિવાહ જેવા પ્રસંગોની ધામધૂમથી ઉજવણી કરવામાં આવશે અને દરરોજ સાંજે ૬:૦૦ વાગ્યે તમામ ભક્તો માટે મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી છે.

ધાર્મિક કથાની સાથે મનોરંજન અને સંસ્કૃતિના સંગમ સમાન દરરોજ રાત્રે ૮:૦૦ કલાકે 'દિવ્ય ભક્તિ સંધ્યા' યોજાશે. જેમાં ગુજરાતના લોકપ્રિય કલાકારો રાજભા ગઢવી, અલ્પા પટેલ, યોગિતા પટેલ, હિતેશ અંટાળા અને શ્રુતિ પટેલ ગૌસેવા અર્થે પોતાની કલા પીરસશે. આ ઉપરાંત જયપુરની પ્રખ્યાત 'રામ દીવાના ટીમ' દ્વારા શિવ તાંડવ નૃત્યનું વિશેષ આકર્ષણ રહેશે.

ટ્રસ્ટના ચેરમેન ગોરધનભાઈ લક્કડ અને પ્રમુખ ડાયાભાઈ અકબરીના જણાવ્યા મુજબ, આ મહોત્સવનો મુખ્ય હેતુ ગૌસેવા અને ભારતીય સંસ્કૃતિનું જતન કરવાનો છે. આ ભગીરથ કાર્યમાં ખોડલધામ ટ્રસ્ટ (કાગવડ) અને સરદાર પટેલ સોશિયલ ગ્રુપ જેવી સંસ્થાઓ પણ સહભાગી બની છે. મવડી વિસ્તારના ૮૦ ફૂટ રોડ પર આવેલ અમૃત વાટિકા ગ્રાઉન્ડ ખાતે યોજાનારા આ કાર્યક્રમમાં પધારવા આયોજકો દ્વારા જાહેર જનતાને ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

ગાર્ડી વિદ્યાપીઠ ખાતે નર્સિંગના વિદ્યાર્થીઓ એ શપથ ગ્રહણ સમારોહમાં લેમ્પ લાઈટિંગ થકી સેવા પથ પર ડગ માંડ્યા

અબતક, રાજકોટ

રાજકોટની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા ગાર્ડી વિદ્યાપીઠ સંચાલિત શ્રી એચ. વી. મહેતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ નર્સિંગ દ્વારા બી.એસસી. નર્સિંગ અને જી.એન.એમ.ના પાંચમા બેચના વિદ્યાર્થીઓ માટે લેમ્પ લાઈટિંગ અને ઓથ ટેકિંગ સેરેમની (શપથ ગ્રહણ સમારોહ)નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓના વ્યાવસાયિક જીવનમાં પ્રવેશનું પ્રતીક બની રહ્યો હતો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પી.ડી.યુ. સિવિલ હોસ્પિટલ, રાજકોટના નર્સિંગ સુપ્રિટેન્ડેન્ટ નીરવ દુધરેજીયા અને પ્રકાશ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે જ રાજકોટ જિલ્લા પંચાયતના પબ્લિક હેલ્થ નર્સ આદરણીય રીટાબહેને પણ હાજરી આપી કાર્યક્રમની શોભા વધારી હતી. કાર્યક્રમ દરમિયાન નર્સિંગ વ્યવસાયની પવિત્ર પરંપરા મુજબ દીપ પ્રજ્વલન કરવામાં આવ્યું હતું અને વિદ્યાર્થીઓએ માનવતા તથા દર્દીઓની સેવા માટે નિષ્ઠાપૂર્વકના શપથ લીધા હતા.

ગાર્ડી વિદ્યાપીઠના ચેરમેન ડી. વી. મહેતાએ વિદ્યાર્થીઓને પ્રેરણા આપતા જણાવ્યું હતું કે, ''આજના સમયમાં આર્ટિ ફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) નો પ્રભાવ વધી રહ્યો છે, પરંતુ નર્સિંગ એક એવો વ્યવસાય છે જેમાં માનવીય સ્પર્શ અને સેવા ભાવનાની જરૂર હોય છે, જેનું મહત્વ ટેકનોલોજીના યુગમાં પણ ક્યારેય ઘટશે નહીં.''

નર્સિંગ ક્ષેત્રમાં AI ગમે તેટલું આવે, પણ માનવીય સંવેદના અને સેવાનું મહત્વ ક્યારેય નહીં ઘટે: ડી. વી. મહેતા

મેનેજિંગ ડાયરેક્ટર જય મહેતા અને પ્રિન્સિપાલ ડૉ. આશિષ ગૌતમે પણ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. મુખ્ય મહેમાનોએ નર્સિંગ ક્ષેત્રના નવા ટ્રેન્ડ્સ, આધુનિક ટેકનોલોજી અને નૈતિક મૂલ્યો વિશે ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં વિવિધ કોલેજના પ્રિન્સિપાલ્સ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા, જેના કારણે સમગ્ર વાતાવરણ ઉષ્માભર્યું અને પ્રેરણાદાયી બની રહ્યું હતું.

કોર્પોરેશનના તમામ ૧૬ વોર્ડમાં સમસ્યાઓનો ભરમાર: પ્રજામાં રોષ

▫ વિકાસના દાવાઓ વચ્ચે જામનગરની જનતા પ્રાથમિક સુવિધાઓ માટે વલખાં મારી રહી છે
▫ સ્માર્ટ સિટીના હોર્ડિંગ્સ તળે ગંદકીનું સામ્રાજ્ય; જામનગરના મતદારો હવે છેતરાવા તૈયાર નથી
▫ ચૂંટણી ટાણે વચનોની લ્હાણી અને જીત્યા પછી જનતાને મળે છે માત્ર ગંદકી અને દૂષિત પાણી

અબતક, જામનગર

જામનગર મહાનગરપાલિકાની ચૂંટણીના પડઘમ વાગી રહ્યા છે, ત્યારે શહેરના તમામ ૧૬ વોર્ડમાં વસતા નાગરિકોની મૂળભૂત સુવિધાઓ અને તેમની અપેક્ષાઓ જાણવા માટે એક ખાસ સર્વે હાથ ધરવામાં આવ્યો છે. આ સર્વે દરમિયાન જાણવા મળ્યું છે કે શહેરના અલગ-અલગ વિસ્તારોમાં સમસ્યાઓનું સ્વરૂપ જુદું જુદું છે. જૂના શહેરના વિસ્તારોમાં સાંકડી ગલીઓ, ઉભરાતી ગટર અને દૂષિત પાણીનો પ્રશ્ન વિકટ છે, જ્યારે નવા વિકસતા વિસ્તારોમાં હજુ સુધી પાકા રસ્તા અને સ્ટ્રીટ લાઈટ જેવી પ્રાથમિક સુવિધાઓ પણ પહોંચી નથી. સમગ્ર જામનગરની જનતા માટે રસ્તે રઝળતા ઢોર એક જીવલેણ સમસ્યા બની રહી છે. આ અહેવાલ આગામી ચૂંટણીમાં ઉમેદવારો અને રાજકીય પક્ષો માટે જનતાના વાસ્તવિક પ્રશ્નો સમજવા માટેનો અરીસો સાબિત થશે.

વોર્ડ નંબર - ૧
રહીશો નર્કાગાર જેવી સ્થિતિમાં જીવવા મજબૂર

વોર્ડ નંબર ૧ માં દૂષિત પાણી અને ગંદકીનો પ્રશ્ન ગંભીર બન્યો છે. અહીં પીવાના પાણીની પાઈપલાઈનમાં ગટરનું પાણી ભળી જવાથી વારંવાર કોલેરા અને અન્ય પાણીજન્ય રોગચાળો ફાટી નીકળે છે. તંત્ર દ્વારા માત્ર ઉપરછલ્લી કામગીરી કરવામાં આવતી હોવાથી નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સાંકડી ગલીઓમાં કચરા ગાડીના વાહનો ન પહોંચતા ઠેર-ઠેર ગંદકીના ઢગલા જોવા મળે છે. સફાઈ કામદારોની અનિયમિતતા પણ અહીંના રહીશો માટે મોટી માથાના દુખાવા સમાન છે. લોકો હવે આ સમસ્યાના કાયમી અને નક્કર ઉકેલની આશા સેવી રહ્યા છે. જૂની ગટર લાઈનો હવે આ વિસ્તારનો ભાર સહન કરી શકતી નથી. રાજકીય રીતે અહીં સત્તાધારી પક્ષ વિરુદ્ધના કોર્પોરેટરો હોવાથી વિકાસમાં અન્યાય થતો હોવાની લાગણી જનતામાં પ્રબળ બની રહી છે. આ વખતની ચૂંટણીમાં શુદ્ધ પાણી અને સફાઈ એ મુખ્ય મતદાનના મુદ્દા બની રહેશે તેવું સ્પષ્ટ દેખાય છે.

વોર્ડ નંબર - ૨
નાગરિકોના આરોગ્ય પર મોટું જોખમ

વોર્ડ નંબર ૨ ના રહેવાસીઓ વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટની અસહ્ય દુર્ગંધથી ત્રસ્ત થઈ ગયા છે. આ પ્લાન્ટમાંથી નીકળતી વાસના કારણે આસપાસના રહીશોના આરોગ્ય પર મોટું જોખમ તોડાઈ રહ્યું છે અને અનેક લોકો શ્વસનતંત્રની બીમારીઓનો ભોગ બની રહ્યા છે. આ મુદ્દે અનેક આંદોલનો થયા હોવા છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ અસરકારક પગલાં લેવામાં આવ્યા નથી. ઉપરાંત ચોમાસા દરમિયાન વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ન હોવાથી નીચાણવાળા વિસ્તારોમાં લોકોના ઘરોમાં પાણી ભરાઈ જવાની સમસ્યા કાયમી છે. રસ્તે રઝળતા ઢોરનો ત્રાસ પણ આ વિસ્તારમાં વ્યાપક જોવા મળે છે જે રાહદારીઓ માટે જોખમી છે. અંદરની શેરીઓમાં રોડ-રસ્તાની હાલત પણ અત્યંત બિસ્માર છે અને ધૂળની ડમરીઓ ઉડે છે. નાગરિકો હવે પ્લાન્ટના સ્થળાંતર અથવા નવી આધુનિક ટેકનોલોજીના અમલની માંગ કરી રહ્યા છે. વરસાદી પાણીના નિકાલ માટે નવી ગટર લાઈન નાખવી અનિવાર્ય બની ગઈ છે.

વોર્ડ નંબર - ૩
પ્રબુદ્ધ નાગરિકોમાં ભારે રોષ

વોર્ડ નંબર ૩ કે જે શહેરનો પ્રબુદ્ધ ગણાતો વિસ્તાર છે ત્યાં પાર્કિંગની સમસ્યા સૌથી વધુ વિકરાળ છે. અહીં મોટા પ્રમાણમાં કોમર્શિયલ બિલ્ડીંગો અને શોપિંગ સેન્ટરો આવેલા હોવા છતાં પાર્કિંગની કોઈ વ્યવસ્થા નથી. જેના કારણે વાહન ચાલકો શેરી ગલીઓમાં આડેધડ વાહનો પાર્ક કરે છે અને સ્થાનિક રહીશો સાથે વારંવાર ઝઘડાઓ થાય છે. રઝળતા ઢોરની સાથે સાથે અહીં રખડતા શ્વાનનો ત્રાસ પણ ખૂબ જ વધી ગયો છે. આ વિસ્તાર ભાજપનો ગઢ હોવા છતાં નાગરિકો પોતાના કોર્પોરેટરોને ઓળખતા નથી તેવી સ્થિતિ સર્જાઈ છે. પ્રતિનિધિઓની પ્રજા વચ્ચેની ગેરહાજરી એ લોકોમાં ચર્ચાનો વિષય બન્યો છે. બાગ-બગીચાઓની જાળવણીમાં પણ કોર્પોરેશન નિષ્ફળ ગયું હોય તેવું દેખાઈ રહ્યું છે. સ્ટ્રીટ લાઈટના ધાંધિયા અને રાત્રિના સમયે અંધારપટના કારણે ચોરીના બનાવોનો ભય રહે છે. જનતા હવે સક્રિય અને જવાબદાર પ્રતિનિધિત્વની અપેક્ષા રાખી રહી છે.

વોર્ડ નંબર - ૪
જનતા પાયાની સુવિધા માટે ત્રાહિમામ

વોર્ડ નંબર ૪ માં ભૂગર્ભ ગટર અને બિસ્માર રસ્તાઓ નાગરિકોની શાંતિ હણી રહ્યા છે. તાજેતરમાં કરવામાં આવેલા ડિમોલેશન બાદ નવા રોડ બનાવવાનું કામ લટકી પડ્યું છે જેના કારણે આખા વિસ્તારમાં ધૂળનું સામ્રાજ્ય છવાયેલું રહે છે. ગટરની લાઈનો જૂની હોવાથી વારંવાર ઉભરાય છે અને ગંદુ પાણી રસ્તા પર વહે છે જેનાથી લોકોમાં રોગચાળાનો ભય ફેલાયો છે. ચોમાસા દરમિયાન અહીં પાણી ભરાવાની ગંભીર સમસ્યા રહે છે અને લોકોની માલમિલકતને નુકસાન થાય છે. ચૂંટાયેલા સભ્યો વચ્ચેના આંતરિક વિવાદના કારણે વિકાસના કામો અટકી પડ્યા હોવાનો આક્ષેપ રહીશો કરી રહ્યા છે. ચૂંટણીમાં આ વણઉકેલ પ્રશ્નો રાજકીય પક્ષો માટે પડકારરૂપ સાબિત થશે.

વોર્ડ નંબર - ૫
શાંતિ અને સુરક્ષાના પ્રશ્નો વિકરાળ

વોર્ડ નંબર ૫ માં સુરક્ષા અને પાર્કિંગ એ મુખ્ય ચિંતાના વિષયો છે. રહેણાંક વિસ્તારોમાં કોમર્શિયલ એક્ટિવિટી વધતા પાર્કિંગનો પ્રશ્ન ગંભીર બન્યો છે અને સ્થાનિકોના ઘરના દરવાજા સુધી વાહનો પાર્ક થઈ જાય છે. આ ઉપરાંત જાહેર બગીચાઓ અને શાંત વિસ્તારોમાં અસામાજિક તત્વોનો જમાવડો જોવા મળે છે જે મહિલાઓ અને બાળકો માટે અસુરક્ષિત વાતાવરણ ઉભું કરે છે. રાત્રિના સમયે ઘોંઘાટીયા સાયલેન્સર ધરાવતા ઘૂમ બાઈકર્સની રંઝાડ પણ આ વિસ્તારમાં ખૂબ જ છે. પોલીસ પેટ્રોલિંગની માંગણી વારંવાર કરવામાં આવી હોવા છતાં કોઈ કાયમી ઉકેલ આવ્યો નથી. ભાજપના ગઢ ગણાતા આ વોર્ડમાં કેટલાક જ કોર્પોરેટરો સક્રિય હોવાની ફરિયાદ છે. લોકો હવે શાંતિ અને સુરક્ષિત વાતાવરણને પ્રાધાન્ય આપતા ઉમેદવારોને પસંદ કરવા માંગે છે.

વોર્ડ નંબર - ૬
નવી સોસાયટીઓ પણ સુવિધાઓ જૂની

વોર્ડ નંબર ૬ એ જામનગરનો સૌથી ઝડપથી વિકસતો વિસ્તાર છે પરંતુ અહીં સુવિધાઓનો ભારે અભાવ છે. નવી સોસાયટીઓ તો બની ગઈ છે પણ ત્યાં સુધી પાકા રસ્તા કે સ્ટ્રીટ લાઈટ હજુ પહોંચી નથી. ભૂગર્ભ ગટરના અધૂરા કામોના કારણે રસ્તાઓ પર ખાડાઓનું સામ્રાજ્ય છે જે ચોમાસામાં કાદવ-કીચડમાં ફેરવાઈ જાય છે. પાણીની પાઈપલાઈન પણ અનેક વિસ્તારોમાં નાખવામાં આવી નથી જેનાથી રહીશોને ટેન્કર પર નિર્ભર રહેવું પડે છે. આ વોર્ડમાં વિપક્ષના સભ્યો વધુ હોવાથી વિકાસમાં ભેદભાવ રાખવામાં આવતો હોવાનો આક્ષેપ લોકો કરી રહ્યા છે. ખોદકામ કરીને છોડી દેવાયેલા ખાડાઓ અકસ્માતને આમંત્રણ આપી રહ્યા છે. નાગરિકો ટેક્સ ભરી રહ્યા હોવા છતાં નરકાગાર જેવી સ્થિતિમાં રહેવા મજબૂર છે. જે ચૂંટણીમાં મોટો પ્રભાવ પાડશે.

વોર્ડ નંબર - ૭
કરોડોના રસ્તા પાણીમાં ગયા, ભ્રષ્ટાચાર અને ટ્રાફિક જામની સમસ્યાથી પ્રજા પરેશાન

વોર્ડ નંબર ૭ માં ભ્રષ્ટાચાર અને નબળી ગુણવત્તાના કામો મુખ્ય મુદ્દો છે. અહીં કરોડોના ખર્ચે બનેલા નવા સિમેન્ટ રોડ સામાન્ય વરસાદમાં જ તૂટી ગયા છે જેનાથી કોન્ટ્રાક્ટરો અને તંત્રની મિલીભગત સામે આવી છે. લોટ-પાણીને લાકડા જેવી કામગીરીથી જનતામાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે અને રોડ પર મારવામાં આવેલા ડામરના થીગડા લોકોની મજાક ઉડાવતા હોય તેવું લાગે છે. આ ઉપરાંત કોમર્શિયલ વિસ્તારોમાં પાર્કિંગની કોઈ જ વ્યવસ્થા નથી જેના કારણે મુખ્ય રસ્તાઓ પર ટ્રાફિકની વિકટ સમસ્યા સર્જાય છે. રઝળતા ઢોરનો પ્રશ્ન પણ અહીં એટલો જ ગંભીર છે રહીશો હવે ટકાઉ વિકાસ અને ભ્રષ્ટાચાર મુક્ત વહીવટની માંગ સાથે ચૂંટણીની રાહ જોઈ રહ્યા છે.

વોર્ડ નંબર - ૮
ગુજરી બજારની ભીડ લોકો માટે માથાનો દુઃખાવો

વોર્ડ નંબર ૮ માં પાર્કિંગ અને ગુજરી બજારના કારણે થતી ભીડ નાગરિકો માટે શીરદર્દ સમાન છે. રણજીત નગર જેવા વિસ્તારમાં બજારના દિવસે અવરજવર કરવી લગભગ અશક્ય બની જાય છે અને ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. આ વિસ્તાર ધારાસભ્યનો હોવા છતાં રઝળતા ઢોરનો પ્રશ્ન હજુ સુધી ઉકેલાયો નથી જે તંત્રની નિષ્ફળતા દર્શાવે છે. રોડ-રસ્તા તો નવા બન્યા છે પણ આડેધડ વાહનોના પાર્કિંગથી સોસાયટીના રહીશો પરેશાન છે.

વોર્ડ નંબર - ૯
સાંકડી ગલીઓ અને ઉભરાતી ગટરની કાયમી હાલાકી

વોર્ડ નંબર ૯ એ શહેરનો સૌથી ગીચ અને જૂનો વિસ્તાર છે જ્યાં જૂની ડ્રેનેજ સિસ્ટમ સંપૂર્ણપણે ફેઈલ ગઈ છે. સાંકડી પાઈપલાઈનો હોવાથી ગટર વારંવાર ઉભરાય છે અને ગંદુ પાણી વેપારીઓના ઓટલા સુધી પહોંચી જાય છે. ચાંદી બજાર અને રણજીત રોડ જેવા મુખ્ય બજારોમાં પાર્કિંગનો સદંતર અભાવ છે જેનાથી ગ્રાહકો અને વેપારીઓ બંને પરેશાન છે. સાંકડી ગલીઓમાં કચરા ગાડી ન પહોંચી શકતી હોવાથી લોકો રસ્તા પર કચરો નાખવા મજબૂર છે જેનાથી ગંદકી વધે છે. ભાજપનો ગઢ હોવા છતાં ઉભરાતી ગટરની સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ લાવી શકાયો નથી. જે ચૂંટણીમાં નિર્ણાયક બનશે.

વોર્ડ નંબર - ૧૦
સફાઈ વ્યવસ્થા સાવ ખાડે ગઈ

વોર્ડ નંબર ૧૦ માં વરસાદી પાણીનો ભરાવો અને પશુઓનો વ્યાપક ત્રાસ મુખ્ય પ્રશ્નો છે. નાગેશ્વર અને શાકમાર્કેટ પાછળના વિસ્તારોમાં દર વર્ષે ચોમાસામાં ઘરોમાં પાણી ભરાય છે અને લોકોએ રાહત કેમ્પમાં આશરો લેવો પડે છે. શાકમાર્કેટ હોવાથી અહીં રખડતા ઢોરનો ભારે જમાવડો રહે છે જેના કારણે હડફેટે ચડવાના કિસ્સાઓ વારંવાર બને છે. સફાઈનો અભાવ અને ગંદકીનું સામ્રાજ્ય આખા વોર્ડમાં જોવા મળે છે જેના કારણે મચ્છરોનો ઉપદ્રવ પણ વધુ છે. સાંકડી શેરીઓમાં સફાઈ કામગીરી થતી નથી અને કચરાના ઢગલાઓ રસ્તા પર જોવા મળે છે. ચૂંટણી સમયે આ પાયાના પ્રશ્નો નેતાઓ માટે માથાના દુખાવા સમાન બનશે.

વોર્ડ નંબર - ૧૧
પ્રજાના પ્રશ્નો સાંભળનાર કોઈ નથી

વોર્ડ નંબર ૧૧ માં વરસાદી પાણીના નિકાલની નબળી વ્યવસ્થા અને ચૂંટાયેલા પ્રતિનિધિઓની ઉદાસીનતા ચર્ચામાં છે. આ વિસ્તારમાં ચોમાસા દરમિયાન પાણી ભરાવાની ગંભીર સમસ્યા રહે છે છતાં કોઈ કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી. રિવરફ્રન્ટ પ્રોજેક્ટના નામે કરવામાં આવેલા ડિમોલેશનનો કાટમાળ હજુ પણ રસ્તા પર પડ્યો છે જે અકસ્માતને આમંત્રણ આપી રહ્યો છે. ૪ માંથી ૩ કોર્પોરેટરો ક્યારેય પ્રજા વચ્ચે દેખાતા નથી તેવી વ્યાપક ફરિયાદ રહીશોમાં જોવા મળી રહી છે. લોકો પોતાના પ્રશ્નો કોને રજૂ કરવા તે બાબતે મૂંઝવણ અનુભવી રહ્યા છે. સફાઈ અને રસ્તાઓની જાળવણીમાં પણ તંત્રની ઘોર બેદરકારી દેખાઈ આવે છે. જનતા હવે એવા પ્રતિનિધિઓની અપેક્ષા રાખી રહી છે જે માત્ર ચૂંટણી ટાણે જ નહીં પણ આખું વર્ષ તેમની વચ્ચે રહીને પ્રશ્નો ઉકેલે.

વોર્ડ નંબર - ૧૨
વિકાસના કામોમાં ભેદભાવનો આક્ષેપ

વોર્ડ નંબર ૧૨ એ વિપક્ષનો ગઢ ગણાય છે પરંતુ આ વિસ્તાર સુવિધાઓ માટે સતત ઝંખી રહ્યો છે. અહીં મુખ્યત્વે લઘુમતી વસ્તી હોવાથી વિકાસના કામોમાં અન્યાય કરવામાં આવતો હોવાનો આક્ષેપ રહીશો કરી રહ્યા છે. રોડ-રસ્તા, સ્ટ્રીટ લાઈટ અને સફાઈના પ્રશ્નો અહીં કાયમી છે. નવી સોસાયટીઓ વિસ્તરી રહી છે પણ ત્યાં પાણીની પાઈપલાઈન કે લાઈટના પોલ હજુ સુધી પહોંચ્યા નથી. વિપક્ષી નેતાઓ હોવા છતાં સત્તાધારી પક્ષ પાસેથી કામ કઢાવવામાં મુશ્કેલી પડતી હોય છે. જનતા હવે પક્ષને બદલે જે વિકાસ કરી શકે તેવા મજબૂત ઉમેદવારને મત આપવાના મૂડમાં છે.

વોર્ડ નંબર - ૧૩
શહેરના હાર્દ સમાન વિસ્તારમાં ટ્રાફિકની ગૂંગળામણ

વોર્ડ નંબર ૧૩ માં ટ્રાફિક જામ અને સાંકડા રસ્તાઓ લોકોની શાંતિ હણી રહ્યા છે. શહેરના મુખ્ય ગીચ વિસ્તારો અને બજારો આ વોર્ડમાં હોવા છતાં ટ્રાફિક વ્યવસ્થા સાવ ખાડે ગઈ છે. નવા બનેલા કોમર્શિયલ કોમ્પ્લેક્સમાં પાર્કિંગની જગ્યા રાખવામાં આવી નથી જેના કારણે વાહનો રસ્તા પર જ પાર્ક થાય છે. રઝળતા પશુઓની રંઝાડ પણ આ વિસ્તારમાં ખૂબ જ છે જેના કારણે વાહન ચાલકો અને રાહદારીઓ અકસ્માતનો ભોગ બને છે. સાંકડી ગલીઓમાં કચરા ગાડી ન પહોંચતા સફાઈનો પ્રશ્ન વિકટ બન્યો છે. જૂની ડ્રેનેજ લાઈન વારંવાર ચોક-અપ થઈ જતી હોવાથી ગટરના પાણી રસ્તા પર વહેતા રહે છે. વેપારીઓ અને રહીશો હવે રસ્તા કપાત અને પાર્કિંગની કાયમી વ્યવસ્થાની માંગણી કરી રહ્યા છે જેથી ટ્રાફિકમાંથી મુક્તિ મળી શકે.

વોર્ડ નંબર - ૧૪
જર્જરિત ડ્રેનેજ સિસ્ટમ અને પશુઓના ઝુંડ

વોર્ડ નંબર ૧૪ માં જૂની અને જર્જરિત ડ્રેનેજ સિસ્ટમ સૌથી મોટી સમસ્યા છે. શહેરના આ જૂના વિસ્તારમાં પાઈપલાઈનો બદલવાની કામગીરી વર્ષોથી અટકેલી છે જેના કારણે ગટરનું પાણી ઉભરાવાની સમસ્યા કાયમી છે. સાંકડી ગલીઓમાં મોટી કચરા ગાડીઓ જઈ શકતી ન હોવાથી સફાઈનો પ્રશ્ન ગંભીર છે. રખડતા ઢોરનો ત્રાસ પણ આ વિસ્તારમાં ખૂબ જ જોવા મળે છે અને પશુઓના લીધે રાહદારીઓને ચાલવામાં મુશ્કેલી પડે છે. સ્થાનિક લોકોનું કહેવું છે કે તંત્ર તાત્કાલિક પગલાં લે અને નવી ડ્રેનેજ પાઈપલાઈન તથા પશુઓ માટે અલગ વ્યવસ્થા કરે, જેથી વિસ્તારની સમસ્યાઓનો કાયમી ઉકેલ મળી શકે.

વોર્ડ નંબર - ૧૫
માંપાણીના ટાંકાનું લીકેજ અને ગંદકીનું સામ્રાજ્ય

વોર્ડ નંબર ૧૫ માં પાણીના ટાંકામાંથી થતું સતત લીકેજ અને ગંદકી મુખ્ય પ્રશ્નો છે. શંકર ટેકરી અને તેની આસપાસના વિસ્તારોમાં પાણીનો વેડફાટ થઈ રહ્યો છે અને રસ્તાઓ પર ગારો-કીચડ રહે છે. ગીચ વસ્તી ધરાવતા આ વિસ્તારમાં સફાઈ કામગીરી નહિવત જોવા મળે છે જેના કારણે રોગચાળો ફેલાવાનો ભય રહે છે. ઉભરાતી ગટર અને પીવાના પાણીની પાઈપલાઈન મિક્સ થવાના કિસ્સા પણ અહીં બને છે. કેટલાક વિસ્તારોમાં સત્તાધારી અને વિપક્ષ બંનેના કોર્પોરેટરો હોવા છતાં કામો અધૂરા રહી જાય છે. રખડતા ઢોરનો ત્રાસ અહીં પણ જનતાને પરેશાન કરી રહ્યો છે. પાણીના ટાંકાનું રિપેરિંગ અને ગલીઓની સફાઈ આ વિસ્તારના મુખ્ય મુદ્દા છે. જનતા હવે આ વણઉકેલ પ્રશ્નોનો કાયમી ઉકેલ લાવે તેવા પ્રતિનિધિની શોધમાં છે.

વોર્ડ નંબર - ૧૬
સ્માર્ટ સિટીના દાવાઓ વચ્ચે ધૂળિયા રસ્તાઃ પૂર્વ મેયરના વોર્ડમાં નવી સોસાયટીઓ સુવિધા વગરની

વોર્ડ નંબર ૧૬ માં નવા વિકસતા વિસ્તારો સુવિધાથી વંચિત છે. અહીં નવી સોસાયટીઓ બની ગઈ છે પણ હજુ સુધી પાકા રોડ, પાણીની પાઈપલાઈન કે ગટરની વ્યવસ્થા કરવામાં આવી નથી. રિંગ રોડ સિવાયની અંદરની ગલીઓમાં હજુ પણ ધૂળિયા રસ્તા છે જેના કારણે વાહનચાલકો પરેશાન થાય છે. મેયર સહિતના કોર્પોરેટરો આ વોર્ડમાં હોવા છતાં સ્થાનિક પ્રશ્નો ઉકેલવામાં ઉદાસીનતા દેખાઈ રહી છે તેવી લોકોની ફરિયાદ છે. રાત્રિના સમયે સ્ટ્રીટ લાઈટના અભાવે અંધારપટ રહે છે જે સુરક્ષાની દ્રષ્ટિએ જોખમી છે. સફાઈ કામદારો પણ અહીં નિયમિત આવતા નથી જેનાથી પ્લોટમાં કચરો જમા થાય છે.

ગુજસીટોક આરોપી પૂર્વ કોર્પોરેટર અલતાફ ખફી સામે મોટી કાર્યવાહી: ગેરકાયદે દબાણ જમીનદોસ્ત

ટિટોડીવાડીમાં ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ૧૨,૦૦૦ ચોરસ ફૂટ જેટલી જમીન પર બુલડોઝર ફેરવાયું, દબાણો દૂર કરાયા





અબતક, જામનગર

જામનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ વધુ મજબૂત કરવાના હેતુથી પોલીસ તંત્ર દ્વારા ગુનાહિત તત્વો સામે કડક કાર્યવાહીનો દોર શરૂ કરવામાં આવ્યો છે. આજે શહેરના ટિટોડીવાડી વિસ્તારમાં સિટી 'એ' ડિવિઝન પોલીસ દ્વારા ગુજસીટોકના આરોપીઓ સામે લાલ આંખ કરી અંદાજે ૧૨,૦૦૦ ચોરસ ફૂટ જેટલી જમીન પરનું ગેરકાયદેસર દબાણ હટાવી દેવામાં આવ્યું છે.

માહિતી અનુસાર, પૂર્વ કોર્પોરેટર અલતાફ ખફી અને તેની ગેંગ દ્વારા લાંબા સમયથી આ વિશાળ જમીન પર ગેરકાયદેસર કબ્જો જમાવવામાં આવ્યો હતો. આ બાબત પોલીસના ધ્યાને આવતા જામનગર શહેર વિભાગના ડિવાયએસપી જે.એન. ઝાલા અને સિટી 'એ' ડિવિઝનના પી.આઈ. વી.એમ. ડોડીયાની આગેવાનીમાં એક ખાસ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસની ટુકડીએ જેસીબી મશીનો સાથે સ્થળ પર પહોંચી ગેરકાયદેસર બાંધકામો તોડી પાડ્યા હતા.

આ સમગ્ર કામગીરી દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ દ્વારા લોખંડી બંદોબસ્ત તૈનાત કરવામાં આવ્યો હતો, જેના કારણે સમગ્ર પ્રક્રિયા શાંતિપૂર્ણ રીતે પૂર્ણ થઈ હતી. પોલીસ તંત્રએ આ તકે સ્પષ્ટ ચેતવણી આપી છે કે શહેરમાં ગુંડાગીરી, ભૂમાફિયાગીરી કે અન્ય કોઈપણ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિ ચલાવી લેવામાં આવશે નહીં અને આગામી દિવસોમાં પણ ગુનેગારો સામે આવી જ આકરી કાર્યવાહી ચાલુ રહેશે.

જામનગરમાં જામીનનો ભંગ કરનાર ત્રિપુટી ઝડપાઈ

સર્વેલન્સ ટીમની સતર્કથી આરોપીઓ ફરી કસ્ટડીમાં

અબતક, જામનગર

જામનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા તથા ગુનાહિત પ્રવૃત્તિઓ પર નિયંત્રણ માટે પોલીસ દ્વારા સતત સઘન કામગીરી હાથ ધરવામાં આવી રહી છે.

જામનગર સીટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં આરોપીઓ જામીન પર મુક્ત થયા હતા. પરંતુ જામીનની શરતોનો ભંગ કરીને તેઓ ફરી ગુનાહિત પ્રવૃત્તિમાં સંડોવાતા તેમની સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસ મહાનિરીક્ષક નીર્લીપ્ત રાય- રાજકોટ વિભાગના માર્ગદર્શન હેઠળ તથા જામનગર જિલ્લા પોલીસ વડા ડો. રવિ મોહન સૈની અને નાયબ પોલીસ અધિક્ષક જયવીરસિંહ એન. ઝાલાના સુચન મુજબ વારંવાર ગુનાઓમાં સંડોવાયેલા તત્વો સામે વિશેષ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જામનગર ના સીટી 'એ' ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર વી.એમ. ડોડીયા તથા પો.સબ ઈન્સ્પેક્ટર ડી.જી. રામાનુજના માર્ગદર્શન હેઠળ કાર્યવાહી આગળ ધપાવવામાં આવી હતી.

તપાસ દરમ્યાન હાર્દિક ઉર્ફે પાણી રાજેશભાઈ મકવાણા, ભાવીન રોહિતભાઈ પટણી અને રાહુલ

અશોકભાઈ રાઠોડે જામીનની શરતોનો ભંગ કરી તા. ૨૫/૦૨/૨૦૨૬ના રોજ ભોલેનાથ ડિસગોલા નજીક હથિયારો સાથે ફરીયાદીને ધમકી આપી ગાળો બોલી હતી. આ અંગે સીટી 'એ' ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નવા ગુનાની નોંધણી થતાં કોર્ટમાં જામીન રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, અને સત્ર ન્યાયાલય દ્વારા આરોપીઓને કસ્ટડીમાં લેવા હુકમ કરવામાં આવ્યો હતો. ત્રણેય આરોપીઓને ઝડપી પાડવામાં આવ્યા છે, અને હાલ તેઓને કોર્ટમાં રજુ કરવાની તજવીજ હાથ ધરવામાં આવી છે.

સોશિયલ મીડિયા પરની રીલ હવે ઉમેદવારના ખાતે ચડી જશે: ચૂંટણીપંચ

ચૂંટણી પ્રચારનો સોશિયલ મીડિયા પર ક્રેઝ વધતા ચૂંટણી આયોગનો નિર્ણય

અબતક, રાજકોટ

સ્થાનીક સ્વરાજ્યની ચૂંટણીમાં સોશિયલ મીડિયા પર પ્રચારનો ક્રેઝ વધતા ચૂંટણી આયોગ દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ચૂંટણી લડતા ઉમેદવારોએ સોશિયલ મીડિયાનો ખર્ચ પણ પોતાના ચૂંટણી ખર્ચમાં દેખાડવો પડશે. ઉમેદવારો સોશિયલ મીડિયા પર મતદાન આપવાની અપીલ કરતી રીલ મુકવામાં આવશે તો તેનો ખર્ચ પણ ઉમેદવારોના ખાતે ચડી જશે.

ચૂંટણી લડતા ઉમેદવારો માટે આ વખતે ચૂંટણી ખર્ચની મર્યાદામાં વધારો કરવામાં આવ્યો છે. દરમિયાન ચૂંટણી આયોગ દ્વારા એવો પણ નિર્ણય લેવામાં આવ્યો છે કે ચૂંટણી લડતા ઉમેદવારોએ હવે ચૂંટણી ખર્ચમાં સોશિયલ મીડિયા પર કરવામાં આવતો ખર્ચ પણ દર્શાવવો પડશે. આવો ખર્ચ સોશિયલ મીડિયા એડવર્ટાઈઝમેન્ટનો કરાયો છે તેવો ઉલ્લેખ કરાયો છે. ડિજિટલ પ્લેટફોર્મ પર થતા પ્રચાર પર રાજ્ય ચૂંટણી આયોગ બાજ નજર રાખશે. આવા ખર્ચ કુલ ખર્ચમાં ગણાશે. ચૂંટણી પંચના નવા નિયમથી ઉમેદવારોની મુશ્કેલીમાં વધારો થયો છે. આ નિર્ણયથી હવે ઉમેદવારોએ સોશિયલ મીડિયા પર આડેધડ પ્રચાર કરતા પૂર્વ ૧૦૦ વખત વિચાર કરવો પડશે. અત્રે ઉલ્લેખનીય છે કે મહાપાલિકાની ચૂંટણી લડતા ઉમેદવારોની ખર્ચ મર્યાદા ચૂંટણી પંચ દ્વારા ૯ લાખ રૂપિયા નિયત કરવામાં આવી છે. જ્યારે ૧ થી ૯ વોર્ડની પાલિકામાં ઉમેદવારના ચૂંટણી ખર્ચની મર્યાદા રૂ.૨.૨૫ લાખ, ૯ થી વધુ વોર્ડની પાલિકામાં ઉમેદવાર માટે ચૂંટણી ખર્ચની મર્યાદા રૂ.૩.૫૦, જિલ્લા પંચાયતના ઉમેદવાર માટે રૂ.૬ લાખ અને તાલુકા પંચાયતના ઉમેદવાર માટે ચૂંટણી ખર્ચની મર્યાદા રૂ.૩ લાખ નિયત કરવામાં આવી છે.

ચૂંટણી પંચ દ્વારા કન્ટ્રોલ રૂમના નંબરો જાહેર કરાયા

મતદાન મથક સહિતની માહિતી મતદારો આસાનીથી મળી રહેશે

સ્થાનિક સ્વરાજયની ચૂંટણી માટે આગામી રવિવારે યોજાનારા મતદાન માટે રાજય ચૂંટણી આયોગ દ્વારા કન્ટ્રોલ રૂમના નંબર જાહેર કરવામાં આવ્યા છે. જેના પર મતદારો પોતાના કોઈપણ સવાલો અંગે માહિતી મેળવી શકશે કોલસેન્ટર અંગે પણ માહિતી મળશે. આ હેલ્પલાઈન નંબર આગામી શનિવાર અને રવિવાર એમ બે દિવસ માટે કાર્યરત રહેશે. રાજયની ૧૫ મહાનગરપાલિકા, ૮૪ નગર પાલિકાઓ, ૩૪ જિલ્લા પંચાયત અને ૨૬૦ તાલુકા પંચાયતની સામાન્ય અને પેટા ચૂંટણીનું મતદાન યોજાવાનું છે. જેના માટે રાજય ચૂંટણી પંચ દ્વારા ચાર હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યા છે.

રાજય ચૂંટણી આયોગ દ્વારા ગાંધીનગર ખાતે કન્ટ્રોલ રૂમ શરૂ કરવામાં આવ્યો છે. જેના ચાર નંબર ૦૭૯ ૨૩૨ ૫૫૯૫૧, ૦૭૯ ૨૩૨ ૫૫૯૫૩, ૦૭૯ ૨૩૨ ૫૭૩૮૧ અને ૦૭૯ ૨૩૨ ૫૭૩૮૩ છે. જે આગામી શનીવાર અને રવિવારે ચાલુ રહેશે.

જય દ્વારકાધીશ: જગત મંદિરની આવક પાંચ વર્ષમાં બમણી

૨૦૨૧થી ૨૦૨૬ સુધી પાંચ વર્ષમાં રૂ.૧૦૧.૩૬ કરોડની આવક

અબતક, રાજકોટ

દ્વારકાના જગત મંદિરની આવક પાંચ વર્ષમાં બમણી થઈ ગઈ છે. વિશ્વભરના યાત્રિકો દ્વારકાધીશના દર્શનાર્થે આવી રહ્યા છે. યાત્રાધામ દ્વારકામાં આવેલા દ્વારકાધીશ જગતમંદિરની આવકમાં ગત પાંચ નાણાંકીય વર્ષોમાં ધરખમ વધારો થયો છે. મંદિરનું સંચાલન કરતી દેવસ્થાન સમિતિ દ્વારા છેલ્લાં પાંચ નાણાંકીય વર્ષોના જાહેર કરાયેલ આંકડાઓ અનુસાર વર્ષ ૨૦૨૧-૨૦૨૨ થી વર્ષ ૨૦૨૫-૨૬ સુધીના પાંચ વર્ષોમાં જગતમંદિરની આવક ૧૦૧ કરોડથી વધુની થઈ છે. વર્ષવાર આપેલ આંકડા અનુસાર વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧૩.૭૬ કરોડ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૧૯.૭૯ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૩.૭૮ કરોડ, વર્ષ ૨૦૨૪-૨૫માં ૨૧.૯૨ કરોડ તથા વર્ષ ૨૦૨૫-૨૬માં ૨૨.૦૪ કરોડ રૂપિયાથી વધુની આવક મળી કુલ પાંચ નાણાંકીય વર્ષ દરમ્યાન ૧૦૧.૩૦ કરોડ રૂપિયાથી વધુ આવક જગતમંદિરમાં નોંધાઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે પ્રવાસન ઉદ્યોગના વિકાસ સાથે સમગ્ર દ્વારકા ક્ષેત્રમાં ધાર્મિક યાત્રા માટે તીર્થયાત્રીઓ તેમજ શિવરાજપુર બીચ, સુદર્શન સેતુ સહિતના પર્યટન સ્થળોના વિકાસ સાથે સહેલાણીઓની સંખ્યામાં પણ સમગ્ર દ્વારકા દર્શન સર્કિટના સ્થળોમાં ઉત્તરોત્તર વધારો જોવા મળ્યો છે. દ્વારકા ક્ષેત્રમાં પ્રવાસનલક્ષી સુવિધામાં વધારો તેમજ કોરોના પછીની પરિસ્થિતિમાં યાત્રીકોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. સાથે જ સેલીબ્રીટીઝની મુલાકાતો પણ આ સમયગાળામાં સતત વધી છે.

જામનગર-વડોદરા ઈન્ટરસિટી રદ

ઓખા–ગુવાહાટી એક્સપ્રેસ આંશિક પરિવર્તીત રૂટ પર દોડશે

અબતક, રાજકોટ

પૂર્વ મધ્ય રેલવેના દાનાપુર ડિવિઝનના નેઉરા-જટ ડુમરી સેકશનમાં નોન-ઈન્ટરલોકિંગ કામગીરીના કારણે રાજકોટ ડિવિઝન પરથી પસાર થતી ઓખા-ગુવાહાટી સામાહિક એક્સપ્રેસ ટ્રેન આંશિક રીતે પરિવર્તિત માર્ગ પર ચલાવવામાં આવશે. રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, આવતીકાલે ૨૪ એપ્રિલ, ઓખાથી ઉપડનારી ટ્રેન સંખ્યા ૧૫૬૩૫ ઓખા-ગુવાહાટી સામાહિક એક્સપ્રેસ તેના આંશિક રીતે પરિવર્તિત માર્ગ વાયા પંડિત દીન દયાળ ઉપાધ્યાય જંક્શન-ગયા-જહાનાબાદ-પટના થઈને દોડશે. આ ટ્રેન બક્સર સ્ટેશન પર જશે નહીં.આ ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીનું આયોજન કરે. ટ્રેનોના સ્ટોપેજ, સંરચના અને સમયપત્રકની વિગતવાર માહિતી માટે મુસાફરો કૃપા કરીને www.enquiryindianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોની સુવિધાઓમાં વધારો કરવા અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત કરવાના ઉદ્દેશ્યથી, બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત ગેરતપુર-અમદાવાદ રેલખંડ પર પ્રીકાસ્ટ પોર્ટલ બીમ સ્થાપિત કરવા માટે જરૂરી કામગીરી પ્રસ્તાવિત છે. આ કાર્ય માટે બ્લોક લેવામાં આવશે, જેના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો પ્રભાવિત થશે. રાજકોટ ડિવિઝનના સીનિયર ડિવિઝનલ કોમર્શિયલ મેનેજર સુનિલ કુમાર મીનાના જણાવ્યા અનુસાર, ટ્રેન નંબર ૨૨૯૫૯ વડોદરા-જામનગર ઈન્ટરસિટી: આજે રદ રહેશે. ટ્રેન નંબર ૨૨૯૬૦ જામનગર-વડોદરા ઈન્ટરસિટી: આવતીકાલ રદ રહેશે.

રાજ્ય સરકારના ૨૭માંથી ૧૧ વિભાગના પ્રજાના "નોકરો" જવાબ આપવામાં ઉણા ઉતર્યા

સરકાર એક તરફ ડિજિટલ ઈન્ડિયા અને પારદર્શિતાની વાતો કરે છે, ત્યારે બીજી તરફ સરકારી વિભાગો પોતાની પાયાની વિગતો જાહેર કરવામાં પણ વામળા સાબિત થઈ રહ્યા છે

અબતક, રાજકોટ

સરકાર એક તરફ ડિજિટલ ઈન્ડિયા અને પારદર્શિતાની વાતો કરે છે, ત્યારે બીજી તરફ સરકારી વિભાગો પોતાની પાયાની વિગતો જાહેર કરવામાં પણ આનાકાની કરી રહ્યા છે, જે નાગરિકોના માહિતી મેળવવાના લોકશાહી અધિકાર પર તરાપ સમાન છે.રાજ્ય સરકારના ૨૭માંથી ૧૧ વિભાગના પ્રજાના ''નોકરો'' જવાબ દેવામાં ઉણા ઉતર્યા છે!સુપ્રીમ કોર્ટના કડક આદેશો અને રાજ્યના સામાન્ય વહીવટ વિભાગ દ્વારા વારંવાર પરિપત્રો બહાર પાડવા છતાં, ગુજરાતમાં માહિતી અધિકાર હેઠળની સેક્શન ૪(૧)(બી) એટલે કે 'પ્રોએક્ટિવ ડિસ્ક્લોઝર'ની અમલવારીમાં ઘોર બેદરકારી સામે આવી છે.રાજ્યના કુલ ૨૭ સરકારી વિભાગોમાંથી ૧૧ વિભાગોએ હજુ સુધી સર્ટિફિકેટ સબમિટ કર્યા નથી.રાજ્યમાં કુલ ૧૧,૮૮૩ જાહેર સત્તામંડળો છે, જેમાંથી માત્ર ૭૫ (૧% થી પણ ઓછા) એ જ પેડ સર્ટિફિકેટ જમા કરાવ્યા છે.ખુદ સામાન્ય વહીવટ વિભાગ , જે આ નિયમોના અમલીકરણ માટે જવાબદાર છે અને જેણે અત્યાર સુધીમાં ૧૭ પરિપત્રો બહાર પાડ્યા છે, તેણે પણ પોતાનું પ્રોએક્ટિવ ડિસ્ક્લોઝર અપડેટ કર્યું નથી.

આરટીઆઈ અરજદાર અલ્પેશ ભાવસારે જણાવ્યું હતું કે, આ માહિતી મેળવવા માટે પણ તેમણે ભારે સંઘર્ષ કરવો પડ્યો હતો. તેમને બે વખત અપીલ કરવી પડી અને બીજી અપીલ બાદ માહિતી કમિશનના હસ્તક્ષેપ પછી જ જીએડી એ ડેટા આપ્યો હતો. ૧૭ જુલાઈ, ૨૦૧૯ના પરિપત્ર મુજબ, તમામ જિલ્લા વડાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, બોર્ડ અને નિગમોએ સર્ટિફિકેટ જે-તે વિભાગને આપવાના હોય છે અને વિભાગે તે જીએડી ને સોંપવાના હોય છે.

પોઝિટીવ ન્યુઝ, ઈન્ફોર્મેટિવ ન્યુઝ

અબતક® સાંધ્ય દૈનિક

વાર્ષિક લવાજમ યોજના

૦૧-૦૫-૨૦૨૬ થી ૩૦-૦૪-૨૦૨૭

યોજના નં. ૧

લવાજમ ૩.૧૧૧૧/-

બ્રાન્ડેડ પરફ્યુમ અને ડીયોડ્રન્ટ

યોજના નં. ૨

લવાજમ ૩.૧૨૨૫/-

પ્રીમીયમ ૧ કિલો ચા

વિશેષ નોંધ:

(૧) લવાજમના સમય દરમિયાન અખબારી કિંમતમાં થનારો કોઈપણ પ્રકારનો વધારો લવાજમ ગ્રાહકોને લાગુ પડશે નહીં. (૨) લવાજમ ભરનાર ગ્રાહકોએ અબતકની છાપેલી કાચી પહોંચથી જ લવાજમ ભરવાનો આગ્રહ રાખવો, અનાધિકૃત કાચી પહોંચથી ભરેલ લવાજમની જવાબદારી અબતકની રહેશે નહીં. (૩) આ ઉપરાંત અબતકની લવાજમ પોલીસી મુજબ તમામ ચીજવસ્તુઓ શરતોને આધીન રહેશે.

લવાજમ ભરવાનું સ્થળ: અબતક મીડિયા હાઉસ, રાષ્ટ્રીયશાળા રોડ, રાજકોટ.

આજે જ સંપર્ક કરો : MO:- +91 70481 30001, 0281- 2461234